Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બરાસ કસ્તુરીની

વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર-બદરૂદીન હુસેનુદીન કોઠારી.

ઠે. ત્રણ દરવાજા-અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૪૦૦૦

સને ૧૯૨૩ સંવત ૧૯૭૯

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. વાડીલાલ નાથાલાલે છાપી રીચીરોડ—અમદાવાદ નં. ૧૧૬

કીમત ચાર આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બરાસ કસ્તુરીની વાર્તા.

શ્રી ગણેશાએ નમઃ શ્રી શારદાએ નમઃ

દોહરો.

શ્રી ગણપતી તુજને નમુ, શારદાને લાગુ પાય;
જો ઇષ્ટદેવ કરૂણા કરે, તો ગ્રંથ પુરણ થાય. ૧
અષ્ટ ભૈરવ તુજને નમું, નમું જુગત અંબાય;
સૌ કવીને કરૂં વીનતી, બ્રાહ્મણને લાગું પાય. ૨
કરગરૂ હું કરૂણા કરો, મુને કોઇ ન દેશો ખોડ;
તમ દાસ તણો હું દાસછું, માગું બેઉ કરજોડ, ૩

છપ્પો.

આદ્યશક્તિ તું અંબાય, રંગ સ્વરૂપે કાન્તિ;
દેત દુષ્ટને પરીતાપ, ભક્ત જનને હોય શાંતિ,
હંસ વાહની છે એજ, તેજ પ્રગટ તે તહારૂં;
તું જડ ચૈતનમાંહ, અવતરી ભક્તને સારૂં;
અરી ગંજન સુખ દુઃખ, દાવાદલ કાપી આપી રસ્વતી
શામળભટ કહે સૌએ મળી, શેવો સાચી સરસ્વતી.

ચોપાઇ—પુર્વદેશ રળીઆમણું ઠામ, કોશંબી નગરીનું ગામ; ચીત્રસેન તેનો રાજન, તેને પેટ નહોતું સંતાન. રાણી ઘરમાં પ્રભાવતી, તે પણ પુર્ણ શીરોમણી સતી; રાણી તેજ તણો અંબાર પણ પુત્રવિણ ઝુરે અપરંપાર, પ્રજા પાળે રૂડી રીત, પુત્ર જેવી રાખે છે પ્રીત; પ્રજા પામે અદકુ સુખ, સ્વપ્ન માંહે નહી તેને દુઃખ. ચુગલ ચાડીયા ને હરામખોર, તે ગામમાં મળે નહી કોઇ; કપટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઇના મનમાં જુઠી ચડે, ભુત વતાળ દ્રષ્ટે નવ પડે. વિયોગ કામ જાણે નહિ તેહ, સુખી છે સર્વ કોઇની દેહ; દંડની કોઇ ન જાણે વાત, દંડ એક સીપાઇને હાથ. એવું નિષ્કંટ છે રાજ, અસત્ય અન્યાય અંતરથી તાજ; પ્રજા પામે અદકુ સુખ, પણ પુત્ર નહિ તેનું બહુ દુ:ખ. હોમ યજ્ઞ તો કીધા ઘણા, દાન દીધાં એમાં શી મણા; એમ ઘણા ઉપાય કીધા સહી, પણ પુત્ર ફળ કાંઇ પામે નહી. પંડિતને પુછયું રાજન, કેમ પુત્ર થાયે ઉત્પન્ન, પંડિત એવી બોલ્યા વાણુ, જોઇએ શાસ્ત્ર વેદ પુરાણ. પાંચ લાખ ચિંતામણી કરો, તેથી પુત્ર પ્રગટશે ખરો. પારથીક કરાવે પાતીક જાય, પુત્ર ફળ ત્યારે તો થાય. રાજાએ તે માની વાત, પગે લાગ્યો જોડ્યા બે હાથ; તતક્ષણ રાજા હરખ્યો એહ. કહ્યા પ્રમાણે કીધું એહ. રાજા સુખ પામ્યો તે નેટ, ગર્ભ રહ્યો નારીને પેટ; ગર્ભવંતી તો રાણી થઇ, રાજાની તો ચીંતા ગઇ. ઘણું હરખીત તે મનમાં થયો, અશ્વે ચઢીને ભ્રગીયા ગયો; સાથે સકળ સૈન્ય પરવરી. ચોદશ સેવક રહ્યા તરવરી. દોહરા—જ્યારે સૈન્ય સહુ આવ્યું સહિ, ત્યારે રાજા બોલ્યા વાણુ; હવે અમે જાશું સહી. તમે પાછા વળો પ્રધાન. રાજા ચાલ્યો એકલો, જ્યાં મોટું જંગલ રાન; તે ઠેકાણે પરવર્યા ઘેર ગયો પ્રધાન, મધ્યાન કાળ પુર્ણ થયો, તાપે તન પીડાય; ત્રસા લાગી અતી ઘણી, તેથી જીવ તલપાપડ થાય. રાહ માર્ગ સુઝે નહિ. તે જંગલ મોટું જાણુ; ત્યાં એક કૌતક થયું, તે સંભળાવું કાન, એક અપછરા સ્વર્ગની, બેઠી કુંભ વિમાન; અંત્રીક્ષ માર્ગે જાયે સહી, તેનું નવજુગશા નામ. તેણે દીઠો રાયને, જંગલમાં ફરતો જાણુ; એતો રાજા ચિત્રસેન, એવું જોઇને બોલી વાણુ. જુહાર જુહાર તેણે કર્યો, રાજાને તેણી વાર; તે રાજા કાંઇ જાણે નહિ, ને ફરતો વન મોઝાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે જુહાર લીધો નહિ, તેણે વિચાર્યું મન; શ્રાપ દીધો તે રાયને, ક્રોધથી કહ્યાં વચન. તે રાજા મોટો રાજવી, છે નર ચતુર સુજાણ; જુહાર મારો લેતો નથી, એવડો શું અભિમાન એ બાવરો સરખો થઇ રહ્યો જાણે ચોટીઆએ દષ્ટ; મારો જુહાર મિથ્યા કર્યો, માટે એને દઉં કષ્ટ, ક્રોધ મારો રહેતો નથી, આજ જણાયું એનું પાપ; મારો જુહાર માન્યો નહિ, એવડું શું અભિમાન, તમ નારીનો વિજોગ થજો, એમ કહ્યું તે વાર. પણ ખબર રાયને નથી, જે ક્રોધે દીધો શ્રાપ; ત્યાંથી આગળ ચાલીયો સહી, આવ્યો પોતે રાય: તે નગર મધ્યે આવ્યો સહી, સામો આવ્યો પ્રધાન; વાજતે ગાજતે રાયજી, ગયા મંદીરમાં રાજન.

ચોપાઇ—અપસરાએ દીધો શ્રાપ, તે પોતે જાણી નહિ વાત; ગર્ભવંતી તે નારી જેહ, રાજા એઇને પામ્યો નેહ ક્ષત્રીલોકમાં એવો ધર્મ, તે રાયને સાંભળાવું મર્મ; ગર્ભવાળી નારી થાય જ્યારે સ્વામી તેને પુછે ત્યાહરે જેનું મન નારીને થાય, તેના સ્વામીને કહેતી હાય; માટે એમ પુછે રાજન, કહો સ્ત્રી તમ શેનું મન જો મારા મનની પુરો હામ; તો હું કહું કરો તે કામ; લોહીએ કરીને વાવ ભરાવ. તેમાં તું મુજને નવરાવ. વસ્ત્ર વીના તેમાં ઝીલું સહી, એવી મારે મન ઇચ્છા થઇ; તે રાજા સાંભળી વિસ્મે થયો, મનમાં પસ્તાઇને રહ્યો. જો માઠું થયું નારીનુ મન, તો કાંઈ થાશે મોટું વિઘ્ન; તે રાજાથી ના કેમ થાય, ના કહે તો તેનું શીર જાય, જો કાંઈ ઇશ્વરનો બનાવ, એક વાડીમાં ગોડાવી વાવ; પછી રાએ મન વિચાર્યું, હવે રૂધીર ક્યાંથી ભરૂં. એમાં પાણી ભરવું સહી, પછી બધું વિચાર્યું તહીં. પાણી માંહી નંખાવ્યો પતંગ, ત્યારે થયો રૂધિર સરખો રંગ. હવે રાણીને દેખાડ્યું દષ્ટ રાજા મનમાં પામ્યો કષ્ટ; રાણીને કહે તત્પર થાઓ, સખીઓ તેડી વાડીમાં જાઓ. જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મન થાય તેમાં નહાય. રાણીને મન હર્ખ ન માય; રાજાના પેટમાં પડી છે ફાળ, ત્યાં મોકલ્યા છે પાછળ રખવાળ હરામી દ્રષ્ટાને હરો; જઇ રાણીની રક્ષા કરો; ચોદશ સેવક રહ્યા તરવરી, રાણી વાડી મધે પરવરી. વસ્ત્ર ઉતારી મુક્યાં છે બહાર અંગે ધર્યા છે સોળે શણગાર; શેવક ઉભા છે વાડી બહાર, હાથમાં રહી છે નગ્ન તલવાર. બંદુકો પીસ્તુલો કરમાં રહી. ઉભા વાડી ઘેરી તહીં; પેલી સખી સઘળી ઉભી બહાર, જળ મધ્યે ઉતરી તે નાર. તેને મન તો રૂધોર સહી, તેમાં ઝીલી રાણી રહિ; સુંદર રાણી શોભે સો હાગ, મુસ્તકે વેણી વાસુકી નાગ. તેજ તપે તારૂણીતણું, વળી ગર્ભથકી થયું અતિ ઘણું; ઘડી બે ચાર થઇ જ્યાહરે, સખી બહારથી બોલી ત્યાહરે; રાણીજી નીકળોને બહાર. ઘણી થઈ ગઈ તમને વાર; રાજાજી જોશે બહુ વાટ તે કરતા હશે ઉચાટ. ત્યારે રાણી કહે હું ખુશી થાઊ જાણે આખો દહાડો નાહું; નીકલ્યાનું મન મને નવ થાય, એવું કહીને તેમાં નાહાય, જો જો રાણી તણી એ ગતી, થાશે થવાનું તે ખબરજ નથી.

દોહરા—રાતે વાવમાં ઝીલે સુંદરી, થઇ ઘડીકા ચાર ત્યારે એક કૌતક થયું; સાંભળો નર ને નાર, એક ગરૂડ ગગને જાતો હતો; તેણે દીઠી નાર; તેને મન ઉખર છે, એવો કર્યો વિચાર પતંગ રંગ રૂધિર સહી, તેમાં ઝીલે ધરી આનંદ; તેમાં ગૌર કાયા દેખીને; જાણે માંસનો પંડ, શીશ કેશની શોભા થી કહુ. જાણે વળગ્યો ભોરંગ નેત્ર જાણે કાચબા, એવો દિઠો રંગ તરત લીધી એને ચાંચમાં, ઉડયો લઈ આકાશ; ઓ ગઇ ઓ જાય છે, સૌ જોયા કરે ચોપાસ. બંદુક નાળ ઉભી કરી, મારે તડોતડ તિર; સખીયો હાથ ઘસી રહી, સૌએ નયણે ભરયાં નિર સૌ ચિત્રામણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વત થઇ રહ્યા, સુજે નહિ કાંઈ પેર; સુધ સાન ઉડી ગઇ, નથી જવાતું ઘેર. હવે જવાબ શું દેશું રાયને, એમ થરથર કંપે કાય, એક દ્રષ્ટે ઉચું જુવે સહી. કરયા કરે હાય હાય. વાર જ્યારે ઘણી થઇ, ત્યારે રાય થાય અસ્વાર; થોડા સેવક લઇ કરી, આવ્યા વાડી મોજાર. દીનમુખ દીઠાં સર્વનાં, ત્યારે પુછે એમ; રાણી મારી ક્યાં ગઇ, મુખ બોલો નહી કેમ. કુમો બાઝયો સર્વને, મુખે નવ બોલાય; કંઠે રૂદન થાય સહી, થર થર કંપે કાય. રાજા પણ વિસ્મે થયો, રખે થયુ વિઘન, રાણી મારી ક્યાં ગઇ, એમ પુછે રાજન. કહે સેવક રાજા સુણો, થયો મહા-ઉતપાત; રાણીં ઝીલતાં હતાં વાવમાં; કહું સૌ માંડીને વાત, પછે કૌતક મોટું થયું, આવ્યો વિનતાનો તન; તેણે લીધી ચાંચમાં, તે લેઇ ઉડયો ગગન. અમે ઉપાય અદકો કરયો, મારયો અતિશેપમાર; તે અંત્રિક્ષ મારગ ઉડી ગયો, તે મેં જોયા કર્યું આ ઠાર. એવું કહેતાં ઝબકી ગયો, રાજા પડયો પૃથ્વી મોઝાર; શ્વાસ નહિ ચેતન નહિ, ત્યાં થઇ રહ્યો હાહાકાર. ત્યાં નગર બધું આવી મળ્યું, આવ્યો પુર પ્રધાન; તે રાજાને ઘણું વિનવે, તોય બોલે નહિ રાજન ગુલાબ અત્તર તો છાટયાં ઘણાં, એમ કીધા ઘણા ઉપાય; ચાર ઘડીએ મુર્છા વળી, ત્યારે બોલ્યો રાય. રાણી મારી ક્યાં ગઇ ? શી થઈ એની પેર; રાણી રણમાં મુકી કરી, શું મોં લઈ જાશું ઘેર, ત્યારે પ્રધાન રાયને પ્રીછવે, વળી નગરલોક તે ઠામ; નગર શેઠ આદે સહી; તે સહુ કરે પ્રણાગ. મેં ધાર્યું ને શું થયું, તુટી મારી આશ; મેં પુત્ર મુખ દીઠું નહિ, હું છેક થયો નિરાશ. મહા કલ્પાંત કીધું બહુ, પછી વિચારી પેર; પ્રધાન લોક સહુએ મળી, તેડી લાવ્યા ઘેર. તે દુઃખ અતિશે ભોગવે, મનથી રહે ઉદાસ; સભા મધ્યે બેસે સહિ, પણ મન નારીની પાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોપાઇ—એ વાત એટલેથી રહી, પેલી નારીની શી ગત થઇ. તે ગરૂડ લેઈ ઉડયો તો ગગન, આવ્યો છે એક સો જોજન. એક મોટો પહાડ દીઠો છે તહી, ઉભા ગરૂડ તે ઉપર જઇ; ચાંચમાંથી કાઢી છે નાર, કરવા બેઠો તેનો અહાર, તે ગરૂડે જ્યારે કાઢી બહાર, જુવે તો; જીવતી દીઠી નાર; મુકી નારી ઉડયો ગગન, નારી બેઠી ત્યાં કરે રૂદન ત્યાં અરણ્ય વન તે ભારે સહી, પશુ પંખી કોઇ માનવ નહિ; જળ ફળ ન મળે લગાર, ત્યાં એકલી રૂદન કરે છે નાર, મેં એ કાંઈ માઠો કર્યો વિચાર નાહાવા મન કીધું રૂધિર મોજાર; મારા સ્વામીનો બહુ નેહ, તેમની તજશે હવે એ દેહ. અરે પ્રભુ નોધારાનો આધાર, ચડેજો વેગે મારી વાર; તમો ભગત દુઃખની સાંભળો વાણુ, તતક્ષણ રહો તમે ભગવાન.

(છપ્પો)—પ્રથમ મચ્છા સ્વરૂપ, ભુપ શંખાસુર માર્યો; બીજે કશ્યપ રૂપે. ચૌદ રત્ન બહાર કહાડયો, ત્રીજે વરાહ સ્વરૂપ, પૃથવિ અહિ દહાડે રાખી; હિરણાકશ્યપને તત્કાળ, લજ્યા તેની નવ રાખી ચોથે નરસિંહ સ્વરૂપ પ્રગટ, પ્રલ્હાદ કાજે સરી; સ્થંભમાંથી પ્રગટયા તહીં; તેના બાપને માર્યો સહી. પાંચમે પરમેશ્વર રૂપ, વામન થઇ વિશ્વમાં વ્યાપ્યો; એ બાણાસુરનો બાપ; બળી પાતાળે ચાંપ્યો; છઠે ફરશુરામ, ફરશી તે કરમાં લીધી; સહસ્ત્ર અરજુનનો નાશ, પછી પૃથવિ નક્ષત્રી કીધી. સાતમે રામચંદ્રજી થયા. વાંદર ટોળી મેળવી સહિ; સમુદ્રમાં પત્થર તારી, રાજા રાવણુ માર્યો જઈ. આઠમે શ્રીકૃષ્ણ અવતાર. મનોહર મોહન જેવું પુર્ણ સોળ અવતાર, ભગતને દરશન દેવું. નવમે બુધ સ્વરૂપ, ધ્યાન એક ચિત માંડી; માર મારૂં નહિ કાંએ, લજ્જા શાની તરછોડી. દશમે કલંકા અવતાર, પૃથ્વિનો પ્રલય કર્યો; વળી ભક્તને કારણે ભોમ મધ્યે અવતર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોપાઇ—એમ નારી કરે રૂદન, કોણ સહાય કરે ભગવંત; એમ ત્રણ દિવસને ત્રણ રાત, એકલી રૂદન કરે છે જાત. એમ દિવસ ત્રણ ગયા જ્યાહરે, પછી કામ થયું ત્યાહરે ત્યાંથી એક જોજનપર તહીં, એક રૂષિનો આશ્રમ છે સહી. ઘેર વિદ્યાર્થિ ભણે છે ઘણા, વિદ્યામાં કશી નહિ મણા; તેને ગુરૂએ સોંપ્યું કામ, દર્ભ વીણવા ચાલ્યા તેહ; મુખે જપતા ગુરૂનું નામ, આવ્યા નારી બેઠી જેહ ઠામ. તે પહાડ તળે આવ્યા જ્યાહરે, દર્ભ વીણવા માંડયા ત્યાહરે; ઝીણે શબ્દે રડે ત્યાં નાર, ત્યારે વિદ્યાર્થિએ કર્યો વિચાર. કોઇ ભુત પ્રેત ડાકણ છે અહીં, એ કોણ કારણ રડે છે અહીં; પછી હિંમત રાખી સર્વે રહ્યા, શબ્દ સાંભળિ પહાડ ઉપર ગયા. દીઠી નારી નૌતમ વેશ, ત્યારે સૌને પડયો અંદેશ, પુછે સાંભળી સમાચાર; કેમ રૂદન કરે છે નાર. તેણે તેનું કહ્યું વૃત્તાંત, ભાગી તેના મનની ભ્રાંત; ત્યારે વિદ્યાર્થિને આવી દયા, તેને ગુરૂ પાસે તેડી ગયા. ગુરૂ આગળ માંડી કહી વાત, આ નારી સુકોમળ જાત; વળી ગર્ભવંતી નારી સહી, તેના દુઃખનો પારજ નહિ. ત્યારે ગુરૂજીએ દીધી ધીર, મુખ પખાળી પાયું નીર, ભાવતાં કરાવ્યાં ભોજન, પછી રૂષિ બોલ્યા વચન. તમે સુખે રહો અમારે ધામ, તમ હમ પુત્રી કેરે ઠામ; જાણે પીયરમાં જણવા આવ્યાં જેમ, તમે મનમાં ચીંતવજો તેમ. હવે દુઃખ માં ધરશો લગાર, સુખે રહો તમારે દ્વાર; પછી નારી તે ઠામે રહી, જ્યારે પ્રભુની કૃપા થઇ. સુખ પામીને પહોંચી આશ. એટલે પુર્ણ થયા દસ માસ; શુભ નક્ષત્ર શુભ તીથી સોમવાર, પુત્ર પ્રસવ કર્યો ત્યાં નાર. ઘેરથી વિદ્યાર્થી આવ્યા જ્યાંહ, ગુરૂને વધામણિ કહી ત્યાંય; ગુરૂને હર્ષ થયો તેણીવાર, જન્મ અક્ષર કરાવ્યા સાર. પછી પુત્રના કહ્યા સમાચાર, તાસુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુના પ્રાક્રમનો નહિ પાર; સકળ વિદ્યા ગુણ પુરણ હશે, પૃથ્વિપતિ એ રાજા થશે.

છપ્પો—કામ સમાને રૂપ, ભુપ રામચંદ્રજી જેવો; કારણ સજ્ઞાન દાતાર. મહિમા મહાદેવ જેવો. સ્થિરતા જાણે એમ ગંભીર સાગર વખાણું; દાને કરી બળી રાજન, બરાસ બેહેકથી જાણું. કીર્તિ પુર્ણ નિધિ થવે, ગુણે ગણપત સરખો સહી; સામળ કહે શું વર્ણવું, શેષ પાર પામે નહિ. સત્યે જેવો હરિશ્ચંદ્ર, લક્ષ્મિ કુબેરના જેવી; માને માનધાતા તહીં, બુધ ધરતી બને તેવી. વાણી વીદુર વ્યાસ. બેમાએ પૃથ્વિ કંપે; જોરાવરમાં જોદ્ધ, બાણાવળીમાં બહુ દાવે. શુર પુરૂષમાં સત્યવાદીઓ, વિર ધિર ધાતા સહી, શામળ કહે સૌ સાંભળો, એના પ્રાક્રમનો પારજ નહિ.

ચોપાઇ—એમ રૂષિએ કહ્યો પ્રકાર, તે નારીને હરખ અપાર દીન દાન પ્રતિ તે મોટો થાય; સુંદર વેશ સોહાયે કાય. બીજનો ચંદ્ર વધે જેમ, કળા કુવરની વધે તેમ; શરીર સુધ બરાસને ક્રમ, માટે બરાસ પાડયું કુવરનું નામ. દીન દીન પ્રૌઢો થયો તે બાળ, ગુરૂ દેખી બહુ આણે વાલ; વરસ પાંચ થયાં જ્યાહરે, ગુરૂએ ભણાવવા માંડયો ત્યારે. વણ શીખવી તે વિદ્યા ભણે, ગુઢ અક્ષર અણશિખ્યા ગણે; કાવ્ય કવિત ભાષા ને ભેદ ગણે સકળ શાસ્ત્રના વેદ. અષ્ટાદશ જોયાં પુરાણ, અમલ પુમલ પીંગળ નિરવાણ; ગાથા વ્યાકરણનો વિચાર, સંસ્કૃત પ્રાકૃતનો નહિ પાર; વીદ્યારથી સંગે રમે ને જમે, તે માત પિતાને અદકુ ગમે. એમ કરતાં વરસ થયાં છે સાત, પછી થઇ એક કૌતકની વાત. વન મધ્યે કુંવર રમતો ફરે, દરનીસ એકલો જાય બાહરે; તે માતાને હરખ ન માય. પુત્ર દેખીને સુખી થાય. પોતિકા કરનું કંકણ જેહ, બાળકને રમવા આપ્યુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેહ; તે કંકણુ લઈ વનમાં જાય, રમે જમે આણુંદ નવ માય. એક દીન વનમાં રમતો બાળ, કામ શું થયુ તત્કાળ; એક દીન વાદી આવ્યો વન મોજાર, બાળક રમે છે તેણે દ્વાર; તેણે આવી શું કીધું કામ, મહુઅર વગાડયું તેણે ઠામ. ત્યાં મઉઅર નાદ થયો જેટલે એક મણીધર નાગ નીકળ્યો તેટલે; તે વૃદ્ધ નાગ પુરંતન સહી, મણી મસ્તક ઉપર ચળકી રહી, ફેણુ માંડી બેઠો તે ઠામ, બાજીગરે શું કીધું કામ. ઝટ પકડી તેણે ઝાલીયો, પોતીકા કંડીયા માંહે ઘાલીયો. નાગ લઈ ચાલ્યો તેણિવાર, બાળકે મન કર્યો વિચાર; સઘળું બાળકે દીઠું દ્રષ્ટ, પામ્યો મનમાં અતિશે કષ્ટ. શુરવીર ધીર રાજાનો તન, તેને દયા આવિ બહુ મન; બાજીગરને બોલાવ્યો વળી, તેની પોતે મનમાં કળી. અરે બાજીગર પુછું અમો, આ નાગ લઈ શું કરશો તમો; ત્યારે બાજીગર બોલ્યો વાણુ, એતો મારૂં જીવતર જાણુ; એ નાગ લઇ વસ્તિમાં ફરૂં, ખેલ ખેલાવી ઉદર ભરૂં. અમારા કુળનો એ વહેવાર, માટે નાગ લીધો આ ઠાર. ત્યારે બાળક કહે એ ખોટું કામ, એમાં જીવન શું રામ એનાં સ્ત્રી બાળકને વિજોગ પડે, અલ્યા એથી તુજને કષ્ટજ પડે. માટે મુકી દે આ ઠામ, કર તું ઉદ્યમ બીજું કામ; વાદી કહે તું છે અજ્ઞાન, એને નવ મુકું એ મારો પ્રાણ. એ મારી રોજી છે સહી, હાથ આવ્યો હવે મુકુ નહિ; ત્યારે બાળક બોલ્યો વચન કેટલું એથી મળશે ધન. એટલું ધન મુજ પાસેથી લ્યો, પણ એ નાગને મુકી દો; કહે વાદી તું આપે સર્વથી, પણ એ નાગને મુકવાનો નથી. એમ કહીને ચાલ્યો સર્વથી. ફરી બાળક બોલ્યો તે કથી; કંકણુ આપું તુજને એહ, લઇ વાદીને દેખાડયું તેહ. સાત પાદશાહી છે મુલ, નહિતર બીજું છે સમતુલ, હીરા રત્ન છે જડાવ, પુર્ણ માણેક મોતી જડાવ અંધારે થાએ ઉજેશ તે કંકણુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીઠું ઘણું તેજ; લલચાયું તે વાદીનું મન, ત્યારે વાદી બોલ્યો વચન. આ કંકણુ તો આપો તમો, તો જુગતે મુકી દઇએ અમો.

દોહરો—ત્યારે બાળકે કંકણુ આપીયું, છોડાવ્યો તે નાગ; તે કંકણુ લઇ વાદી ગયો, ભળીયું તેનું ભાગ્ય. વાદી ત્યાંથી વળ્યો સહી, ત્યારે નાગને વાચા થઇ; ધન ધન ભાગ્ય તારૂં, તેં કીધી મારી સહાય; જીવતદાન દીધું સહિ, ઉગાર્યો મારો પ્રાણ; હું પ્રસન્ન થયો અતિ ઘણો, કાંઇક માગ માગ વરદાન, ત્યારે બાળક જઇ ચરણે નમ્યો. તમને ગમતું જેહ; તે કૃપા કરીને આપીએ, મુજને વહાલું તેહ. નાગે પછી મન વિચાર્યું, કહ્યું બાળકને વચન; એક વેણુ આપ્યું હાથમાં, સાંભળરે રાજન. આ વેણુ જ્યારે વાગશે, તેથી મોહ પામશે નાર નર; પશુ પંખી ને માનવિ સૌ મોહોશે સંસાર વળી ઘાત ઉઘાત થાય નહિ, મુઠ નજર કે ચોટ; વ્યાધિ રોગ વ્યાપે નહિ, નહિ થાય કાંઇ ઉચાટ. વળી દરીયામાં બુડે નહી. વળી અગ્નિ ન બાળે દેહ; વીખ વીપ્રીત ચઢે નહિ. વળી જશ મોંઢે સૌ કહે, ગુણ બુદ્ધી ને ચાતુરી, હોશે અપરંપાર; તમે સૂર્ય સમર્થ થશો, કોઇનાથી નવ પામો હાર. વળી કષ્ટ પડે સંભારજો, ધરજો મારૂં ધ્યાન; હું આવી સાહે કરીશ, એમ કહી થયા અંતરધ્યાન તે નાગ ત્યાંહરે અલોપ થયો, તે બાળકે વીચારી પેર; પેલી વેણુ કરમાં લઇ કરી, આવ્યો પોતાને ઘેર, માતાને વાત માંડી કહી, કહી તાતને વાત; સાંભળી સર્વે પ્રસન્ન થયા, હવે થયું કુશળ કલ્યાણ. તે વેણુ લઇને ગાન કરે, મધુર સુર રસાળ; શબ્દ સુણતાં એહનો ઉપજે સૌને વ્હાલ. બ્રાહ્મણ તે ભણતાં રહે. જોગી રહેવા દે ધ્યાન; વાછરૂ ગાયને ધાવે નહી, જ્યારે કરે તે ગાન. ભકત ભકતી ચુકે સહી, ગુણીજન તજે જ્ઞાન; ડાહ્યો નર ડાહાપણુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તજે, અહંકારી તજે અભીમાન. વઢવાડીઆ લડવાડ તજે, જ્યારે કરે છે ગાન; ચતુર નર ચાતુરી તજે, વીણા શબ્દ સુણી કાન. નારિઓ જે સાંભળે, તરત તજે અભિમાન; શબ્દ જે કોઇ સાંભળે, સર્વે ભુલે ભાન.

ચોપાઈ—એ વાત તો અહિંથી રહી, પણ રાજાની શી ગત થઈ; નારી ગઇ નિશ્ચે જાણુ, રાજાએ તજવા ધાર્યા પ્રાણુ; તેમ કરતાં વિત્યાં વરસ સાત, ત્યારે રાજા કહે પ્રધાનને વાત; વરસ સાત થયાં સર્વથી, હજી નારીની કાંઇ ભાળજ નથી. માટે મારે હવે તજવા પ્રાણ ત્યારે કહી પ્રધાને વાણુ; કાલે રાણી તમારી આવશે, દુઃખ જશે ન સુખજ થશે. માટે ધીરજ રાખો મન' એવું પ્રધાને કહ્યું વચન; રાતે રાજા સુતો જ્યાહરે, શુભ સ્વપ્ન થયું ત્યાહરે; જાણે પાસે બેઠી છે નાર, પુત્ર ખોળામાં છે નિરધાર; તે નારી બોલી એવું વચન, સાંભળો મારા સ્વામિન, મને માઠી મત ઉપની જ્યાહરે, હું દુઃખ ઘણું પામી ત્યાહરે. હવે તમે મળ્યા સ્વામિન. એમ કહી દીધું આલીંગન; કંઠે ભરાવ્યા બેહુ હાથ સ્પર્શ કર્યો સ્વામીની સાથે. ત્યારે રાજાએ બોલજ કહ્યા, તારાવિના બહુ દુઃખીયા થયા; તેમ કહી દીધુ આલીંગન, એટલે ઉઘડી ગયાં લોચન. પ્રાતઃકાળ થયો જ્યાહરે, નીત કર્મ કીધું ત્યાહરે; કપડાં સુંદર પહેર્યાં સાર, આવી બેઠો સભા મોઝાર. એટલે આવ્યું પુર પ્રધાન, રાજાએ બહુ દીધું માન; પેલું સ્વપ્ન દીઠું જેહ, પ્રધાન આગળ સર્વ માંડી કહ્યું તેહ. ત્યારે પ્રધાન કહે સાંભળરે રાય, હવે થોડા દિવસમાં ચીંતા જાય. રાજા કહે ફરકે જમણું લોચન, તેવું સાંભળી થયો પ્રસન્ન, હવે તે વાત અહીંથી રહી, પેલો વાદી કંકણ લાગ્યો તહીં; ફરતો ફરતો દેશ વિદેશ, તે નગરમાં કીધો પ્રવેશ, તે બાજીગરે વિચાર્યું મન, તેને વેચીને લેઉ ધન, તે કંકણનું મુલ કોણ કહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા વિના તે કોણુજ લહે. આ તો મોટા છે રાજન, તે કંકણુ લઇ આપશે ધન; તે પોતે સભામાં ગયો, કર જોડીને ઉભો રહ્યો ત્યારે રાજા બોલ્યા તેની સાથ, કહો ભાઇ તારી શી છે વાત; ત્યારે તે કંકણુ કહાડયું બહાર, આપ્યું રાજાના કર મોઝાર. આ કંકણુ વેચવું છે માહરે, જો મુલ આપી લેવું હોય તાહરે; રાજાએ કંકણુ લીધું હાથ, ઘણું હરખ્યો મનડા સાથ. આ કંકણુ તો મારૂં એહ મારી રાણી કર સોહાવ્યું તેહ; હવે ભાઇ કહે તું સાચી વાતરે કંકણુ કયાંથી આવ્યું હાથ. કોઇએ આપ્યું કે વાટે પડયું, એ કંકણુ તને ક્યાંથી જડયું. ત્યારે તેણે કહી સા વાત અથ ઇતિ માડી કહી ખ્યાત, હું દુર પંથ ગયો તો જાણુ, એક બાળક સુંદર રમતો અજાણુ મહા મનોહર તેનું રૂપ, જાણે કોઇ પૃથ્વિનો ભુપ. મારા કુળનો ઉદ્યમ જેહ, મેં કરવા માંડયો તો તેહ; મહુઅર વગાડયું મેં જ્યાહરે, એક મણિધર નાગ નીકળ્યો ત્યાહરે. હું લઇને વળ્યો જેટલે, પેલો બાળક બોલ્યો તેટલે; તેણે કહ્યું આ કંકણુ લ્યો, નાગ પકડેલો મુકી દ્યો; મેં કંકણુ લીધું હાથમાં, સર્પ મુકયો તેના સાથમાં; તે બાળક મુકાવી ગયો, હું પણ મારે પંથે થયો. હું દેશ દેશાવરે ફર્યો સહી, પણ કોઇએ કંકણુ લીધું નહિ; ભારે મુલ તે કેમ અપાય, એ કંકણુ તે કેમ લેવાય. તમારૂં સાંભળી મોટું નામ, જાણ્યું અહીં થશે મારૂં કામ; એવું જાણીને આવ્યો અહીં, ખપ હોય તો રાખો સહી. દુહા– વાત જ્યારે એવી કહી, ચમકયો તે રાજન; પ્રધાન હવે તમે સાંભળો, એમ કહે રાજા વચન. ત્યાં શોધ કાઢો સહી, મળશે પુત્રને નાર; દ્રવ્ય અનગળ લ્યો તમો, જાઓ તે વન મોઝાર. કહેતામાં સેવક સજ થયા, ને સજ થયો પ્રધાન; તે વાદીને સાથે લીધો, ચાલ્યો કરી પ્રણામ, વાટ ઘાટ વાસો રહે, દરમજલ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય; પછી ઘણા એક દિવસે, આવ્યા તે વન માંય. કહે વાદી સુણો પ્રધાન, અહીં બાળક રમતો તો તેહ, નાગ મુકાવ્યો માહરો, કંકણ આપ્યું જેહ. પ્રધાને એવું સાંભળી, સૈન્ય ઉતાર્યું ત્યાંય; પછી પોતે ઘોડે ચડયો, જુવે કુંવરની ભાળ, બધું વન શોધી વળ્યો, નવ દીઠો તે બાળ; રાત પડી છે જાહરે, પાછો આવ્યો સેન મોજાર. ચોપાઇ—બીજે દિવસ થયો જ્યાહરે તે બાળક વનમાં આવ્યો ત્યાહરે, વીણા કરમાં ઝાલી જાણ; મધુર શબ્દે કરે છે ગાન. હાથી ઘોડા ઊંટજ સહી, સૌ એક દ્રષ્ટિએ જુવે છે તહીં; હય દળ પાળા ને પ્રધાન, સર્વે માંડી રહ્યા છે કાન.

દુહા— બાજીગર કહે પ્રધાન સુણો, સુને કંકણ આપ્યું તન, તે બાળક તો એજ છે એ સાચું માનો વચન. પ્રધાન બોલ્યો તે સમે, સાંભળરે તું બાળ; તારૂં ગાન પુરૂં સુણું, તને દેખી ઉપજે વહાલ. કુંવર પાસે આવીને, તે બોલ્યો મુખ વાણ; કોણ દેશનો તું અધિપતી, કેમ આવ્યો તું રાન, કટક કેમ ઉપર ચડયું, તે કહોને સાચી વાણ; વગર મોતે માર્યા જશો, જો કરશો કોઈની હાણ. ત્યારે પ્રધાન કહે કુંવર સુણો તમો કોના સંતાન; તમો રાજકુંવર છો સહી, સુંદર ચતુર સુજાણ. કોસંબા નગર સોહામણું, ત્યાંનો ચિત્રસેન રાજન; પ્રભાવતી રાણીતેહની, તે તણા અમો પ્રધાન. વિજોગ પડયો તે રાણી તણો, તેને વરસ થયાં છે સાત; ગર્ભ સહિત તે રાણી ગઇ, તેની જાણો કાંઇ વાત. એ કંકણ દીઠું રાણી તણું, ત્યારે રાજાએ કહી વાત; આ વાદીને લઇ કરી, આવ્યો વનમાં પ્રભાત. કંકણ દીઠું રાણી તણું, આવ્યું વાદીને હાથ; તેણે ભાળ કહી બધી, વેચવા આવ્યો તે માટ. તે સારૂ અમે આવીઆ, રાજા ધરે બહુ દુઃખ; તે રાણી જો મળે રાયને, ત્યારે થાશે સુખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારે બાળક બોલીઓ, સાંભળો કહું તે સાર: મારી માતા અહિંઆં રહે, ઋષિ કરે જતન અપાર, હું ને મારી માવડી, રહીએ છીએ આ વન; પ્રધાન પુછુ મારી માતને, ત્યારે રિઝે તન. જાણ્યા વિના એવું કથું, તે સહુ ચિત્તમાં ચાહું. બાકી કંકણુ મેં આપ્યું સહી, આ વાદી કેરે હાથ; નામ મુકાવ્યો મેં સહી, એ તો સાચી વાત. એવું કહીને દોડીઓ, આવ્યો માતી પાસ: હરખ ધરતો અતિ ઘણો, ધરતો મન ઉલ્લાસ, મા પાસે બેઠો સહી, બોલ્યો કરી પ્રણામ; સાચુ ના કહો માવડી, તો તમને મારા સમ.

ચોપાઇ—મારા તાતજીનું શું છે નામ, ને આપણું ક્યાં છે ગામ; આ વનમાં એકલાં કેમ અહી, આ જંગલ છે વસ્તી કેમ નહીં. એવી વાત કહી જ્યાહરે, તેની માતા બોલી ત્યાહરે; સાચું સુણરે મારા તન, આજ તારૂં મનાવું મન. કોસંબા નગરી પરમ વિશાળ ત્યાં તો ચિત્રસેન ભુપાળ; તે રાયની હું રાણી છું સહી, વિજોગ પડ્યો ને આવી અહીં. વીત્યાં વાત કરતાં વરસ સાત હજી ખબર નથી સાક્ષાત; આવ્યો છે આપણો પ્રધાન, લાવ લશ્કર લેઈને જાણ. કુંવરે એમ કહ્યું જેટલે, બારણે સેવક આવ્યો તેટલે; એટલે આવ્યો પોતે પ્રધાન, રાણીએ દીધાં બહુ માન પોતીકો પ્રધાન દીઠો જ્યાહરે, નેત્ર નીર વર્ષ્યાં ત્યાહરે; તે ઋષિને વાત સર્વે કહી, ખરી વાત રૂષિને મન થઇ. પ્રધાન કહે વીદાય કીજીએ, જઇ વધામણી અમારી દીજીએ; ત્યારે રૂષિજી કહે તત્પર થાઓ, સુખે તમારે દેશ જાઓ. પ્રધાન કરગરી લાગ્યો પાય, તમે અમારી કીધી સહાય; રાણી ચરણે લાગી જઇ, આજ્ઞા આપી પીતાજીએ તહિ. આશીશ વચન લેઇ મુસ્તક ધર્યું, તત્ક્ષણુ સેનને સજ કર્યું; નોબત નગારાં ગડગડે, ઢોલ દદામા ત્યાં દડદડે હાથીપર મેઘાડંબર સાર, તે પર બેઠો રાજકુમાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રધાન તેને ચમર કરે નીશાન તે ઉપર ફરફરે; રૂષી થોડે વળવા ગયા, પછી વીદ્યાર્થિ સહિત પાછા વળ્યા; પચરંગી સેન સૌ જાણુ, જાણે સ્વર્ગ ગણો રાજાન, સમીપે નગરી આવી સહી, વધામણી આગળથી થઇ; સાંભળજેચિત્રસેન રાજન આવી રાણી આવ્યો તન. સાંભળતામાં તૈયાર થયો, સેના લઇ પોતે સામો ગયો; મોતીએ થાળભરાવીસહી તે રાજાએ કરમાં ગ્રહી. પુત્રે પીતા દીઠો જ્યાહરે, ત્યાંથી હેઠો ઉતર્યો ત્યાહરે; મોતીડે વધાવ્યો તન, ખોળે બેસાડી પુછે રાજન, માથે હાથ ફેરવી કહે મારા તન, હરખ ધરી કીધું ચુંબન; પ્રેમનાં આંસુ નેત્રથી વહી, એક એકની વિગત કહી. પાછી સેના તત્પર થઈ, નગર મધે તે તો ગઇ; મેધાડંબર ઉપર બેઠો રાજન, ખોળામાં લીધો છે તન. પ્રધાન પોતે ચમરજ કરે, એ રીતે નગરીમાં ફરે; પુરલોક જોવાને જાય, અતિ આનંદ હરખ ન માય. રાજાનો નીરખે છે તન, હરખે સૌ લોકોનાં મન; ભાટ બંદીજન કરે પોકાર તે જશ ઘણો કરે છે વિસ્તાર. પહોંચ્યા રાજભુવન જ્યાહરે, સભા મધે બેઠા ત્યાહરે; રાજા દે જાયકને દાન, માગણુને ત્યાં દેછે માન. વધામણી વહેંચી છે ઘણી, શી શોભા કહું તે તણી; વાદીને કીધો વીદાય, ઘણું દ્રવ્ય આપ્યું તે રાય. પછી જાતીકર્મ કુંવરની કરી, ઘણો હરખ તે મનમાં ધરી; પુત્ર શોભે છે સુંદર કાય, જાણે આભ માંહે ચંદ્રમાય. વેણા લઈ કરે છે ગાન, સૌ માંડી રહે છે ત્યાં કાન.

(છપ્પા)—ચૌદ વિદ્યા ગુણ જાણ, પ્રમાણ તો પંચે કીધો; શુધ બત્રીસે લક્ષણ, પ્રેમરસ પ્રીતે પીધો. અતિશે કોમળ અંગ, રગ રૂડો શોભે અંગે, બેહેક બેહેક બરાસ, સુગંધી તે સંગે; કળા બોહેતેરી શુધ ચઇતન્ય ચિત્ત માંહે ઘણું; સામળભટ સાચું કહે, વર્ણન કરૂં શું તે તણું. શાસ્ત્ર પુરાણ ને વેદ, કુંવર ભણે છે પાઠે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવિત ભાષાના રંગ, શું કહું તેનો ઠાઠ; દુહા ગાથાના ભેદ સંસ્કૃત પ્રાકૃત પ્રમાણે; કામણ મોહન ને વશીકરણ અને વ્યાકરણ તે જાણે; શુરવીર ને ધીર ઘણો, કામ સમાને રૂપ છે; બરાસ નામ છે તે તણું, તે પૃથ્વીપતિ ભુપ છે.

દુહા.—તેનામાં પ્રાક્રમ અતિ ઘણું, કહેતાં ન આવે તેહ; વજીર તણો એક કુંવર છે. તે સાથે બહુ સ્નેહ. ઘડી અળગા તે રહેતા નથી, હરનાશ એની જોડ; ગુણ લક્ષણ સમોવડ સહી, નહી ખાંપણ કે ખોડ. ગુણ સ્વભાવના એ ઘણા, તે રાખે રૂડી રીત; બરાસ કુંવર જે રાયનો, તે સાથે બહુ પ્રીત. જમવું ખાવું એકઠું, સુવું એકઠાં સેજ; સુખ દુઃખ એક એકને કહે, માંહા માંહે બહુ હેત. મૃગીયા રમવા રોજ સંચરે, બે જણ થઇ અસવાર; તે વન મધે જઇ ફરે, લાવે રોજ શીકાર. તે વનમાં કામ કેવું કરે. વેણુ વગાડે હાથ; પછી શીકાર કરી અને લાવે પોતાની સાથ. હાથી જુથ મળે ઘણાં, સાંભળવાને ગાન; હાલ્યા ચાલ્યાની ગતી નહી, ધરી રહે સૌ ધ્યાન. પછી પકડીને પલકમાં લાવે નગર મોઝાર; અહરનીશ આનંદ કરે, લાવે રાજન શીકાર. દેશ દેશ ચાલી વાર્તા, જે રૂડો બરાસ રાજન; એના પ્રાક્રમને પહોંચે નહીં, એવો ચીત્રસેનનો તન, માગાં આવે દેશ દેશનાં, જેને ઘેર કન્યા સાર; કુંવરનું મન નથી માનતું, સૌ કહે નાકાર. ત્યારે તાત કહે છે પુત્રને, પરણો કન્યા રૂડી પેર; તમ લાયક જો હોય તો, લાવીએ આપણ ઘેર. પુત્ર કહે પિતા સુણો, મારે પરણ્યાની નથી નાય, જ્યારે અમ મન માનશે, ત્યારે કહીશું હાય. ત્યારે રાજા બોલ્યો નહી, મીત્ર પ્રિછવે વાત; ભાઈ પરણ્યાની ના કહો, એ રૂડી નહી વાત પરણો કન્યા રાયની, સુંદર ચતુર સુજાણ; તવ કુંવર મન એમ કહે, મીત્રને સાચી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાણુ. **ચોપાઇ**—રાજકુંવર કહે સાંભળ મીત્ર, તારી બુદ્ધી પરમ પવિત્ર; ચતુર ગુણ લક્ષણ ભંડાર, એવી જ્યારે મળશે નાર. ત્યારે અમે પરણશું સહી, તે વગર પરણવાનો નહી; ત્યારે સારૂ કહીને મીત્રજ રહ્યો, ફરી બોલ્ય રાજાએ નવ કહ્યો. તે કુંવરને વરસ થયાં છે બાર. પછી શો તેનો થયો પ્રકાર; નીત્ય શીકારે જાયે સહી, શું કામ કરે છે ત્યાં રહી. ગોફણનો લાગ્યો છે ખ્યાલ, તેથી આણે પશુનો કાળ; એમ થોડા દિવસ થયા જ્યાહરે, પછી શું કૌતક થયું ત્યાહરે. વજીર કુંવર રાજાનો તન, રમવા આવ્યા મૃગયા વન; ગોફણનો તો મારે માર, કરે પશુ તણો સંહાર. કુંવર પંથ ગયો છે બહુ, કથા તે વીસ્તારી કહું; એક તપસ્વી બેઠો કરે; ધ્યાન મન ઇશ્વરનું ધરે. તેને ગોફણ વાગી તે દીસ; નીકળ્યું રૂધીરને ફાટયું શીશ; અરે અરે કરે પોકાર, એ કોણ દુષ્ટ મને મારનાર. વજીર રાય ત્યાં બે જણ ગયા, જોઇ પેલાને ઓશીઆળા થયા; આસનાવાસના કીધી ઘણી, સ્તુતી કીધી તપસ્વી તણી, બહુ અમથી થયો અન્યાય તે તમારે કરવો ક્ષમાય; બેહુ જણ મન પસ્તાવો કરે, કરગરે ને ખોળા પાથરે. ત્યારે તપસ્વી બોલ્યા વચન, રાજકુંવર તું કોનો તન, કોસંબા નગરીનો ધણી. જેની કીરતી જગતમાં ઘણી. જે ચીત્રસેન કહીયે રાય, તે અમારા પિતા થાય; તેનો બરાસ કુંવર મુજ નામ, રમુ વનમાં મૃગીયાને કામ. એવી તપસીએ સાંભળી પેર, ઉતરી ગયું તપસીને ઝેર; અરે કુંવર તમને નવ ઘટે, તેમાં તમારૂ માનજ ઘટે. જો બીજો હોત તો દેતજ શાપ, રાજકુંવર જાણી કરૂં છું માફ; જો તે રાખે એવડુ જોર આ વનમાં આવી કરે છે સોર; સેજમાં ઘાત કીધી મુને, હું બળીઓ કયારે જાણુ તુને; કસ્તુર શોભાવતી કહેવાય, દરીઆપર નગરી તે ત્યાંય, ત્યાંનો કપુરસેન રાજન, કપુરાવતી નગરીનું નામ, તેને કસ્તુરાવતી તન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપે જાણે છે રતન. સવાશેર કસ્તુરી ચોળી નાહાય, ઘણા રાજા તેને મન ચાહાય; કોઇને તે લાવે નહીં મન, અહંકાર ઘણો તેને તન. તેવી કોઇ નહીં સુંદર નાર, ત્રીલોકમાં પૃથ્વી સંસાર; દેવતાને મન વરવાનું થાય, પણ તે નારી કોઇને નવ ચહાય. જોગી જંગમનાં મન ચળે, તેવી નારી ભાગ્યેજ મળે; તેનું મુખ જોઈ ચંદ્ર લજવાય, તે જઇ છુપે આભજ માંય. વેણી વાસુકી નાગ સમાન, વેણે કીધો પોતાનો ઠામ; તેનો કર જોઇ કમલ લજવાય, તેથી રહે તે જળની માંય. તેથી ભ્રકુટી કમાન આકાર, નેત્ર ભર્યાં છે રસ પ્રકાર. નાશીકા શુક ચાંચ પ્રમાણ, કપોળ જાણે ઉગ્યો ભાણ, દંત જાણે દાડમની કળી, વાણિ મધુરી મિઠી ગળી; હસતાં ખાડા પડે છે ગાલ, મુખડુ જાણે લાલ ગુલાલ. પેટ પોયણવત પાતળુ, નાભીમેન શોભે અતી ઘણું; કટી સિંહના સરખી રંભ, જંઘા જાણે કેળના સ્થંભ. ચાલ ચાલે છે ગજગતી, તેવી નારી પૃથ્વીમાં નથી. તે કન્યા પરણે જ્યાહરે, તને જોરાવર જાણું ત્યાહરે. સાંભળી એવી તપસીની વાણ, વિન્હળ કીધો રાજાનો પ્રાણ; મોહબાણ વાગ્યાં તે ઠામ, બોલ્યો મિત્ર સાથે તે વાણ. તમો તમારે ભોવન પરવરો," અમારી આશા રખે કરો; એ નારી પરણીશું જ્યાહરે, પછી મંદીર આવું ત્યાહરે. જો નારી એ મળશે નહી, તો પ્રાણ તજીશું સહી; આ અવતાર ધર્યો નારી માટ, એવો મનમાં ઘડીઓ ઘાટ.

દુહા—ત્યારે વજીર સુત વાણી વદે, સાંભળ રાજકુમાર; તમને મુકી પાછો વળુ, ધીક ધીક મુજ અવતાર. આ તન મન ધન તાહરૂં, હું તારો ચાકર જાણ; તમો પાછો મને મોકલો, તે તમને ઘટે ન પ્રમાણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપ્પો—મીત્રનો એ વહેવાર, તે દુખીએ એ દુખીઓ; મીત્રનો એ વહેવાર, તે સુખીએ એ સુખીઓ, મીત્રનો એ વહેવાર, સાથે લઇને ફરવું; મીત્રનો એ વહેવાર, મન મુકીને મળવું; મીત્રનો એ વહેવાર, ભ્રાંત કહીએ નવ રાખે; મીત્રનો એ વહેવાર, સર્વ વસ્તુ ચખાડી ચાખે. મીત્રનો તે તે જાણિએ, જે વાટ ઘાટ સાથે રહી, સુખ દુખ આવિ મળે, એક ક્ષણ અળગો નહી. તે મીત્રને ધિક્કાર, મન વીના જે મળવું; તે મીત્રને ધીક્કાર, તે શું નમન ના કરવું; તે મીત્રને ધિક્કાર, દુઃખ જોઇ પાછો ફરે; તે મીત્રને ધિક્કાર, પાપ થકી જે નવ ડરે; તે મીત્રને ધીકાર, બોલ્યો બોલ ન સાંખે; તે મીત્રને ધીક્કાર, વાતમાં જુઠું ભાખે; તેવા મીત્ર શા કામના, જરનિ ઉપર સ્નેહ ધરે; સામળ ભટ સાચુ કહે, મન મળ્યું ત્યાં અંતર કહે.

ચોપાઇ—માટે માનો મારી વાત, હું આવું તમારિ સાથ; બે જણ ઘોડે ચયા અસવાર, ચાલ્યા અરણ્ય વન મોઝાર, અઘોર વનમાં ચાલ્યા જાય, કોઇને નવ ગણે લેખા માંય; પહાડ પર્વત ડુંગર પ્રચંડ, ટીંબા ટેકરા પ્રૌઢ અખંડ નદી નાળાં આવે ગુફાય, રસ્તો માર્ગ નવ જણાય; ખેર ખાખર ખરસાર ને તાડ, શીશો-ળીયાં ને ભેટે હાડ. બાવળીયા બોરડીને કંથેર, ઝાડ ઝંખન સુજે કેઇ પેર; તે મધ્યે હરણાં દેતાં ફાળ, બોલે જાંબુક સસલાં શીયાળ. વાઘ વરૂ ચીત્તા છે ઘણા, સુવર રોઝ સીંહની નહી મણા; હવે વન દીઠું છે વેમ, મહા ભયંકર વસ્તી છે ભોમ. ત્યાં બીવા લાગ્યા બંને સહી. જવા આવવાનો માર્ગ નહી; એમ વીસ દીનને વીસજ રાત, બંને અશ્વ બેસ છે જાત. એકવીસમો દહાડો થયો જ્યાહરે, એક સુંદર વન દીઠું ત્યાહરે; ત્યાં કાયર નરના જાએ પ્રાણ. પણ શુર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીર ધીર રાજાન. સુંદર વન દીઠું જયાહરે, મન રળીઆત થયું ત્યાહરે; ફળી રહી ત્યાં ભાર અઢાર, સુંદર સુગંધી છે અપાર. વારૂ વન ચારોળી તણાં; અખરોડ પસ્તાં બદામ ઘણાં; દ્રાક્ષ માંડવ છે ઠામોઠામ, આંબુ જાંબુ એલચીનાં વન. ડમરો મરવો કેતકીના વળી, ગુલાબ માલતી બહેકે ઘણી; દાડમડી જમરૂખને સીતાફળી, લવીંગ લતા રહી છે ઢળી. કેળના સ્થંભ ઓળા ઓળ, વીધવીધ પંખી કરે કલોલ; જાવંતરી જાયફળનાં વૃક્ષ, નાળીએરી નારંગી દ્રાક્ષ. શુક સારીકા ચકોર, કોયલ મેના મધુરા મોર; ભમર ગુંજાર કરે છે ઘણા, શોર કલોલ થાએ નહિ મણા. તે ઠામે એ આવ્યા વીર, ત્યારે મનમાં આવી ધીર; દેખી વન બહુ હરખે ભર્યા, ત્યારે અશ્વ થકી હેઠે ઉતર્યા.

દુહા—વીસ દહાડા એમ વહી ગયા, અશ્વ ઉપર અસ્વાર; એકવીસમે દહાડે ઉતર્યા, અશ્વ બાંધ્યા તે ઠાર. મુખ પખાલણુ કીધું સહી, તેમાં કીધું સ્નાન; નિતકર્મ પોતે કર્યું, આપ્યાં સુરજને દાન. આસનાવાસના અશ્વની કરી, નિર્યા ચાર ને નીર; નાનાં ફળ ભક્ષણ કર્યું, શુદ્ધ થયાં શરીર. શીતળ વાયુ આવે અતી, લાવે સુગંધી અપાર; સુતાં સુખ પામ્યા બે ઘણું, નીંદ્રા આવી તે ઠાર.

ચોપાઇ—બીજા દીનનો થયો પ્રભાત, સુતા ઉઠયા બેઉ જણ સાથ; વળી ત્યાં કીધું સ્નાન, સુરજને દીધાં અર્ઘ દાન. ફળ તણા કીધા અહાર, પાછા અસ્વ થયા અસ્વાર; વળી ખેડ ખેડ કરતા જાય. કોઇને ગણે નહીં લેખામાંય. એક દેશ મુકીને બીજો લે, પડે નીશા ત્યાં વાસો રહે; રાજકુવર તવ બોલ્યો વાણુ, સાંભળ પ્રધાનપુત્ર ગુણવાન, ઘર મુક્યાને થયા ત્રણ માસ, તોએ આપણી નવ પોતી આશ; હવે દેહ તજુ સર્વથી, મુને કસ્તુરાવતી મળવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ની નથી. ત્યારે બોલ્યા શીલ સ્વભાવના વીર. રાખો આપ રૂદેમાં ધીર; આપણે કસ્તુરાવતિને મળશું સહી, તે વાતમાં તો સંદેહ નહીં; વળી એમ કહીને ચાલ્યા જાય, આવ્યા અઘોર વનની માંય.

દુહા—એમ વિચાર કરતાં સંચરે, આવી વસમી વાટ; ભયભીત વાદળ ઘણું, મનમાં ઘણો ઉચાટ. એમ કરતાં ત્રણ દીવસ થયા, પછી શું થયું કામ; એક વડ ગંભીર સહી, ઉતર્યા તેણે ઠામ. વડ થડે ઘોડા બાંધીયા, ત્યાં સુતા બંને વીર; ધીરતા ધીર રાખી ઘણું, ને સુખીયા થયા શરીર. નીંદ્રા કીધી બેઉ જણે, વેગે ગઇ મધ્યરાત; ત્યાર પછી શું નીપજ્યું, કહું વીસ્તારી વાત. સ્વપ્ન આવ્યું એક રાયને, દીઠા પુરૂષ ત્યાં ત્રણ; છત્રીસે આયુધ અંગે ધર્યા, તે બોલ્યા મુખ વચન. ચિંતા કર નહી અધિપતિ, થાશે તારૂં કામ; તને કસ્તુરાવતી મળશે સહી, જશો કપુરાવતિ ગામ. આજથી ચોથે દીવસે, આવશે આશાવરી ગામ; ત્યાં તમે સુખ પામશો, એવું આશાવરી નામ. ત્યાં તમો સુખીયા થશો, જડશે કપુરસ ગામની ભાળ; પછી કસ્તુરાવતી મળશે સહી, એમ કહ્યું તત્કાળ. એમ કહી પુરૂષ ગયા, ઝબકી જાગ્યો રાજન; પેલા પુરૂષ દીઠા નહી, પડયો વિચાર બહુ મન. એટલે વજીર સુત જાગીયો. બોલ્યો મુખ વચન. તમે શું વિચારો રાયજી, કેમ વિચાર વશ પડયા પ્રાણ; રાજકુંવર તવ બોલીયો, સાંભળી વાત પ્રમાણ. સ્વપ્ન એક આવ્યુ મને, પુરૂષ આવ્યાતા ત્રણ; પ્રગટ વાત તે કહી ગયા, વિચારી જોને મન. આજથી ચોથે દહાડલે, આવશે આશાવરી ગામ; કામ તમારૂં ત્યાં થશે, પહોંચશે મનની હામ. એમ કહી ગયા એટલે ઉઘડીયાં લોચન; એવી વાત તે કહી ગયા, સાચું કે જુઠું સ્વપ્ન, ત્યારે વજીર સુત બોલીયો. અશ્વે થાઓ અશ્વાર; જોને તે જણાશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહી, કર્તા હર્તા કીરતાર. એમ કહી અશ્વ ખેડીયા, ચાલ્યા ચતુરસુજાણ; ત્રણ દીવસ એમ વહી ગયા, ખુશી થયા તવ જાણ.

ચોપાઇ—ચોથો દિવસ થયો જ્યાહરે, આશાવરી ગામ આવ્યું ત્યારે; નગર સુંદર દીઠું તહીં, દરવાજે દરવાન બેઠો સહી જઇ ઉભા બંને તે ઠામ, ત્યારે દરવાને કર્યા પ્રણામ; બોલ્યો તવ રાજાનો તન, કહો દરવાન સત્ય વચન. આ નગરનુ શું છે નામ, કોણ અહીંનો રાજાન; પણ દરવાન બોલે નહીં મુખ, ધાર્યું અતી અંતરમાં દુઃખ રાજાને પુછે વજીર, કાંરે બોલતો નથી અધીર; આ નગરનું નામ શું કહેવાય, આ ગામનો કોણછે રાય. તોએ કોઈ બોલે નહી વાણુ, વજીર રાય ચાલ્યા તે જાણુ; ત્યાં તેવે દીઠો પ્રકાર, સુંદર મહેલ ચીત્રામણ સાર. છજાં ઝરૂખાં વાડી સહી, મેડી મહેલની શોભા કહી; વાડી કુપ તળાવ ને વાવ, નગર જોતાં ઉપજે છે ભાવ. નગરની શોભા અપરંપાર, ભર્યા દ્રવ્ય લક્ષ્મી ભંડાર; પણ વશતી ઝાઝી નથી સહી, કોઇ કોઇ માણુસ ફરે છે તહીં. ખાંચા ખુંચી ગલી ને પોળ, જોઈ મોહોલાની ઓળા આળ; કોઇ ઠેકાણે પુરૂષ મળે. કોઇ ઠેકાણે નારી પાણી ભરે. તેને જઈ પુછે રાજન, કોઇ બોલે નહી વચન; તે જોઇ મન અચરત થાય, એ તે કારણ શું કહેવાય એ જણુ મનમાં કરે વિચાર, પછી આવ્યા જ્યાં રાજદ્વાર; બજાર મધે આવ્યા સહી, તેની શોભાનો પારજ નહીં. નેસ્તી ઘાંચી તંબોળી સાર, કંદોઇ કણુસારાની હાર; દોશીની દુકાન હારોહાર, નાણાવટી પણ અપરંપાર. વેપારીઓ વેપારજ કરે, ગામમાં લોક ફરે ને હરે; પણ ન મુખે બોલે વાત; સમશાએ સૌ બતાવે હાથ, રાજા સર્વને પુછે જઇ, કાઇ મોઢેથી બોલે નહી; લેવાની જેને ઇચ્છા થાય, તે તેની દુકાને જાય. જે વસ્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઇતી જેહ શમશાએ બતાવે તેહ; મોઢેથી બોલવાની નાય, રાજા જોઇને વીસ્મે થાય. બજારની ત્યાં ચર્ચા જોઈ, બોલતું દીઠું નહીં કોઇ; ત્યાંથી આઘા ચાલ્યા જાય, રાજ મહેલ આવ્યો ત્યાંય. ત્યાં છડીદાર ઉભાછે દ્વાર; જેષ્ટીકા લઇ કર મોજાર; રાજકુંવરે જવા માંડયું જેટલે, જેષ્ટીકા આડી ધરી તેટલે; બે જણ ઉભા ચોકીદાર, તેણે અટકાવ્યો રાજકુમાર. જેષ્ટીકા તેણે આડી ધરી, પણ મુખે નહીં બોલ્યો જરી; તેમાંથી એક ઉભો રહ્યો, બીજો મહેલ માંહે ગયો. પાછો તે આવ્યો જ્યાહરે, પેલી લાકડી પાછી લીધી ત્યાહરે; તે બે જણ સભામાં ગયા, જઇ કચેરીમાં ઉભા રહ્યા. ત્યાં બેઠા છે પંડિત પ્રધાન, તે કચેરી શોભાયમાન; ગુણકા નૃત્ય કરે તે ઠાર, પણ મુખ નવ બોલે લગાર હાવ ભાવ કરે અતી ઘણા. હાથના ચાળામાં નહીં મણા; પણ મુખે નવ બોલે ફરે, તે માણસ સૌ જોયા કરે. રાજા બેઠો સીંહાસન અર્ધાગે સ્ત્રી તે રૂપ રતન; પેલા બે જણ દીઠા જ્યાહરે, આશ્વાસન કરી ત્યાહરે; તમો રાજકુંવર આવ્યા છો સહી, અમારા ભાગ્યનો પારજ નહી. પછી સેવકને કર્યો ફરમાન, એની ચાકરી કરોની આજ; નારી અર્ધાગે હતી જેહ, તેને આગના દીધી તેહ. તે તમો જાઓ ઘરમાં નાર. રસોઇ સામગ્રી કરો તૈયાર; તે રાજા વજીર બે જોઇ રહ્યા, પછે બોલ પોતે ત્યાં કહ્યા. પેલી નારી ઉઠી બેઠી થઇ. પણ મહોડેથી કાંઇ બોલી નહીં, પહેરેલા અંગે સોળે શણગાર, તે નારી રંભાનો અવતાર.

દુહા—રાજકુંવર ત્યારે બોલીઓ, સાંભળરે રાજન. આ ગામ બધું નીરખીયું, વીપ્રીત દીઠું મન. મુખે કોઇબોલ તું નથી, પશુ પંખી માનવ જન; સભા બધી જોઇ સહી, કોઇ નથી બોલતું વચન તમોને દિઠા બોલતાં, સાંભળો એ મોટો સંદેહ; આ મોહોડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઇ બોલતું નથી, શું છે કારણ તેહ. રાજા કહે તમે સાંભળો, પછી મનાવશું મન; સંદેહ મનના ભાગીશું, પ્રથમ કરો ભોજન. વાલંદ બોલાવ્યા તે સમે, સ્વપન કરાવ્યું રાજન; અત્તર સુંગધી અતી ઘણી, તેથી કરાવ્યુ મર્દન. ઉષ્ણોદકથી સ્નાન કરી, કરવા બેઠા અહાર ત્રણે જણ સાથે રહી, પીરસે પેલી નાર. મન અમતુ માગી લીયે, પણ મુખે બોલે નહિ સાર. ભોજન કીધાં ભાવતાં, ત્રણે રહીને સાથ; મુખવાસ લવીંગને એલચી બીડાં આપ્યાં હાથ. પછી ગોષ્ટ વાત માંડી સહી, બોલે રાજા સાથ; પ્રથમ તમારી કહો સહી, અથ ઇતી વારતાય. તમો કયાંથી આવ્યા ને કયાં જશો, તમો કયાંતણા રહેનાર, નામ ઠામ અમને કહો, તમો કોણ તણા કુમાર. ત્યારે રાજકુંવર ત્યાં બોલીઓ, સભળરે નરેશ તન રાજા ચીત્રસેનના, કસુંબા નગરી દેશ. આ છે સુત વજીરનો, મારે છે મીત્રચારિ; અમો બે જણ અશ્વે ચડી, રમવા ચાલ્યો શીકાર. ગોફણ મારા હાથમાં મારતો પશુને ધરી રીસ; તહાં તપસ્વી એક તપ કરે, જઇ વાગી તેને શીશ. રૂધિર ધાર તેને વહી, કરવા માંડયું રૂદન; અમો સમીપ જઈ કરી, શકરગરી પુછયું વચન. તે કહે જોગ એવડુ ધરો તો જાઓ કપુરૈસભાવતી ગામ, તેની પુત્રી પરણો જઇ જેનું કસ્તુરાવતિ છે નામ વચન તેવું સાંભળી, અમને લાગી હોડ ત્યાંથી અમો બે ચાલીયા. ખુંદતા આવ્યા પહાડ અમો દુઃખ ઘણું વેઠીયું. આવી સુતા અઘોર વન; નિદ્રા કીધી બેઉ જણે, ત્યાં થયું અમોને. સ્વપ્ન, ત્રણ પુરૂષ કોઇ આવીયા, શુરવીર તે ઠામ; આજથી ચોથે દહાડલે, આવશે આશાવળી ગામ, ત્યાં કામ તારૂં થશે, જડશે તમને ભાળ, તેમ કહી પાછા વળ્યા, તેવે થઇ ગયો પ્રાતઃકાળ. ત્યાંથી અમો ચાલ્યા સહી, તમ નગરીને દ્વાર; પણ સંદેહ મનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મટાડીએ, કો બોલતું નથી લગાર વેપાર વણજ કરે સહુ, કોઇ મુખે નવ બોલે વચન; હાલે ચાલે દીએ લીએ સમજાવે કરી સાન, એક તમો મુખ બોલો સહી, તે પડે છે મન ભ્રાંત; તારે તે નર બોલીઓ, હવે હું કહુ અમારૂં વ્રતાંત.

ચોપાઇ– અમો સોરઠ દેશના રહેનાર. હમે જાત તણા સુતાર; અમો બે ભાઇની જોડી સહી, અમારા પ્રાક્રમનો પારજ નહી. દેવધર છે મારૂં નામ, બીજા પ્રાણધર અભીધાન; તે મોહોટો હું ન્હાંનો સહી, મારે દુઃખનો પારજ નહી. અભેગામ ને સુરસેન રાજન અમો જાતે હતા નીરધન; અમે બેભાઇયે વીચારી પેર, દ્રવ્ય કેમ આવે આપણે ઘેર; અમો કાસબી છીએ અપાર, બે ભાઇયે કર્યો વિચાર; કાષ્ટ તણો એક હંસજ કર્યો, તેમાં દોરિ સંચારો ભર્યો. તેમાં કળા શી કીધી પ્રકાશ, તે ઉડયો હંશ ચડી આકાશ; રાજહંસ તો ઉતરે તીહાં, ભંડાર ખજાના ભરીયા છે જયહાં. તાળાં કુલુફ બહુ રહે તીતાં, વળી ચોકીદાર કોઇ ચોકી કરે, પેરેગીર તહાં પેરો ભરે, ત્યાં રાતે હંસ જાય જયાહરે; તરત ઉઘડી જાય ત્યાહરે, હંસ પેસે ઓરડા મોઝાર, પાંખ પોતાની પહોળી થાય, હંસ પહોળો થઇને છાંગજ ભરે. પેલી દોરી ભારે થાય જાહરે; મારો ભાઈ જાણે તેણે ઠામ પાછો આવે પોતીકે ધામ. તરત દોરી ખેંચે ઉલાસ, હંસ ત્યાંથી ઉડે આકાશ; દ્રવ્ય હર્યું તેણે અપરમપાર, તેમ કરતાં બરસ ગયાં છે ચાર, તે ભંડાર સરવે ખાલી કર્યો; દ્રવ્ય લઇને ઘરમાં ભર્યો; એક દિવસ શું કઉતક થયું, તમ આગળ તે સાચું કહ્યું, તે ભંડારિયે કર્યો વિચાર, ધન ખજાને નથી લગાર; ત્યારે રાજાને ચિંતા થઇ; ચોકીવાળા તેડાવ્યા તહિ તમારી ચોકીમાંથી ધન્ય જાય, તે ચોરને કરો પેદાય; નહિ તો તમને માર સહી માર્યા વિના મુકુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ. જાગ્યા રાય ત્યાં આખી રાત, તે નવ જાણે મારો ભ્રાત; ત્યારે હંસ મોકલ્યો તે ઠામ ચોકી વાળે શું કીધું કામ. હંસ આવતો દીઠો જ્યાહરે, ચોકીવાળે જાણ્યું તાહરે; હંસ પેઠો જ્યારે ભંડાર ધન્ય ભર્યું તેણે અપરમપાર. પાછો નીકળે જ્યારે બહાર, ઉડવાને કર્યો વિચાર; તેવો તેને ઝાલ્યો સહી એટલે દોરી તુટી ગઇ, ખાલી દોરી આવી હાથ; તેથી, ચમકી ઉઠયો ભ્રાત; તેણે વિચારી એવી પેર, જે હંસ, રહ્યો રાજાને ઘેર; રાજા મુને ઓળખશે સહી, તે વાતમાં સંદેહ નહિ.

દુહા— કાષ્ટ તણો એ હંસછે, આતો પ્રાણધર ઘડનાર નીશ્ચે મોત આવ્યું સહી, એમ કીધો મન વિચાર. તે માર્યા વિના મુકે નહિં, લુંટી લે ઘરબાર; હવે મુકે નહિ જીવતો શુળીએ દે નીરધાર. એવું મન વિચારીયું, તે માંડી કહી વાત; અહિંથી જલદી નાશીએ, નહીતર કરશે ઘાત ચોરી ઝલાઈ આપણી, માટે ચેતો તરત; નાસો હવે અહિંયાં થકી, નહિતર આવ્યું મરત. વિમાન બે ઘડીયાં હતાં, કાષ્ટતણાં નીરધાર; તેમાં દોરી સંચરો અતી. ઘણો તે ઉડતાં ચાલે આકાશ. સાતસો જોજન જાય સહિ, બીજુ ચારસો જોજન સાર; ધનમાલ તેમાં લઇકરી બે ભાઇ થયા અસ્વાર. સાતસેં ઉપર પ્રાણુધર ચડયો, ચારસો ઉપર હું અસવાર; તે રાતો રાત અપે ચાલીયા, અંત્રીક્ષ ગગન મોઝાર, મારો પ્રાણુધર આગળ ચાલીયો હું રહ્યો પાછળ છેક, પછી ખબર અંતર તેની નથી રહ્યો હું એકાએક ત્રણુસો જોજન અહિંયાં આવીયો હું સુતો વડ એક ઠામ; રાતે નીદ્રા કીધી ઘણી, પછી શું થયું ત્યાં કામ. સ્વપ્નું આયું ત્યાંહાં મુને, દીઠા પુરૂષ જણ ત્રણ; તમને તેણે કહ્યું હતું, તેમ મને કહ્યું વચન. દહાડે ચોથે આજથી, આવશે સુંદર ગામ, તે નગર બહાર દેહવટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયું, એક દૈતે કર્યું તે ઠામ. માણસ સરવે ખાઈ ગયો, પણ માણસ ન મળે કોઇ; ઠામ મુકી નાશી ગયા, જોવા રહ્યું ન કોઇ, ભર્યું ભાદર શહેર છે પણ માણસ મળે નહિં કોઈ ત્યાં રાજમહેલ ખાલી રહ્યા, કરતુક દૈતનાં હોય.

ચોપાઈ—એમ કહી પુરૂષ ગયો, એટલે હુ તો જાગતો થયો; પ્રાતઃકાળ થયો જ્યાહરે, અમો ત્યાંથી ચાલ્યા ત્યાહરે. આ નગર મેં દીઠું હું ત્યાહરે, ગામમાં પેઠો જ્યાહરે. નહિ મળે કોઇ ચોકીદાર. કોઇ લોક ન મળે લગાર બધી દુકાનો ઉઘાડી સહી; અસંખ્ય માલ ભર્યો તે મહી, તેની સંખ્યા કાંઇજ નહિ. પણું ન મળે ત્યાં ચોકી કોય, એવું દેખી મન અચરત હોય; નાણાવટીની દુકાનો જોઇ, ઉઘાડી પડી છે તહીં. બારણે રૂપીયાના ઢગલા ઘણા, જવેરિ જડીયા ચોકસી ઘણા; સઘળાનો માલ પડયો છે બહાર, ન મળે કોઇ ત્યાં રખવાળ. એમ સઘળું જોયું છે ગામ, પછે આવ્યો હું આણે ઠામ; રાજમહેલ મેં જોયો સહી, પણ મેં કોઇ માણસ દીઠું નહિં. ખજાનો દીઠો ઉઘાડો સાર, તેમાં દ્રવ્ય ભર્યો અપાર; હું આપે એકલો જાત ત્યારે પછી કહું એક વાત. સુનું શહેર એવું દેખાય, જાણે કોઇ આવેને હમણાં ખાય; થરથર કંપે મારૂં શરીર, પણ મેં મનમાં રાખી ઘણી ધીર. પછી મેં મનમાં કર્યો વિચાર, હું એકલો શું કરૂં આ ઠાર, પણ મારી પાસે વિદ્યા છે ઘણી, વિશ્વકરમાના પ્રાક્રમ તણી; મેં વિચાર મનમાં કર્યો સહી. પછી મેં શું કીધું અહીં; કાષ્ટ તણા પુતળાં બહુ કર્યાં. મેં તેમાં દોરી સંચારો ભર્યો; કુતરાં બીલાડાં ઉંદર સહી, તે પણ કાષ્ટ ઘડેલાં તહીં; કાગડા કાબેર ચકલી પણ સાર, કાષ્ટનાં બધાં ઘડયાં એ વાર; માખી કીડી સર્પ મંજાર, તે પણ કાષ્ટ તણાં ઘડનાર. હંસ મોર ચકોરસ છે સહી જડ છે એમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાઇ ચેતન નહીં; અશ્વ ગજરથ બંદીયા જોડા જોડ, તેમાં નહીં ખાંપણુ કે ખોડ, આ સભા મારી બેઠી છે સહી કાષ્ટ પુતળાં ઘડેલાં અહી; ગુણુકા નૃત્ય કરે છે નાચ, તે પણુ કાષ્ટ તણી છે સાચ, અર્ધાંગે મુજ નારી સહી, જેણે રસોઇ કરી જમાડયા અહિં; એ પણુ કાષ્ટની પુતળી સાર, તે પણુ સાચી નહી લગાર. સાચામાં બેઠા એક અમો, એટલે બે જણુ આવ્યા તમો; મને એકલું ન ગમે આ ઠામ, માટે અમોએ કર્યું આ કામ. આ સઘળો કામ ફરમાવ્યું કરે, ગામ મધે ફરે ને હરે. પણુ મુખે કોઈ ન બોલે વાણુ, જીવ નથી પણુ જડ છે જાણુ. મન રમાડો કરીને રહું, દુખ સુખ કોની આગળ કહું, આજ મારો આત્મા ઠર્યો સફળ જન્મ તમે મારો કર્યો; તમો બે જણુને દીઠાં જ્યાહરે, ખુશી થયો હું અતી ત્યાહરે. આજચાર વરસે ભાગી ભુખ, જ્યારે દીઠું તમારૂં મુખ; તમ ઉપર ઉપજે બહુ બ્હાલ, આજ મુખે બોલ્યો સવાલ. હવે ખાસા પીઓ સુખે રહો , કામકાજ હોય તે મને કહો; હવે જવાનું જો કરશો તમો, તો તો મહા દુઃખ પામશું અમો. તમો બેસો રાજ્યાસન, અમો ચાકરી કરીશું રાજન; આ સર્વે છે તમારો માલ અમે તો તેહતણા રખવાળ, પણુ દુઃખ એક મારા મનમાં ઘણું વિજોગ ભોગવું બાંધવ તણું; આગળ ચાલી ગયો છે એહ, ફરી મુને મળ્યો નહિ તેહ.

દોહા—આ નગરમાં હું એકલો, બીજું નથી અહિંઆં કોય; તમો બે જણુ આવી મળ્યા. હવે મહા સુખ મુજને હોય. ત્યારે રાજકુંવર વળતુ વદે, અમથી કેમ રહેવાય; અમારે કસ્તુરાવતી જેવી સહી, એહ વીના દેહ નવ ધરાય. મન ખાવું પીવું ગમે નહી, ન ગમે તો કરવી વાતજો કસ્તુરાતી મળે નહિ, તો દેહની કરવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘાત. કાષ્ટ પુતળાં ઘડાર્યાં સહી, 'કૌતક કીધું સાર; આ પ્રાક્રમ થોડું નહી, ધન્ય તુજ અવતાર, હાલે ચાલે કામજ કરે, પેહેરે ઓઢે સૌ સાથ; ખાય નહીં બોલે નહીં, તે દોરી પ્રભુને હાથ. તારી ત્રિઘામાં બાકી નહીં, અમે જોઇ થયા પ્રસન્ન; ધીરજ રાખીને રહ્યા, તારી બુદ્ધિને ધન.

છપ્પો—મૃત્યુ લોકના જન, ધનધન તારી બુદ્ધિ; મૃત્યુ લોકના જન, સઘળે તાહારી સુદ્ધિ. મૃત્યુ લોકના જન, પ્રાક્રમ પ્રભુના જેવું; તુ ઘડે ઘાટ અપાર, જ્યાં જોઇએ ત્યાં તેવું તુજ ચતુરાઇમાં ખામી નહી, એ હાલે ચાલે ઘણું અહીં; મૃત્યુલોકના માનવી, બુદ્ધિ તારી 'નવ જાએ કહી. કાળા માથાના જન, વાઘને વશજ કરતા; કાળા માથાના જન, સમુદ્રમાં તે તરતા, કાળા માથાના જન, જળમાં દીવા બાળે; કાળા માથાના જન, વસે સ્વર્ગ પાતાળે. કાળા માથાના માનવિ, જે પરકાયા પર જઇ ઠરે; કામણ મોહન વશીકરણ, તેતો વળતી નીત્ય કરે.

ચોપાઈ—રાજા કહે સાંભળ સુતાર, તારૂં પ્રાક્રમ અપરમપાર; માટે હવે આજ્ઞા દિજીએ, અમે અમારો પંથ લીજીએ. કસ્તુરાવતી જો મળશે નાર, તો આવીશું પાછા આ ઠાર; નહિં જડે અમને એ જાણ, તો હવે અમે કહાડીશું પ્રાણ, એમ કહીને છાના રહ્યા, ત્યારે બોલ દેવધરે કહ્યા ચિંતા શાને કરો છો તમો, તેની ભાળ કહાડીશું અમો. કપુરાવતી નગરી કહેવાય, તે ચારસો જોજન અહીથી થાય. પણ વચ્ચે દરીયો મોટો સહી, ત્યાં કોઇથી જઇ શકાયે નહીં; તે નગરી છે દરીયા પાર, તમો કેમ જશો તેણે ઠાર. તમો થોડો રહેવાદો આણે ઠામ, અને એક કરોને કામ; જે વિમાન અમ પાસે છે સાર, ચારસેં જોજનનું છે જનાર. એ ઉપર સ્વારર્થ થાઓ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખે દરીયાની પારજ જાઓ; ત્યારે હરખ્યો તે રાજન, આરત પુરી પડી એ મારે મન. તપ પ્રતાપે મળશે નાર, પાછા આવશું આણે દ્વાર; અશ્વ મુક્યા આણે ઠામ, બે જણ જઇને બેઠા વીમાન. દોરી સંચારા જોયા સાર. ઉડયું વીમાન તે દરીયા પાર; ચારસેં જોજન આવ્યા જેટલે, વિમાન હેઠું ઉતર્યું તેટલે, ત્યાં વસ્તી દિઠી છે ઘણી. શોભા રૂડી નગરજ તણી; કનકકોટ ચળકારા કરે, હીરા રત્ન જડયાં કાંગરે. દરવાજા સુંદર છે સાર. ભાનુમય શોભે ઝળકાર; દરવાન દિવાન ઉભા બારણે, તે સઉ ચોકી તણે કારણે. તેણે પુછ્યું જઇને ઠામ, કહો ભાઈ આ નગરનું નામ; ચોકીદાર બોલ્યો કરી પ્રણામ. કપુરસભાવતી નગરીનું નામ. કપુરસેન ત્યાં છે રાજાન, દરદ નથી કોઇને મન; એવું સાંભળી બંને જણ રહ્યા, પછે નગર મધે તે ગયા, બંને જણે વિચારી પેર, ઉતર્યા જઇ માલણને ઘેર.

દોહા—એ માલણ ઘેર રહ્યા સહી, બે જણા બાવનવીર; નગરચર્યા જુવે સહી, મનમાં રાખી ધિર. દિવસ આઠ સેજે ગયા, માલણને પુછી પેર, સુખ દુઃખ કેવું શેહેરમાં, રાખે મેહેર કે કેર. શું નામ છે રાજા તણું, પ્રધાન કેવો કેહેવાય; શી પેર પ્રજા પાળે સહી, કેવો ચુકાવે ન્યાય. માલણ કહે તમે સાંભળો, અમારા દેશની વાત; સુખ સ્વર્ગના જેટલું, ખોટી નવ કહું જાત. એ કપુરસેન રાજા સહી. ત્રીલોચન પ્રધાન; પુર પ્રજા પાળે સહી, દેછે ઝાઝાં માન. ચોર લંપટ ચાડી નહી. અદેખાઇ નહિ દેહ; પરમારથ ઉપર પ્રીતી ઘણી સૌને મન સ્નેહ. વળી પુત્રી એક પરિવારમાં, સુંદરી અવની સુજાણ; આ જીભે વખાણ શું કરૂં, જેનું પેટજ પોઇણી સમાન. તે સમાન નહિ કો સુંદરી, અવનીતલ મોઝાર તે બ્રહ્માએ નિરખો નથી, સ્વહસ્તે કીરતાર. મુખ જોતાં દુઃખ જાવે દેહનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કસ્તુરાવતી છે નાર ભરજોબન વરસ તેરની. સ્વહસ્તે ઘડી કીરતાર. અથ ઇતિ તમને કહ્યું, આ નગરીનો સાર.

ચોપઇ—એવી વાત કહી જ્યાહરે, રાજકુંવર બોલ્યો ત્યાહરે, પરણી કે કુંવારી સહી, તેનું કારણ કહોને અહિં ત્યારે માલણ બોલી વાણુ, હજુ કુંવારી છે તે જાણુ; એ કન્યાને મોટી ખોડ, તેવી ક્યાંથી મળશે જોડ. એના પીતાએ પરણાવવા કરી, ત્યારે એને ના કહ્યું વળી; કહ્યુ મારે મન છે અદકુ જ્ઞાન, મારે મન છે પુર્વનું ભાન. પુર્વ જન્મનો કંથ મળે જ્યાહરે, અમે તેને પરણીશું ત્યાહરે; માટે રહી છે કુંવારી એહ, પરણ્યાની ના કહે છે તેહ. માગાં આવે જે અપરંપાર, સાને રાજા કરે નકાર; એવી વાત કરી જ્યાહરે, રાજકુંવર બોલ્યો ત્યાહરે. એનો કોઇ ન જાણે પાર, કહે પુરવ કોણ હતી તે નાર. ત્યારે માલણ બોલી વાણુ, સાંભળ રાજા ચતુરસુજાણ; કસ્તુરાવતી નારની વાત, તે એક જાણું મારી જાત; તેને માહારે અદકો સ્નેહ, જીવ એકને જુજવી દેહ. સુંદર મહેલ કુંવરીનો સાર, દહાડે સહસ્ર દાસી રખવાળ; માહરે રોજ જવું પડે છે તીહાં, ફુલની ચોળી ગુંથવી જીહાં. એક દહાડો શો થયો બનાવ; વાત કરવાનો આવ્યો દાવ; ફુલ આપવા ગઇ જ્યાહરે, મુને હુકમ કર્યો ત્યાહરે. મુને કહે કાંઇ વાતજ કરો, મોતી મારા માથામાં ભરો; સુખી દાસી પાસે હતી નહિ. ત્યારે મેં આવી વાણી કહી; ત્યારે તેણે મુને કહ્યું એમ, તું પરણ્યાનું નામ દે છે કેમ; પુર્વ જન્મનો સ્વામી મળશે જ્યારે, અમો પરણીશું ત્યાહરે. મેં કહ્યું તમો છો સાચી સતી, ને પુરવ જન્મની પ્રીતી નથી; તમને તેનું ક્યાંથી જ્ઞાન, તે વાત કહો નિદાન. ત્યારે કસ્તુરાવતી બોલ્યાં વચન, આજ તારૂં મનાવું મન: હું કોઇ આગળ કહેતિ નથી જઇ. રખે વાત કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણે નહિ. પછી વાત માંડીને કહી; તે સાંભળે છે રાજા સહિ. માન સરોવર છે જીયાં, હંસલી અવઅવતાર હું તીયાં. હંસ હતો મારો ભરથાર, માંહેમાંહે પ્રીતી અપાર; જળ મીનને જેમ પ્રીત જડી, જુદા રહે નહિ એક ઘડી. એમ કરતાં મને થયો એક તન, હરખ્યાં નર નારીને મન; અમ કરતાં પુત્ર મોટો થયો, અમારો હરખ નવ જાયે કહ્યો. હું લડાવું લાડ અપરંપાર તન જાણું છું સર્વ કુમાર; શીવ દેવળ હતું જીહાં, અમો નરનારી રહેતાં તીહાં આવ્યો વાયુ દુષ્ટળો સહી, વ્રષ્ટી કેરો પારજ નહીં; જળ પુરણુ ભરાણું ત્યાંય, પુત્ર પડયો તે જળની માંય.

દોહા—પુત્ર મુજ પડયો સહી હંસ ગયો તો બહાર; પુત્ર પડયો તે જળ વિષે, ગયો ત્યાં તો નિરધાર. પુત્ર જતો દીઠો જ્યાહરે, મેં માંડયું કલ્પાંત; તે ફરી પુત્ર દીઠો નહી આવી ગયો ત્યાં અંત. મેં રૂદન કીધું ત્યારે ફરી, પુત્ર પુત્ર કરી પોકાર; એટલે હંસ ત્યાં આવીયો, કેમ રૂદન કરે તું નાર. મેં વૃતાંત માંડી કહ્યું, જે ગયો લાડકવાયો તન; એવું સુણી હંસ કળકળ્યો, જે ગયો લાડકવાયો તન; હાયહાય કરે ઘણું, કુટે માથુ તે વાર; પુછે ધીરજ રાખીને રહ્યો, મને ધીરજ આપી લગાર. હું લટ તોડું માથા તણી, કુટું હઈડું ને શીશ; ત્યારે હંશે મને બહુ પ્રીછવી. ફરી મારા ઉપર રીસ. હવે દુઃખ ધરે કેમ ગોરડી, એ મુવો જીવે નહીં કોય; દૈત ગત છે અટપટી, હોનાર હોય તે હોય. માટે છાની રહે તું કામની, રૂદન કરે શું થાય; જે જાયું તે સર્વે જશે, મોડું વહેલું નિરધાર. વળી તુને હું જીવતા સહી, તો પુત્ર થશે ઉત્પન્ન; માટે છાની રહે તું કામની, શાને કરે છે રૂદન. પછી રડતી રહી હું તે સમે, પણ મનમાં ધર્યાં વૈરાગ; સંસાર સુખ છોડયું સહી, જાણે લાગી આગ. એમ થોડા દિવસ ગયા જયાહરે; ત્યારે હંસ બોલ્યો વચન;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંભળ નારી સુલક્ષણી, આજ મુજને એવું મન. સંભોગ કરીએ આપણે, તું નારી ચતુરસુજાણ; જો પરમેશ્વર કૃપા કરે, તો પ્રગટ થાય સંતાન ત્યારે કુળકળી ઘણું કામની, હંસને કર્યો ધીક્કાર; પુત્ર શોક તું નવ ધરે, કઠણ પુરૂષ અવતાર. ધીક્કાર હંસ છે તુજને, એવી બોલ્યો વાણ; માહારે સંગ કરવો નથી, નથી જોઈતું સંતાન.

ચોપાઈ—ક્રોધ ચડયો મુજને અપાર, હંસને મેં કર્યો તિરસ્કાર; માહરે સંસાર શું સંબંધ નહિ. તારે ભોગની ઇચ્છા થઈ. કેમ સાંભરે નહિ તુજને તન, એવું કઠણ થયું કેમ મન. પુરૂષ જાત કઠણ નિરવાણ, હવે તજું હું દેહથી પ્રાણ; હું મરૂં જઈ આપો આપ, હંસ શીર તારે પાપ. દવ બળતોતો તેને ઠામ મેં ઝંપલાવ્યું મુકી નામ; એ વાત માહારી ખરી કરી, આ રાજ કંન્યા થઈને અવતરી તે હંસ પાછો મળે જ્યાહારે, તેને અમો પુછીશું ત્યાહારે; તેને મહારી જો મળશે વાત, ત્યારે પરણશું તેની સાથ. આવી વાત મુજને ત્યાં કહી, શિખામણ તુજને દીધી તહીં, એ વાત રખે કો આગળ કરો, સુખે તમારે મંદિર પરવરો. એની વાત તમ આગળ કહી, રખે તમે કોઇને કહેતાં નહી; તે માટે હજી કુંવારી કન્યાય, તેથી પરણ્યાની કહે છે નાય. કંઇ આવી ગયા રાજાના તન, તે જુઠું બોલતા વચન; અમો પુર્વની જાણું વાત. પરણાવો અમારી સાથ. વાત કરે ને જુઠા પડે, તેનો ઘાટ તે રાજા ઘડે; માનભંગ થઇ પાછા જાય, એમ કંઇક આવી ગયા રાજાય. એમ કહીને છાની રહી, ખરી નીશા રાજાની થઈ; એમ કહી ઠેકાણે ગયા, રાજા વજીર બે રમવા ગયા; કહો વજીર હવે સાચી વાત એ નારી કેમ આવે હાથ; તેનો કાંઇ કરીએ પ્રપંચ, જેમ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે ઉની આંચ. ગુણ સ્વભાવ ગુણનો ભંડાર, લક્ષણ પુર્ણ વી· સને બાર; પુરણછે તે ચતુરસુજાણ, બંને પુરણ છે ગુણવાંન. બે- ઉએ વિચાર કિધો સહી, પ્રપંચ વિના કાંઇ મળશે નહિ; એક રાજા ને બીજો વજીર, તે બેઉ જણ થયા ફકીર. હંસની એમ પોકારજ કરે, તે ગામ મધે બે જણ ફરે; ભગવાં લુગડાં અંગે ધર્યાં, સેલી સીંગી માંહે ભર્યાં. રાજા ઉંચી રાખે દ્રષ્ટ. ઘણું એક પામે છે કષ્ટ; વજીર સુત સાથે તે ફરે, સઘળે ફરીને જાહેર કરે; રાજા તે તો ફરજ કરે; ગલી કુંચી સઘળે ફરે; હંસા હંસા વાણી ઓચરે, આખા શહેરમાં ફરતો ફરે.

દોહા–ગલી કુંચી સઘળે ફરે, ચઉટું શહેર બજાર; મેહેલે મહેલ ઉભો રહે, ને મુખે કરે પોકાર. લોક તેને જોવા મળે, નાનું મોટું સર્વ; રૂપ જોઇ ફકીરનું, મનના મુકે ગર્વ; ભગવા કછોટા વાળીયા, તેથી શોભે સુંદર અંગ. નેત્ર જળ ભરી કરી, કહે એમ વારંવાર; ઓ હંસા એમ કહે સહી, બીજો નહિ ઉચ્ચાર. લોક કહે ફકીરને; જે જોઇએ તે લ્યો; માગો મોં સામું જોઈ. કારણ મનનું કહો. બોલાવે તો મુખેથી, કહે છે હંસા એમ; બીજું કાંઇ બોલે નહીં, ધ્યાનમાં આવે જેમ. રોજ દિન ફરતાં ફરતાં સહી. સાંજે આવે માલણ ત્યાંય; એમ દહાડા ઘણાક વહી ગયા, નવ જાણીતી માલણ થાય. એમ કરતા ફરતા પરવર્યાં જ્યાં છે રાજદ્વાર ઓ હંસા એમ કહે સહી, તેને જુવે લોક અપાર. એમ ફરતા ફરતા આવીયા, જ્યાં છે પુત્રીનો મહેલ; મહેલ તળે ઊભા રહી, નાંખે છે એમ ટેલ. હંસા હંસા એમજ કહ્યું, નેત્રે ભરીને નીર; તે ઉંચી દ્રષ્ટ કરી, એમ કહેતો ફરે ફકીર. તે કુંવરી બેઠી છે બારીએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચક નાંખી તે વાર; દીઠો પેલા ફકીરને કહેવા લાગી તે ઠાર. આ ફકીર બે કાંઇ કારમા, શું કહેતા હશે મન. પુછો જઈ ફકીરને, શું છે તમ કારણ; આપણે જે જોઇએ તે આપીએ, મનાવીએ તેનું મન. ત્યારે દાસી આવી બારણે, બોલી મુખથી વચન; તે ફકીરને બોલાવીયા, પુછે જોડી બે હાથ. જે જોઇએ તે તો કહો, શું છે તમારે કષ્ટ; સાચુ કહો સુલક્ષણા, એમ દાસી કહે સ્પષ્ટ. ત્યારે રાજકુંવર બોલીયો, ઓ હંસારે વચન; બીજું કાંઇ બોલે નહી, દાસી વીસ્મે પામી મન. નારી આવી માળીએ, કહે કુંવરીને પેર; એ બીજું બોલે નહી, ઓ હંસા એમ કહે. પાછો ઉત્તર આપે નહિ. તો શું સમજીએ મરમ, જોઇતું કાંઈ માગતો નથી, એ ધારી બેઠો ધરમ.

ચોપાઇ—ત્યારે રાજકુંવરી બોલી વાણ, સાંભળ દાસી ચતુર સુજાણ; તે ફકીરને બોલાવો તમો, ભેદ તેનો પુછીશું અમો. દાસી હશી ધશી હેઠી ગઇ, જઇ ફકીરને વાણી કહી; તમોને તેડે રાજ કન્યાય, કૃપા કરીને આવો ત્યાંય. તે ફકીર એવું સાંભળી, મુજ તણી પોતી છે રળી; ફકીર ત્યાંથી ઘરમાં ગયા, તે દાસીને સાથે થયા. બેસાડયા કનક આસન, દીઠા બેઉ તે રૂપ રતન; મનમાં પોતે સમજી નાર, સંદેશા પુછે કરે વિચાર. ન હોય એ ફકીર સ્વરૂપ, નિશ્ચે છે કોઈ પૃથ્વિનો ભુપ; ચક નાંખીને બેઠી નાર, દાસી સાથે પુછાવ્યો વિચાર. કહો ફકીર શું માગો તમો, જે જોઇએ તે આપીએ અમો; ખાનપાન વળી ધન ને ધાન, જે જોઇયે તે સાચી કહો વાણ. ત્યારે હંસા કહી કર્યો પોકાર, બીજો નથી તેને વિચાર; ત્યારે નારી મનમાં અચરત થઇ, એ કેણું દુઃખ ભરેલો સહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે બીજો ફકીર છે જેહ, જોયા કરે છે દ્રષ્ટે તેહ; તેને બીજો નથી વિચાર, તે જોઇ પુછે છે નાર. કહો આ શું બોલે વચન, તેનું શું છે કહો કારણ; શું મુખેથી કહે છે એહ, અમો સમજતા નથી કાંઇ તેહ. અમે જાતે પુછ્યું જ્યાહરે આ હંસા એમ કહે ત્યાહરે, શું જાઇએ છે એને સહી, કહ્યા વિના કોઇ જાણે નહીં માટે સાચું કહો આ ઠામ, ક્યાં રહેવું ને શું છે નામ. ત્યારે વજીર બોલ્યો બોલ, તેનું તો ભારે છે તોલ. તેની પુર્વ જન્મની બી છે જેહ, હંસા કહી સંભળાવે તેહ; ત્યારે રાણી કહે કાંઇ મર્મ, અથ ઇતિ સંભળાવો કર્મ.

દોહા—ત્યારે વજીર એમ બોલીયો, સાંભળ નારી વચન; કોસંબા નગરી સહી, રાજા ચીત્રસેન રાજન. તેનો તન છે એ સહી, તેનું બરાસરાય છે નામ; અમો વજીરના કુંવર સહી, તુજ ગુણ સ્વભાવ અભિરામ. સ્નેહ માહરે નાનપણુ થકી, એક એકઠાં મન. ખાવું પીવું ખેલવું. કરવું તે એકઠું શયન, ગુણી પુરૂષ છે એ સહી; એમાં છે બત્રીસ લક્ષણ, કહો તો વિવાહ કીજીએ. એના તાતે કહ્યું વચન, ત્યારે કુંવરે એમ કહ્યું; મુજને છે અદકું જ્ઞાન, પુર્વ જન્મની મળશે સહી. તે લેઇશું કન્યાદાન, ત્યારવિના પરણુશું નહિ; માટે એની બાધા જાણુ, હવે નામ લેશો પરણ્યા તણું. તો તત્ક્ષણુ તજશું પ્રાણ. એમ કહી બંને જણા નીસર્યા; ધરી મનમાં વૈરાગ. ફકીર થઇ વનમાં ભમ્યા, સંસાર કીધો ત્યાગ; દેશ દેશને ગામ ગામ, જોયા ખટ ખંડને ઘાટ. તે ધ્યાન એને લાગ્યું સહી, ને લાગ્યું એને હાડ. એ નારી મળશે જ્યાહરે, તે શું કરશું વાત; નહીતર એ બોલશે નહિ, દેહની કરશું ઘાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોપાઇ-ત્યારે રાજ પુત્રી બોલી વચન, કહો એના પુર્વ જન્મનું તન; ત્યારે વજીર કહે છે વચન, કેમ સન્દેહ ભાગ્યું એ મન. ત્યાં નારી કોણ હતી ખરે, કોણ પુત્ર જન્માંતરે; તમો રાજકુંવરીછો સહી, માટે તમ આગળ કહેવાય નહીં. તમ આગળ સાચું કહીયે જ્યાહરે, કહાય તમો એમ કહો ત્યાહરે; નિશ્ચે હું પુર્વ જન્મની નાર, મારો નિશ્ચે એ ભરથાર. વરવાથી એનું ભાગે વ્રત, તે વેળાએ પામે મ્રત; માટે તમ આગળ કેમ કહેવાય, તેનું કહીને રહો છાનાય' ત્યારે રાજકુંવરીયે ખાધા સમ, જુઠું અમે કેમ બોલીએ વચન; ત્યારે વજીર કહે સુણજો તપો, એવાં પારખાં દીઠાં અમો. એમ કહી નારી પરણવા કાજ, જુઠું બોલતાં નવ આણે લાજ; માટે તમને કહું છું અમો. એ વાતની રીસ મ કરશો તમો. ત્યારે પાછી બોલી નાર, મુને વાત કહો વિસ્તારઃ તેમાં રીસ મુજને નવ ચડે, સાચું કહેતાં કોણજ વઢે, ત્યારે વજીર બોલ્યો વચન. કહું તમને પુર્વજન્મનું તન, માનસરોવર પાસે વન સાર; ત્યાં હતો હંસનો અવતાર, તેની નારી હંસણી સહિ. બેમાં જીવ એકનો જુવો નહિ, ઘણી પ્રીત છે તેને અપરંપાર; તેને એક થયો હંસકુમાર, લાડકવાયો ઘણો તે બાળ; માબાપને મન ઉપજે વહાલ. એક દિવસ શું થયું વિઘન; જળ મધે પડયો તે તન, ત્યાં વૃષ્ટિ થઇ છે અપરંપાર. વાયુ ત્યાં ઘણો થયો સાર, તળે પાણી હોય અદકું ઘણું; તેમાં કુંવરનું મ્રત્યુ થયું, નારિએ બહુ કર્યું રૂદન. દુખીયાં થયાં બે જણાનાં મન. પછી હંસે વારી નાર, મુવા પુત્રનો શો વિચાર. થોડા એક દિવસ ગયા જ્યાહરે, એમ હંસ બોલ્યો ત્યાહરે; આવો નારી પાસે સહી. આપણે સંસાર કરીયે અહીં. અપણ અંતે જીવતાં છીપે નાર, તો વળી ઘણાં થાશે કુમાર; એ હિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાત કહી જ્યાહરે, હંસણીએ ક્રોધ કર્યો ત્યાહરે, ધીક ધીક પુરૂષનો અવતાર હંસનો કીધો તિરસ્કાર; મુવા પુત્રનો શોક ન ધરો તન, કેમ થયું સંસારનું મન, હંસણીએ વિચાર્યું ત્યાંય. પડી દવ બળતો તે માંય; હંસની વારી તે નવ રહી, અગ્નિમાં હંસણી બળી ગઇ. ત્યારપછી હંસે કર્યો વિચાર; ફરયો દવ પછવાડે ફેરા ચાર; પેલે ભવ એ નારી મારી થજો, મને જ્ઞાન આ ભવનું હજો. એમ કહી પડયો અગ્નિમાંય, તરત બળી ગયોછે ત્યાંય; ત્યાંથી થયો ચિત્રસેનનો તન, તે નારી ખોળે વનોવન. એ નારી એને મળશે જ્યાહરે, તેની સાથે બોલશે ત્યાહરે; જે થઇ છે તે કહી છે વાત, જુઠું ના બોલું તમ સાથ.

દોહા—એ વાત નારીએ સાંભળી, તતક્ષણ થઇ અચેત; શ્વાસોશ્વાસ કાંઈ છે નહીં, નેત્ર થયાં દો શ્વેત. હૈયે ડુમો જામીયો, વહી આંસુની ધાર; બે ઘડીએ મુર્છા વળી, ત્યારે બોલી તે નાર. ધન ધન ઇષ્ટદેવ તુજને, ધન્ય તું કીરતાર; નારી હરખી અતિ ઘણું, મળ્યો પુર્વજનમનો ભરથાર. ચક છોડી નાંખ્યો તહીં જળહળ નીકળ્યું તેજ; આભ મધ્યે જેમ વિજળી, તેવું દીઠું તરૂણીનું તેજ.

છપ્પો—જળહળ ઝુળકયું તેજ, એજ તારૂણી જોઇ; ધરણુ ઢળ્યા રાજન, સુધ બુધ સરવે ખોઇ, તે વજીરે જોઈ નાર, ચમકીત ચિત્તમાં લાગ્યો; પડયો ધરણુ મોઝાર, પડયો તેવો તે જાગ્યો. રાજાને પણ આવી, સુધબુધ ઠેકાણે લાવી; વજીર ઉઠાડયો તરત, સાન માંહે સમજાવી. મોતી થાળ નારી ભરી, વધાવીયો રાજા તહીં પાયે લાગી પદમણી, પછી કર જોડી ઉભી રહી.

ચોપાઇ—મોતીએ વધાવી લાધો રાય, કરજોડીને લાગી પાય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ મારી ભાગી છે ભ્રાંત, મળ્યું પુર્વ જન્મનુ વૃત્તાંત. રાત દિન વાટ જોઉછું, દુઃખથકી દહાડા ખોઉં છું; એ મારો પુર્વનો ભરથાર, નિશ્ચે હંસ તણો અવતાર. તમે એમ જાણો ભરથાર. જે જુઠું બોલતી હોશે નાર; પણ જુઠું બોલું તો ઈશ્વરની આણ, મને પુર્વ જન્મનું જ્ઞાન. મારા બાપે મુને પરણાવવા કરી, ત્યારે મેં ના કહી ફરી ફરી; મારો પુર્વ જન્મનો મળશે શ્યામ, તેની સાથે છે મારે કામ. તે સહુ જાણે નગરના લોક, મિથ્યા હું નથી બોલતી ફોક, આ પુછો દાસી સાહેલી જન, હું મિથ્યા નથી બોલતી વચન, એમ કહીને છાની રહી; કર જોડીને ઉભી રહી, પછી બોલ્યો રાજાનો તન. સાંભળ નારી મારૂં વચન, તું જાણે તારા મનનો વિચાર; સાચું બોલું છું હું નાર, તે નારિ માટે તજ્યો છે ભોગ, રાજ તજી લીધો છે જોગ, મારૂં મન પ્રસન્નજ થયું જ્યારે વચન તમે સાચું કહ્યું, હવે ચેતાવ તારા માત ને તાત. વિસ્તારીને કહો તે વાત. ત્યારે નારી કહે સાંભળ રાજન, એક પુછુંરે તમને વચન, આજ પુરી પડી અમ આશ; આ નગરમાં રહો કોણ વાસ. હવે મન બહુ મળવા થાય, ધીરજ રાખી હવે નવ જાય; ત્યારે બરાસ બોલ્યો રાય, અમે રહીયે માળી મંદિરમાંય. હવે અમને આજ્ઞા દીજીયે, અમે પંથ અમારો લીજીયે; અમો માળી ઘેર રહીશું રાત, તું તારા બાપને કરજે વાત.

દોહા—વારૂ કહિને તે ગયા, ને આવ્યા માલણને ઘેર, તો પ્રેમદા હરખે અતિ ઘણી, પછી શી કીધી પેર. માને તેડાવી મહેલમાં, કહી માંડીને વાત; આ ફકીર બે નગરમાં ફરે, તેમાં એક છે મારો નાથ. એ હંસા કો કહે સહી ઉંચી રાખી દ્રષ્ટ, એમ કહી શોધે મુને; ઘણું પામે છે કષ્ટ. હંસ સાથે હંસણી હું હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુર્વે મારો તે ભરથાર, એ હંસ ત્યાં હતો સહી; ધર્યો બે જણે અવતાર, હું અવતરી આ દેશમાં; તમો માતને તાત, કસ્તુરાવતી નામ તમે ધર્યું, હું બોલતી નાથ. એક કસુંબા નામે નગર છે, ત્યાંનો ચિત્રસેન રાજન; તેને પેટ જે હંસ આવીયો, થઇને તેનો બરાસ તન. નામ તે તણું તેહને, પણ પુરવેનું જ્ઞાન; માત તાત પરણાવા કરે, ત્યારે ના કહી સંતાન. મારી પુર્વેની નારિ મળશે જ્યાહરે, ત્યારે પરણીશું તાત; હાલ નામ લેશો પરણ્યા તણું, તો કરશું દેહની ઘાત. ત્યારે માત તાત બોલ્યાં નહીં, ધર્યું પોતાને મન; એ વજીરસુત તેનો મિત્ર છે, તે બંને નીકળ્યા વન. તે નગર દેશ જોતા સહી, એ હંસા કરે પોકાર; ફરતા ફરતા આવિયા, આપણા નગર મોઝાર. તેણે અથ ઇતિ સર્વે કહી, પુર્વેનું વૃત્તાંત; નિશ્ચે થયો મારા મન વિષે, હવે ભાગી મનની ભ્રાંત. માટે અમને પરણાવો માવડી, ઝાઝું કહે શું થાય; તે ઉતર્યો માળી મંદિરે, જઇ ચેતાવો રાય. વાત સુણી કુંવરી તણી, તેના હૈડે હરખ ન માય; હવે પરણાવું દીકરી, એમ કહિ મહેલમાં જાય. ત્યારે રાજા ઉઠ્યો સભા થકી, આવ્યો મહેલ મોઝાર; ત્યારે રાણી ઉઠી ચરણે નમી, વિનતી કીધી તેવાર. આજ મન માન્યું કુંવરીતણું, ભાગી મનની ભ્રાંત; મને મહેલમાં તેડી કરી, કહ્યું સર્વે વૃત્તાંત. મારી પણ ખાત્રી થઇ, એ જુઠી નહિ વાત; પેલા ફકીર શહેરમાં ફરે, કહે હંસા પસારી હાથ. એ કોસંબા નગરીતણો, ચિત્રસેન રાજન; શોધવા નિસર્યો હંસા નાર જે, એ છે તેનો તન.

ચોપાઇ—રાજાનું તો હરખ્યું મન, સાંભળી નારિ તણું વચન; કાલે પંડિતને તેડી દઉં માન, શુભ દિવસ જોઇને દઉં કન્યાદાન, પ્રધાન મોકલીશું માળી અવાસ; તેડાવીશું સભા મોઝાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી શુભ મહુરતે જોઈ કરી, પરણાવી આપીશું દિકરી. એમ કહી સુતા તે રાત, દિવસ ઉગ્યો ને થયો પ્રભાત; સભામાં આવી બેઠા રાજન. એટલે ત્યાં આવ્યો પ્રધાન, માન દઈ બેસાડ્યા કને. પાસે બેસાડી વાણી ભણે, આજ પુત્રીનું માન્યું છે મન, પેલા ભવનો મળ્યો સ્વામિન, માટે તમે સેના લઇ સજ થાઓ. માળી તણે મંદિરે જાઓ, પેલો ફકીર ગામમાં જેહ; એ બે જણ ઉતર્યા તેહ. મેઘાડંબરપર બેસાડો સહી. વાજાં વાગતે તેડી લાવો અહીં. કહે પ્રધાન એ સાચી વાત, હું મનમાં થયો રળિયાત, લેઈ સેનાને તત્પર થયો. તે માળી તણે અવાસે ગયો, ત્યાં જઇને કીધો પ્રણામ, ચાલો તમને તેડે રાજાન. આ ફકીર વેશ મુકી દીજીએ, રાજ વાધો આપણ લીજીએ; સુંદર અંગે ધરો શણગાર. પધારોજી રાજદ્વાર. તારે રાજા હરખ્યો મન મોઝાર, બે જણ મળી કર્યો વિચાર; સ્નાન કરી સુંદર થયા શરીર, બે જણ જાણે બાવન વિર. વસ્ત્ર મોકલ્યાં છે જેહ, આપ અંગે ધરીયાં તેહ; મેઘાડંબરપર બેઠા રાય, જેમ તારા મધ્યે ચંદ્રમાય. વજીર અશ્વે થયો અસ્વાર, વાજીંત્ર વાગે અપરંપાર; તેનું સારંગધર એવું નામ, રાજા તણો છે તે પ્રધાન; નોબત નગારાં ગડગડે, ઢોલ તાસાં તડતડે. નાનું મોટું નગરમાં રહે છે જેહ, જોવા મળ્યા છે સરવે તેહ; તે બેઠા ત્યાં ચમર કરે. નીશાન નેજા ફરફરે. કસ્તુરાવતી ભાગ્યજ ભણ્યું, પેલા જન્મનું ધન્યજ મળ્યું; આ પેલા ભવતણો ભરથાર, ધનધન એ બેનો અવતાર. જેવું કસ્તુરાવતીનું રૂપ, તેવો સુંદર સરસ્વતિ ભુપ. એમ નગર નારી કરે વખાણ. બંને જણછે ચતુરસુજાણ; એમ કરતાં આવ્યા રાજદ્વાર, રાજા ઉઠયો તેણી વાર. હાથ પકડયો ધરી ઉલાસ, બેસાડયો પોતીકે પાસ; વજીર પાસે બેઠો જ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇ, અન્યો અન્ય વાત પોતાની કહી; તમે આવ્યેથી હરખ્યા અમો જીવતદાન દીધું છે તમો, અમ પુત્રીનું માન્યું છે મન. અમો જાણું છું તન મન ધન, તમો મોટા રાજાના કુમાર; અમારા ભાગ્ય તણો નહિ પાર. હવે શુભ લગ્ન જોઇ કરી, પરણાવી આપું દિકરી. ઘણું સંતોષી દીધાં માન, આપ્યાં બીડાં ફોફળ પાન; પછી જોશી તેડાવ્યો રાજન, કર જોડીને પુછે વચન. તમો રૂડો દિવસ શોધી કહાડીએ, અમો વિવાહ જગન માંડીએ, આ બરાસરાય ચિત્રસેનનો તન, કસ્તુરાવતી રૂપે રતન. તે બનેને પરણાવશું અમો, રૂડો દિવસ ખોળી આપો તમો; ત્યારે જોશીએ નિરધાર્યું લગન, રાજા આગળ કહ્યું વચન આજથકી રૂડા માસજ ત્રણ, ત્યાર પછી છે રૂડા દીન; વૈશાખ સુદ ત્રીજને સોમવાર, રૂડો દિવસ છે નિરધાર. તે દિવસે લ્હાવો લીજીએ, કન્યાદાન રાય દીજીએ; સાંભળતામાં હરખ્યું મન, જોશીને આપ્યું બહુ ધન.

દોહા—લગ્ન નિશ્ચે કર્યું રાયજી વળાવો દઇને માન; ગોળ ધાણા વેહેંચાવીઆ, વેહેંચ્યાં ફોફળ પાન. નગ્રમધે જણાવીયું, વિવાહ કેરી વાત; કસ્તુરાવતીનું લગ્ન કીધું, બરાસરાયની સાથ. હરખ્યા લોક તે મન વિષે, રૂડું કીધું કામ; કસ્તુરાવતી મહા ચતુર છે, તેવો છે એ રાજાન. પછી માન દઇને વળાવીયો, માહણ તણે અવાસ; વાજતે ગાજતે આવીયા, પોહોતી મનની આશ. ત્યારે હાજા હરખ્યો મન વિષે, કહ્યાં પ્રધાને વચન; હવે લગ્ન સામાન તત્પર કરો, ખરચો અદકું ધન. રંગ મંડપ તત્પર કરો; ચીતરાવો ચોપાસ, મંડપ રચના અદકી કરી. જે પહોચે મનની આશ. એમ દિવસ બહુ વહી ગયા, આવ્યો લગ્નનો દિવસ સાર; મંડપ રચાવ્યો મોકળો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈ રહ્યો જેજેકાર. પીઠી ચોળી પ્રીતશું, નારી મંગળ ગાય; ઢોલ ધમકાર વાજતે, રાજા પરણાવવા જાય. સાબેલા ભલી ભાતના, બરાસરાય અશ્વે સ્વાર, નાહાનું મોટું નગરનું, જોવા ચાલ્યાં નરનાર. કોઇ મેહેલે કોઇ માળીએ, કોઇ દેખે નીજ દ્વાર; કોઇ ઓટલે કોઇ બારીએ, કોઈ ઘરમાં કોઇ બહાર. મુખ જોઇ હરખે સહુ, બંને સરખી જોડ; સરવે લક્ષણ પૂર્ણ સહી, કશી વાતમાં નહિ ખોડ. મંડપે વર આવીઓ, સાસુજી પોંખે આંક; કુમકુમ તીલક ભાલે કર્યું, પોંખી તાણ્યું નાક, માહ્યરામાં પધરાવીયા, વિપ્ર ભણે સાવધાન; કપુરસેન રાજા સહી, આપે કસ્તુરાવતીનું દાન, હરખ ઘણો આપે થયો, નરનારી રળીઆત; પરણી ઉઠયાં બંને પ્રીતશું, વધાવે સરવે સાથ. ગોત્રજની પૂજા કરી, વિપ્રને લાગ્યાં પાય; ત્યાં દાન દીધાં અતિ ઘણાં, માનુની મંગળ ગાય. ખાન પાન અદકાં કર્યા, ભોજન કરાવ્યું ગામ; વાજતેગાજતે લાવીયા, વહુવરને તે ઠામ. એક મેહેલ આપ્યો રાયજી, પુત્રીને રહેવા કાજ; સેવક આપ્યા શોભતા; તેમાં રહ્યા પોતે રાજ. ત્યાં ખાન પાન કરે ખંતથી, કરે મનગમતો ભોગ; બંને તે સુખ ભોગવે, રૂડો કરે સંજોગ. રાજસભામાં આવે સહિ, ત્યારે રાજા દે બહુ માન; આદરમાન સર્વે કરે; રાજા રૈયત પ્રધાન.

ચોપાઇ—એમ રોજ સભામાં આવે જાય, રાજાને મન હરખ ન માય; એમ કરતાં વરસ થયાં છે ત્રણ, ત્યારે રાજાએ વિચાર્યું મન. એક દિવસ બેઠાં નર ને નાર, હાસ્ય વિનોદ કરે અપાર; ત્યારે રાજાને સાંભળ્યાં માબાપ, ઘણું દુઃખ પામ્યો તે આપ. નેત્રે વહી આંસુની ધાર, નિસાસા મુકે અપરંપાર, ત્યારે નારી બોલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વચન, શું દુઃખ પડયું છે સ્વામિન. આવડું દુઃખ થયું શા માટ, શે મનમાં થયો ઉચ્ચાટ; તારે રાજા કહે સાંભળરે નાર, મારા દુઃખનો નહિ આવે પાર. માબાપ અમારાં દુર રહ્યાં કઇ, સુંદરી અર્થે આવ્યા અહિં; તે મારા વિજોગે તજશે પ્રાણ. વાત કરતામાં થાશે હાણ. મારી જે પ્રભાવતી માત; તે અમ વગર જીવે નહિ જાત, તે મુને સાંભળ્યાં મા ને બાપ, તેથી દુઃખ ધરૂંછું આપ.

દોહા—નારી કહે દુઃખ કાં ધરો, કહું મારા બાપને વાત; ચેતાવું મારી માતને, હું આવું તમારી સાથ. કસ્તુરાવતી તહાંથી પરવરી, જ્યાં પોતાનો તાત; વાત કીધી જવા તણી, જ્યાં પોતાની માત. તારે માત તાત હરખ્યાં ઘણું, પુત્રી તતપર થાઓ, સાતસે જોજનનું વિમાન છે; તેમાં બેસીને જાઓ. પ્રાણધર આપણા ઘર વિષે, રાખ્યો કરી જતન; તેની પાસે વિમાન છે, તે જાય સાતસે જોજન. પુત્રી પધારો સાસરે, એમ કહીને માતા રોઇ, ખોળે બેસાડી ચુંબન કરે, ફરી ફરી સામું જોઇ. નમણાજમણી તું થજે, રાખજે કુળ વહેવાર; ગરમ થતી નહી દીકરી, નરમ થઇ રાખજે ભાર. દીકરી તે ધન પારકું, વસાવે પારકું ધામ; અમે પાળીપોષી મોટી કરી. તે બરાસરાયને કામ. પછી જવાની સજઇ કરી, રાજા બોલ્યો તે વાર; પ્રાણધરને બોલાવીઓ, કહ્યું તુમે થાઓ તૈયાર. વિમાન તમારૂં સજ કરો, પુત્રી જમાઇને કાજ; એના માબાપને સોંપો જઇ, જ્યાં ચિત્રસેન મહારાજ. ત્યાં પ્રણામ કહેજો માહરા, જ્યાં ચીત્રસેન ભુપાળ; અમ ભાગ્ય શું વખાણીએ, કુંવરી પરણી તમ બાળ.

ચોપાઇ—કસ્તુરાવતી બોલી વચન,સાંભળીએ મહારા સ્વામી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નઃ એક પ્રાણધર નામે સુતાર, હમારા બાપે કર્યો વિચાર. તેની પાસે છે વિમાન, શું કરૂં તેનાં વખાણ; તે ઊડી જાય સાતસેં જોજન, તે ગુણ જોઇ હરખ્યો રાજન. ત્યારે રાજા સમજ્યો મન, પોતીકા વજીરને કહ્યાં વચન; આ પ્રાણધરની કહે છે વાત, રખે હોય દેવધરનો ભ્રાત. એક વિમાનછે આપણી પાસ, ચારસેં જોજન અવાસ; પછી પ્રાણધરને બોલાવ્યો પાસ, વાત પોતાની કરી પ્રકાશ. સાતસેં જોજનનું વિમાન છે એહ, તમે કયાંથી લાવ્યા તેહ; ત્યારે તેણે કહ્યું સૌ વૃતાંત, ભાગી બેઉ જણની ભ્રાંત. પ્રાણધર કહે સાંભળ વાત, એ વિમાન ઘડયું મેં હાથ; એક દેવધર નામે બીજો ભાઇ, તેની કહું તેવી વડાઇ. ચારસેં જોજનનું છે જેહ, દેવધર પાસે છે વળી તેહ; સાતસેં જોજનનું મારી પાસ, અમો આવીયા રાજાને અવાસ. અમારો દેવધર છે જેહ, તે વિના દુઃખીયા છીએ દેહ; વિજોગ પડયો છે તેની સાથ, એવી પ્રાણધરે કીધી વાત.

દોહરા—રાજા કહે પ્રાણધર સુણો, શીદ વેઠો છો આવડું દુખ; અમો મેળવું તમારા ભાઇને, શીવજી કરશે સુખ. અમને ભાઇ મળ્યો તમ તણો, તે વાત કહું પ્રકાશ· ચારસેં જોજનનું વિમાનછે, તે છે અમારી પાસ. સાંભળતાવેંત હરખ્યો ઘણું, ધન ધનરે ધન; આજ બાંધવનો મેળો થશે, આતે સાચું કે સુપન. તત્પર થયો વળી તે સમે, રાજા કરે વિદાય; રાજાએ ધન બહુ આપીયું, વળી પુત્રી વળાવી ત્યાંય. સાતસેં વાળાપર બેઠા જઈ, નરનારી બે સાથ; વિમાન બે તૈયાર કર્યા, તે કહું વિસ્તારી વાત. પ્રાણધર ને વજીર સહી, તે ચારસેં ઉપર અસવાર; આજ્ઞા માગી રાયની, જવા થયા તૈયાર. મા કહે દીકરી સાંભળો, કહાવજો કુશળક્ષેમ; જળ વિનાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માછલી, હું તુજ વિનાની તેમ. એમ કલ્પાંત કીધું ઘણું, મુખે કેમ બોલાય; પુત્રી પણ એમ પ્રીછવે, ગળગળીત થઈ જાય. વળાવીને પાછા વળ્યા, પ્રધાન ને સહુ લોક; રાય સભામાં આવીયા, પરહર્યો પાછો શોક.

ચોપાઇ—હવે એ વાત એટલેથી રહી, પેલા વિમાનપર બેઠા જઈ; સાતસેંવાળુ જે વિમાન, તે ઉપર બેઠો રાજાન. સાથે બેઠી કસ્તુરાવતી, એ બેની શોભાનો પારજ નથી; ચારસેંવાળુ વિમાન જેહ, તે ઉપર પ્રાણધર બેઠો તેહ. સાથે બેઠો વજીરનો તન, એ રીતે ચાલ્યા ચારે જણ; ભર દરીયે ચાલ્યું જેટલે, શું કૌતક થયું તેટલે. સો જોજન જ્યારે તે ગયા, ભર સમુદ્રે તે તો આવીયા. ત્યારે રાજાએ વિચાર્યું ખરૂં, માહારૂં વિમાન તે આગળ કરૂં. એમ વિચારી ખેંચી દોર; કીધું રાયે અદકું જોર; વિમાન સડસડાટ ચાલ્યું જેટલે, પ્રાણધરે તે દીઠું તેટલે. એ મારાથી આગળ જાય, મારા કીસબથી આગળ થાય; એને આગળ જવા કેમ દઉં, પલક એકમાં પકડી લેઉં. તે પણ કળથી મરડી સહી, ચાલ્યું તેની ખબર ના રહી. બરાબર ચાલ્યા જેટલે, માંહોમાંહે અથડાયાં તેટલે. રાજાનું વિમાન તે ભાંગી ગયું, એટલામાં શું કૌતક થયું; હાહા એમ કર્યો પોકાર, વિમાન પડ્યું દરીયા મોઝાર. હાહા એમ કહ્યાં વચન, વિમાન ગયું છે દશ જોજન; રાજા રાણી બે જળમાં ગયાં, પેલા બે જણ માર્ગ વહ્યાં. નારી જળમાં પડી જેટલે, એક મચ્છે ગળી તેટલે; તે મચ્છ જળમાં રહ્યો છે સહી, વિમાન તો પડ્યું છે તહીં. ભાંગ્યુ પણ લાકડું કહેવાય, તેને વળગી પડ્યો તે રાય. જીવ્યાની આશ મનમાં નથી, પણ ધીરજ રાખી સર્વથી. રૂદેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમર્યા શ્રી ભગવાન, તુહીતુહી એમ ધરે છે ધ્યાન. તું મને ઉગારે શામ, સમુદ્રમાં પથ્થર તાર્યા રામ. તું જળને સ્થાનક સ્થળ કરે, ને સ્થળને સ્થાનક જળ ધરે. એમ સાત દીન ને સાત રાત, દુઃખ વેઠયું રાજાની જાત, આઠમો દિવસ થયો જેટલે; બેટ એક આવ્યો તેટલે, લાકડું તણાઇને આવ્યું તહાં, જ્યાં બેટ એક છે જહાં. બેટ ઉપર નહી કો જન, એકલો જઇ ઉભો રાજન. ચારે પાસ જળ દેખાય. ઉપર તો વાદળ જણાય. હા કસ્તુરાવતી કયાં ગઇ, મહારી આ ગતી શી થઈ. કયાં ગયો મારો પ્રધાન, જે ગુણ સ્વભાવે ગુણવાન; હવે હું કયાં જઇને રહું, આ બેટ ઉપર તે શું ખાઉં. જવાળનું પાણી આવશે જેટલે, બેટ ઉપર ફરી વળશે તેટલે; કોણ હવે મને રાખણહાર, એમ ચિંતા કરે રાજકુમાર. એમ બાપડો સઘળે ફરે, કસ્તુરાવતીનું ધ્યાનજ ધરે; માહારી રાણી તે કયાં ગઇ, એ રતન હાથે છાજયું નહી. હાય મેં જુઠો કર્યો વિચાર, પરપંચે પરણ્યો હું નાર; મેં જાણ્યું મારી થઇ નાર, હવે એ નારી કયાં જનાર. મેં પેલા ભવની વાતજ કહી, ત્યારે મુને પરણી સહી: પેલા તપશીએ મેંણું દીધું જેમ, કસ્તુરાવતીને પરણ્યો તેમ. હું પરણ્યો પરપંચે કરી, ગઇ જોતા માંહે સુંદરી; મેં જાણ્યું તપશીને લાગું પાય, દેખાડું કસ્તુરાવતી કન્યાય. મારૂં ધાર્યું તે કયાં ગયું, ઇશ્વરનું ધારયું આગળ થયું; એમ કહીને કરે રૂદન, કોણ સાંભળે તેનું વચન.

છપ્પો-કર્મે વશ સંસાર, કર્મે કીરતારજ ચાલે; કર્મે ડહાપણ ચાતુરી, કર્મથી ગામમાં મહાલે; કર્મથી મળે શુભ નાર, રાજ પણ કર્મથી પામે; કર્મથી ગુણ લક્ષણ, દુખ સૌ કર્મથી વામે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરમથી ધન મળે ઘણું, કર્મથી સઉ કરજોડી રહે; સુખ દુખ એ સઉ કર્મથી, શામળભટ સાચું કહે. કર્મથી પૃથ્વીપર રાજ, કર્મથી ભીખજ માગે; કર્મથી વાહન બેસનાર, કર્મથી દોડે આગે; કર્મે ડાહ્યાજન, કર્મે સૌ ઘેલો કહે છે; કર્મે સઉને પાલણ. કરમે સાં આધિન રહેછે; કર્મ કરે તે કોઇ નવ કરે, સુખ દુખ હાણુ વૃધી સહિ; કર્મે કસ્તુરાવતી મળી તહીં, કર્મે હું આવ્યો અહીં.

દોહરો– એમ કલ્પાંત કુંવરજ કરે, પછી વિચાર્યું મનશું જ્ઞાન; નાગે મને કહ્યું હતું, તેનું ધરીયું ધ્યાન. ઇષ્ટ દેવ તું માહરો, હું તારો છું બાળ કષ્ટ પડયું મુને અતિ ઘણું. આવી કરો સંભાળ. તમે મુજને કહ્યું હતું, સંભારો એ વાત, કષ્ટ પડે મુજને સંભારજે, તે આવી કરો સહાય. એમ સ્તુતિ કીધી ઘણી, પ્રસન્ન થયો તે નાગ; એક દોરો મંતરી નાંખ્યો સહી. ફળાયું કુંવરનું ભાગ્ય. આ દોરો કયાંથી આવીયો, ઇહાં નથી માનવની જાત, દોરો લીધો તે કુંવરે, મનમાં વિચારી વાત. તે દોરો લીધો હાથમાં, બેઠાં બેઠાં કીધી રમત. પગ અંગુઠે બાંધ્યો સહી, તે થયો પોપટ તરત તેવો ઉડયો ગગનમાં, ચીત ધરિ ઉલાસ. હવે મોત થકી તો ઉગર્યો, એમ કહી ચાલ્યો આકાશ. હવે એ વાત રહી એટલે, કહું નારીનો નેટ; તે સમુદ્ર માંહે પડી, તે ગઇ છે મછને પેટ. તે મછ ત્યાંથી ચાલીઓ, જોરાવતી નગરી માંહ; ત્યાં ઢીમરે જાળ નાંખી સહી, આવી તે ફાંદા માંહ. તે નગર પ્રત્યે લાવીઓ તેનું વધ કર્યું ત્યાંહ; માંહેથી સ્ત્રી નીકળી; તે અધમુઇ છે જાણ. શ્વાસોશ્વાસ કાંઇ છે નહિ, ઘડી બેઘડીએ જશે પ્રાણ, એવી અવસ્થા જોઇ નારીની; ઢીમર લાવ્યો રાજભોવન. સેવક મોકલ્યો પોતા તણો, મોકલી ત્યાં સુખપાલ; તેડાવી પોતા કને, જોયા તેના હાલ. રૂમાં ભરી સેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરાવિયો, ત્રણ દીવસ એમ સાર; જીવ શાંતિ પામ્યો સહી, ત્યારે કાંઇ ચૈતન થઇ નાર. ઉઠવા બેસવા માંડીયું, ત્યારે રાજા હરખ્યો મન; એમ કરતાં પ્રભુ કૃપા કરે, તો સારી થાય સ્ત્રી જન ઓસડ વેસડ કરે અતી ઘણાં, હવે માસ થયા છે ચાર; ત્યારે બોલે ચાલે સહી, સાજી થઇ તે નાર. માત તાત કોણ તમ તણાં, કોણ તમારો છે ભરથાર, કોણ દેશમાં રહો તમો, તે સાચી કહોને વાત. જો જુઠી વાત બોલો તમો, તો ઇશ્વરની આણ, તારે નારી કહે નરપત સુણો, માહરા કર્મની કહાણ. કપુર સમાન દેશ માહરો, ત્યાંનો કપુરસેન રાજન, કપુરાવતી રાણી સહી, તેહ તણી હું તન. કસ્તુરાવતી નામ છે માહરૂ, લડકવાઇ અપાર, માતતાતને વાહાલી ઘણી, મુને બહુ લડાવે લાડ. સવા શેર કસ્તુરી ચોળી કરી, નીતે હું તો નાહુ; મારા બાપ પરણાવવા કહે, પણ મનમાં હું ના ચાહુ. પુર્વનું જ્ઞાન મુજને હતુ તેહ મળ્યો ભરથાર, તે ચીત્રસેન રાજા તણો, બરાસ નામે કુમાર, તે પરણ્યો મુજને પ્રીતથી, સાસરે જતી હતી સાર; વિમાન હતું તે ભાગી પડયું, ભર દરીઆ મોઝાર. તે કંથને હું કામની, પડીઆં અરણુવ નીર, સ્વામી મારો દુખીયો થયો, જે હતો બાવનવીર. મુને ભાન મહારૂં નથી, જે કયાંથી આવી આ ઠામ, કોણ દેશ રાજા તમો, શું છે તમારૂ નામ.

ચોપાઇ—ત્યારે રાજા વિસ્મે થયો, વળતો બોલ કુંવરીને કહ્યો, અરે બેન તું લાડકવાઇ, કપુરસેન હતો મારો ભાઇ. મારા કાકાનો છોકરો સાર, પિત્રાઇ છે પણ મિત્રાચાર; તેની પુત્રી કસ્તુરાવતી, અરે બેન તારિ આ શી ગતી, અમ ઉપર બહુ રાખે હેત સોંપે તનમન ધન સમેત; તારૂં મુખ જોવા પામે નહીં લોક, તેની ગતી કેમ આવી હોય. રાણીમા આવી તે ઠામ, સુલોચના છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેનું નામ, તેણે સાંભળ્યું એ વૃતાંત, અતીશે માંડયું કલ્પાંત. રાજા પણ કરે રૂદન. તે મન ધરે જુગજીવન; ત્યાં વહાલી રાણીને બાલ, તેના શા થયા હવાલ. કસ્તુરાવતી કરે રૂદન, કયાં ગયો માહારો સ્વામીન; એ મારા હૈડાનો હાર, પ્રીત અતીશે અપરંપાર. મારે તેની સાથે છે કામ, કયાં ગયો એ મારો સ્યામ; તોડે કેસને હૈડું હણે; બરાસ બરાસ મુખેથી ભણે. સૌ મળીને પ્રીછવે નાર, કયાં ગયો તહારો ભરથાર; પરમેશ્વરે બચાવી તુને, આવી મળી કુટુંબ સૌને; તેને ઇશ્વરે કરી હશે સહાય, કાલે આવી મળશે આંહ્ય; એમ વિનવે નગરના લોક, પણ સોચે નવ ટળે શોક. પછી વિચાર્યું કસ્તુરાવતી, ધિરજ માહરી રહેતી નથી; હવે સંભારૂ સીતાપતી રામ. તે મેળવશે માહારો સ્યામ. પછી નારીએ એવું કીધું તહીં; રૂદન તજીને છાની રહી; રાજા પ્રત્યે કહ્યું તે ઠામ, માહારૂ એક કરોની કામ.

છપ્પો—પુત્રી કહે સુણુ તાત, વાત એક માનો મારી; સ્વામીને જેગે જોગ. ભોગ શા કામનો ભારી; શણગાર સજુ નહી અંગ, સંગ નહી સાહેલી; આ મેડી મેહેલ અવાસ, બહુ જાએ તે મેલી; ખાન પાન ધાન માન, તે ઉપર નવ ધાવું; સવા પાશેર જવનો લોટ. ત્રીજે દહાડે ખાવું, કાથો રંગ ને રાગ; અંજન મંજન નહી કરવું; માહારો સ્વામી મળશે જ્યાહરે, તહાં લગી એમ ઠરવું, એક સફેત વસ્ત્ર ધરવું અંગ, સંગ શાખું જપમાળા; ધરૂ સમુદ્રનું ધ્યાન; સુખ કોણુ આપે ટાળા; હું તજુ મુખ તંબોળ, બોલ માનો આ સાચો; મને સ્વામીનો પડયો વીજોગ, કર્મ અક્ષરનો કાચો; શ્રીરામજી કરૂણા કરે, હું કહું તેમ કરવું સહી, જ્યાં સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વામી મળે, ત્યાં સુધી પાળુ અહીં. એક નવું કરી આપો વહાણુ, સત સાહેલી દો સાથે, રહુ દરીઆની માંહ, અરધ સ્વામીજીને હાથે, તાંહાં ધરૂ સમુદ્રનું ધ્યાન, જ્ઞાનમાં રાખુ એવું; તુહી તુહી કરે સહાય, મુખે વાણી એમ કહેવું; એવું કહીને નાર, રહી ગંઇ છે છાની, સાંભળી રાજાએ વાણુ, વાત કુંવરીની માની, એક વહાણુ નવું કરાવી આપીયુ, સત સાહેલી સાથ, સમુદ્ર વચ્ચે સુંદરી. કસ્તુરાવતીને માટ.

ચોપાઇ—હવે એ વાત એટલેથી રહી, પ્રાણુધર પ્રધાનની શી ગઇ થઇ; તેનું વિમાન આગળ ચાલ્યું જેટલે, વિચાર મનમાં કર્યો તેટલે; હવે રાયજી પછવાડે રહ્યા, આપણુ બેઉ જણુ આગળ થયા; વીમાન પડયું તે દરીઆમાંય, પણુ બે જણુ નવ જાણે કાંય, એમ ચારસે જોજન ગયા જેટલે, તે વીમાન અટકયું તેટલે, તે મનમાં પામ્યા હુલ્લાસ, આવ્યા અશાવરી નગરીને પાસ. બે જણુ આવ્યા નગર મોજાર, જયાં દેવધર રાજ કરે છે સુતાર; રાજ મહેલમાં ગયા જેટલે, દેવધરે ભાઇ દીઠા તેટલે; પ્રાણુધરે ઓળખીયા ભાઈ તત્ક્ષણુ આંસુ આવ્યાં ભરાઇ; ધસીને બે ભાઈ ભેટયા સહી, પ્રેમ આલીંગન છુટયા તહીં. મળી ભેટીને દીધી આશ, પછી ભાઇ બે બેઠા પાસ, ગુણુ સ્વભાવ પણુ બેઠો સહી. એક એકની વીગત કહી. દેવધરે પછી કરયા પ્રણુામ. કહોજી કયાં છે રાજાન; તેણે નેત્ર ભરીઆં નીર, વજીર સુતને નવ રહી ધીર. ત્યારે પ્રાણુધર બોલ્યો વચન, પછવાડે રહ્યા રાજન; સાતસેં જોજનનું વિમાન છે જેહ, તે ઉપર બેઠા છે તેહ. રાજા પરણ્યા કસ્તુરાવતી. તેની જોડ પૃથ્વીમાં નથી, તે પછવાડે આવે રાજન, અમો આગળ આવ્યા બેઉ જન.

દોહરો—એમ વાત કહી સહી, થયા બહુ રળીઆત; રાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમુદ્ર માંહે પડયો, તે જાણતું નથી કોઈ વાત દેવધરે તૈયારી કરી, શાક પાક સાવધાન; ભોજન કરીએ આપણે, જો આવી ચડે રાજન. વાટ જુવે બહુ રાયની, થયો બહુ ઉચાટ; ઓ આવ્યા ઓ આવશે, એમ જુવે ચોદેશ વાટ. પછે વજીર સુતને ધીરજ નવ રહી, થયો અસ્વે અશ્વાર; દેવધર પ્રાણધર સાથે થયા, આવ્યા નગરની બહાર તે સમુદ્ર કાંઠે આવીયા, જુવે ઉંચી કરીને દ્રષ્ટ; નીહાળી નીહાળી જુવે ઘણું મનમાં પામે બહુ કષ્ટ. એમ સાંજ પડી ગઇ જાહરે, ત્યારે થયા નિરાશ; દેવધરને વજીર સહી; પાછા આવ્યા અવાસ. ભોજન કીધું મન ભંગથી, કેમ આવ્યા નહી રાય; એમ ત્રણુ જણુ વાતો કરે, આકુળવ્યાકુળ થાય, દુઃખે રાત એમ વહી ગઇ, ને થયો ઉદે પ્રભાત; ચિંતાતુર બેડા સૌ, નવ આવ્યા રાજકુમાર. રાજકુંવરને મુકી કરી, હવે શું હું જાઉં ઘેર; ચિંતાતુર છે અહિ ઘણા; સુજે નહિ કંઇ પેર, એમ વિચાર્યું વજીર સુતે, તજ્યો સકળ સંજોગ; ફકીર થઇને નીકળ્યો, આપે લીધો જોગ. દેવધર પ્રાણધર વારે સહી, પણ માને નહી તેનું મન, રાજકુંવરને કારણે, ફકીર થઇ નીકળ્યો તે વન. દેશ દેશ તેને શોધતો, ફરતો વનેવન; ખાવું પીવું નીદ્રા તજી, ને સોધે રાજાનો તન.

ચોપાઇ—એ વાત એટલેથી રહી, રાજકુંવરની શી ગત થઈ, તે પોપટ ઉડયો આકાશ, મનમાં પામ્યો છે ઉલ્લાસ. દિવસ ઘણા ગયા છે વહી, ઉડતો ઉડતો આવ્યો અહી; મધ દરિઆ વચ્ચે જ્યાં વહાણ ત્યાં પોપટ આવ્યો નિર્વાણ. દીવસ ત્રણ ગયા છે વહિ, ઉડતો ઉડતો આવ્યો અહી; તે મુખે જપે શ્રીરામ, વળી લે કસ્તુરાવતીનું નામ. ધજા બાંધી કુંવરીએ સહિ, તે ઉપર બેડો છે જઇ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મધુરે સ્વરે બોલે તે વાણુ, વિંધ્યા તે નારીના પ્રાણુ, ધ્યાન સમુદ્રનું ધરતો રહે, વળી ક્ષણુમાં શ્રીરામજ કહે; વળી કહે કસ્તુરાવતી, મને તે વિના રહેવાતું નથી. કસ્તરાવતી બોલી વચન, આ શું બોલેછે પંખી જન, તમે ધીમેધીમે ઉપર ચડો, પાસે જઇને તેને અડો. રખે પંખી એ ઉડી જાય, જો આવશે એના જાણવા માંય; ગમે તે ઉપાય કરવો સહી, જેમ તેમ પંખીને લાવો અહીં. દાસી કહેરે સાંભળ બાઇ, એ વાતની ચીંતા કરવી નહીં, એમ કહીને ઉપર તે ચડી, જઇ પોપટનીપાંખે અડી. ચતુરાઇ ચલાવી તે ઘડી પોપટને લીધો પકડી; લઘુ લાઘવી કીધી ત્યાંય, પાસેજઇને ઝાલ્યો પાય. પંખી કે શા માટે લે, દુખીઆને કાં દુખજ દે, હેઠી ઉતરી તતક્ષણુ તહી, આવી રાણી પાસે ઉભી રહી. પોપટ તેણે મુકયો પાસ, કસ્તુરાવતીની પોતી આશ, કસ્તુરાવતી કહે પોપટજી સુણો, સાચી વાત અમ આગળ ભણો, પોપટે ઓળખી તે નાર, ત્યારે નેત્રથી વહી આંસુધાર; ડગમગ જોયાં કરેછે તહીં; ત્યારે નારીએ વાણી કહી, પોપટ ભણેછે કોનુ નામ. ક્ષણુમાં લોછો શ્રીરામનુ નામ. નીસાસા મુકો શા માટ, તમારે છે આવો શો ઉચાટ.

દોહરા—પોપટ કહે પંખી અમો, પણુ અમારી એવી રીત, ક તુરાવતીને રાયની, તે સાથે બહુ પ્રીત. એમ કહી ચરણુ આગળ ધર્યો, અરે પ્રેમદા દોરડો છોડ. વાત કહુ મનડા તણી, તો પોહોચે મનના કોડ. ત્યારે દોરડો છોડીયો નારીએ, તતક્ષણુ પોહોંચી આશ; એ શુરવીર થઇને રહ્યા, જુવે તો બરાસરાય. જંખવાઇ ગઈ તે તારૂણી, લાગી તેને પાય; આ સાચું કે સપનું સહી, એમ થોડી થોડી થાય. તમ વિના હું ટળવળું, છેક થઇ નીરાશ; ભલે આવ્યા મારા નાથજી, આજ પોહોંચી મનની આશ. જળ વીના જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માછલી, તલપ તલપ જીવ જાયઃ તેમ હું તમ વિજોગથી, મારિ કામા અકળાય; આજ સમુદર દેવે સાહ્યતા કરી, મળ્યા આવીને કંથ, તમ વિજોગથી વાહાણુમાં, જોયા કરૂં નીજ કંથ. કંથ કહેછે કામની, મારા એહ હવાલ; પંખી રૂપે વનમાં ભમ્યુ, આણુત મારો કાળ. જો તું મળત નહી માનુની, તો નિશ્ચે તજતે દેહ; પરમેશ્વરે મેળવ્યાં, ભાગ્યો મન સંદેહ. નારી કહે કહો કેમ થયા, કેમ પામ્યા સમુદ્ર પાર; પંખી રૂપ તમે કેમ થયા; કેમ આવી પોતા આ ઠાર. ત્યારે બરાસ રાય એમ બોલીઓ, સાંભળ નારી વાત; વિમાન ભાગ્યું જળમાં પડયા; ત્યારે બે જણુ સાથ. તું તો બુડી જળ વીશે, હું જઇ પોહોત્યો તે ઠાર, વીમાનનું લાકડું હાથમાં રહ્યું, તેથી ઉતરયો જઇ પાર, મેં સ્તુતી કીધી નાગની. જે મુજ ઇષ્ટ કહેવાય, હવે અંતરીક્ષથી આ દોરડો. આવી પડયો જળમાંહ, મેં જઈ લીધો હાથમાં, કીધી સહજ રમત. મેં પગઅંગુઠે બાંધીઓ તે થઇ ગયો પોપટ, ત્યાંથી ઉડયો આકાશમાં, ફર્યો ઘણુંએક ગામ; ત્યાંથી ઉડતો ઉડતો આવીઓ. આ વહાણુજ ઠેરે ઠામ. મન માન્યું આજ માનુની, મળી નાર તું તુરત; નહી મળત જો તું મુજને, તો હું પામતો મરત. એ હકીકત છે માહરી, હવે તારી કહે વાત; સમુદ્ર મધે તું પડી. ત્યાં કેમ બચી તું ઘાટ. ત્યારે નારી કહે સુણુ નાવલા, મારા મનની વાત; જળમધે હું પડી સહી, એટલે ગળી ગયો એક મછ, મછજ ત્યાંથી આવીઓ, આ જોરાવતી છે ગામ, મારો પિત્રાઇ કાકો રાજ કરે, જેનું ચિત્રવરમા છે નામ. મછ આવ્યો આ ગામમાં, ઢીમરે નાંખી જાળ; મછમાંથી નીકળી જીવતી, લાવ્યો સભામાં તતકાળ, શેક કીધો મને અતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણો, સુખી થઇ શરીર, ત્યારે વૃત્તાંત તેણે પુછીયું, વળી નયણે ભરીયાં નીર. પુત્રી કરી રાખી મુને, ઢીમરને કીધો ન્યાલ, તમ વીજોગે હું રહી એ કહ્યો મારો હેવાલ. એમ કહી ચરણે નમી, કીધું આલીંગન, મન માન્યું આજ માનુની, છે ધન ધન આ દન. આજ વિજોગભાગ્યો સહી; મળ્યા શુભ ભરથાર, આશા પુરણું માહરી થઇ, ધન ધન તું કીરતાર હવે ચાલો સ્વામી પધારીએ, આપણા નગર મોજાર. હવે મેહેલમાં મહાલીએ, હવે કાં લગાડો વાર. વાત સાંભળી હરખીઓ, ભેટયો ભામીની સાથ. હરખે આલીંગન છુટે નહી, ભીડી બે હાથે બાથ.

ચોપાઇ—ભામીનીને તે ભેટયો જઇ, કામની કહે હવે મુકુ નહીં. કહે બરાસ સાંભળરે નાર. આપણુ જઇએ શેહેર મોજાર. સમુદર મધ્યે રહીયે સહી, જાર વહેવાર કરવો પડે નહીં. એવું કહીને મુકાવી વાત; દાસીને બોલાવી કહી વાત. તમે જાઓ રાજાની પાસ. આ વાત સર્વે કરો પ્રકાશ. કહીએ સમુદ્રદેવે કરી છે સહાય, આવી પહોંચ્યો છે બરાસ રાય, એમ કહેતાં દાસી તતપર થઇ, જઇ રાજાને વાતજ કહી. સાંભળો ચીત્રવરમા માહારાજ સમુદ્રદેવે કીધું આપણું કાજ. પોપટ રૂપે પંખી સાર; આવી બેઠો વહાણુ મોજાર; કસ્તુરાવતીનું માન્યું મન, એતો નીકળ્યો ચીત્રસેનનો તન, સાંભળતાં રાય વિસ્મે થયો, પ્રધાન પ્રત્યે બોલ તો કહયો, સેના સકળ તૈયારજ કરો, રાજા કહે વળી હરખે ભર્યો, પુત્રીનો આવ્યો ભરથાર, તેડી લાવો નગર મોઝાર, એમ કહીને તૈયારી થાય, તેડવા આવ્યા ચિત્રવરમાય. વાજતે ગાજતે આવ્યા તહીં. મોતીડે વધાવ્યા લેઇ, સભામાં બેઠા રાજન, પાસે બેઠો ચિત્રસેનનો તન. એક એકનાં કહ્યાં વૃતાંત, ભાગી સૌના મનની ભ્રાંત, રાજસભામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે રાય, સાંજે ઉઠી મેહેલમાં જાય. નવો મેહેલ આપ્યો રાજન. મેહેલમાં રહ્યાં નરનારી જન, ખાય પીએ ને ખુબી કરે, એક એ-કને દેખી દિલ ઠરે. પ્રીત જેવી ચંદ્રચકોર, પ્રીત જેવી બપૈયા મોર, પ્રીત જેવી જળ માંછલી સાથ, પ્રીત જેવી ચંદ્રમા ને રાત. એક ઘડી અળગાં નહીં કોય, બેઉની પ્રીતી સમોવડ હોય, કામની કંથ કરે કલોલ, એકએકના પડતા ઝીલે બોલ. એક એકને કાંઇએ નહી દાવ, ઘણી પ્રીત ને અદકો ભાવ; રાજાનું મુખ જોઇ હાતણુ કરે, રાજા ઉપર હેત અદકુ ધરે. ખાય પીએ ને રંગે રમે, એક એકનું મુખડુ ગમે; એક દીવસ પછી રાજાય, પોશાક પેહેરીને તતપર થાય.

દોહા—ત્યારે કસ્તુરાવતી કહે કંથજી, સાંભળો માહરી વાત; આજ જાર વહેવાર કરવો સહી, છેડો ઝાલ્યો હાથ. આજ સભામાં જશો નહિ, આપણુ કરીએ રંગ વિલાસ, ખાનપાન કરી ઘણા, પુરણુ કરો મુજ આશ ત્યારે કંથ કહેરે કામની, દિવશે ન કરીએ ભોગ; અમો સભામાંથી આવ્યા પછી, મેળવશું સંજોગ. નારી કહે. નહીં માનાંએ, આજ જવા નહી દઉ, તળી વીધન કાંઇ ઉપજે. માટે લાવો લઉ. એમ કહી વળગી પડી, ત્યારે વિચાર્યું રાજન; હું કહ્યું કરૂં કામની તણું, હોંશ પુરૂ એની મન. લુગડાં ઉતાર્યાં રાયજી. કીધો શુભ સંસાર; મન મનાવ્યું માનુની તણું, સફળ કીધો અવતાર. રંગ રાગ કીધા ઘણા, હેતે પડી છે રાત; ત્યારે નારી કહે સાંભળો, સેજ સમાગમ વાત, તમો રીસ ન કરશો રાયજી, તો કહું એક વાત વિચાર, હું તો સેજ ભાવે કહુ, પણ રીસ ન કરશો લગાર. ત્યારે બરાસ રાય એમ બોલીઓ, એ શું બોલી વાત, તુજ આધીન હું થઇ રહયો, સોંપું તનમન જાત. માટે કહેવું હોય તે કહે મુને, શાને ચીંતા કરો છો મન; કોટી ગુનો બક્ષુ તને. મનાવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારૂં મન. ત્યારે કસ્તુરાવતી કહે સાંભળો, મારા મનનો વિચાર; નારી માંહે મોહ ઘણો, ચતુરા ચતુર સુજાણ; અંતે બુદ્ધ પાનીએ, શું ઉપન્યું ત્યાં અજ્ઞાન.

ચોપાઇ—માટે નારીનું મુરખ નામ, જોજો હવે શું કીધું કામ; એ શું બોલી સ્વામીની સાથ, તે તમને સંભળાવું વાત. નારી કહે સાંભળ ભરથાર, સ્હેજ વાત કહું આ ઠાર; નારી તે મોટી સર્વથી, પુરૂષમાં કાંઈ પરાક્રમ નથી. નારી મન ચાહે તે કરે, પુરૂષથી એક અર્થ નવ સરે; મેં આજ કીધું મન વિચાર, જવા ન દીધા સભા મોઝાર. જો નારી જવા મન કરે, તો સો તાળામાંથી પરવરે; માટે નારીછે ચતુરસુજાણ, પુરૂષ જાણુંછું અજ્ઞાન. તમોછો રાજાના તન, તમો જેવું નથી કો અન્ય; તમો ફકીર થયા મહારાજ, તે પણ નારી કેરે કાજ. માબાપને મુકયાં પરહરી. હંસાહંસા મુખે કરી, બહુ દુઃખ વેઠયું જ્યાહરે; અમો તમને મળ્યાં તાહરે. નારી આગળ નર કોણ માત્ર, તમો સાચી માનજો વાત, હંસ આગળ કાગડા જેમ; ઘોડા આગળ ગર્ધવ તેમ. ગંગા આગળ જેમ ખાડીઓ. અશોક આગળ જેમ વાડીઓ, કંચન આગળ કથીર જેમ, નારી આગળ પુરૂષ તેમ. એ સાચી કે જુઠી વાત, સાચુ કહોને મારા નાથ, કસ્તુરાવતીનાં સુણી વચન, હીગમુઢ થયો પોતે રાજન, તું તો એ શું બોલી નાર, તું શું મનમાં નથી કરતી વિચાર. નર વિના તે નારી કશી કેમ બુદ્ધિ આજ એવી વશી. કંઈ એમાં થશે વિઘન, ફરી ન બોલીશ એવું વચન, નર થકી નારી મુકે માન, નારી હળવી પીંપળ પાન. તારે નારી બોલી ફરી, એ વાત તો તમે ખોટી કરી નારીવડે તો સઉ નર હોય, બાકી નરને માને નહી કોય, નારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળ નરતું શું જોર, જાણે કેદમાં રાખ્યો ચોર, નારીથી નર નિશ્ચે હોય, પણ નરથી નારી નહિ હોય.

છપ્પો—કરણુ બળી રાજન, કૌરવ પાંડવ જે સુરા. માનધાતા મહીપતિ, તે પ્રતાપે પુરા, ઇંદ્ર ચંદ્ર હરિશ્ચંદ્ર, જે સતવાદી રાજા; ધરૂવ અમરીખ પ્રહલાદ; જે ભગવતી ઓઝા, શુરવીર ડાહ્યા હતા ઘણા. પણ નારી આગળ તે શામણા. શુરા થઇ ધરે સમશેર, રણુમાં યુધ્ધજ કરતા, ચુકવે ન્યાય અન્યાય, પૃથ્વીનો ભાર શીર લેતા. વળી ચૌદ વિદ્યા ગુણુ જાણુ,બહુ ડહાપણુ ચતુરાઈ, કામણુ ટુમણુ ને વશીકરણુ, શીખવાને રહે વડાઇ, વિશ્વ વખાણુ તેનાં કરે, સાત સમુદ્ર તરે સહી તે પીશાબ વાટે નિસર્યાં, માટે નારી મોટી સર્વે કહી.

ચોપાઈ—એવી વાત કહી જાહરે, રાજાને દુઃખ લાગ્યું તાહરે, હમણાં હાંસીમાં થાશે હાણુ, એમ રાયે જાણ્યું નીરવાણુ. નર નારીની ઉતપત જેહ, નર થકી થાયે છે તેહ, નર વિના નારી શું કરે. નારી તે નર ને આશરે. એ ઇશ્વરની સર્વે ગતિ, એમાં તું ને હું જાણુતાં નથી; એમાં ખાલી શું તાણે ભાર, એ કરતા હરતા કીરતાર; નર કરે તે નારીથી નહી થાય, નારી આગળ નર કાગ કહેવાય, ત્યારે બોલી કસ્તુરાવતી, નારી આગળ નરનું ચાલતું નથી. તે ઉપર કહું એક દ્રષ્ટાંત, ભાગું તમારા મનની ભ્રાંત, નારીના પણ પ્રાક્રમ છે જેહ, તમો આગળ સંભળાવું તેહ.

દોહરા—શેઠ એક તે નગરનો, તેનો દીલીપતી રાજન. સતવાદી કે ઘણો, વસે અઢારે વરણુ, ત્યાં વિસાશ્રીમાળી વાણીઓ. [illegible] નગરનો શેઠ, લક્ષ્મી અલખ છે તેહને, પાંચ પુત્ર છે નેટ [illegible]મ ન ને ડહાપણે, સહુ વાતે સમરથ, આજ્ઞા માને સર્વેકા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ આગળ સહુ અર્થ. વીરચંદ નામ તેતણું, માનબા તેની નાર સોમદત્ત વીરદત્ત રીખવને, સોંપ્યો સઘળો ભાર. કસ્તુરાવતી નામે કામની, તે સોમદત્તની નાર; રૂડી શોભા તેહની, ઘરનો રાખે ભાર. તેશું પ્રીત રાખે ઘણી, સોમદત્તને વાહાલો પ્રાણ; નરને નારી માને નહી, ખોટી બનાવે વાણ. જુડી વાત બહુ દાખવે, કરે હાવ ને ભાવ; તમથી વાહાલું કોઇ નહી, એવો એનો બનાવ. મનમાં ગણે નહિ કંથને, મોહોડે કરે વખાણ· તમ પડખે ચાલે નહી, તું મારો જીવન પ્રાણ. સોમદત્ત સાચુ લહે, જાણે સતી મુજ નાર; હેત બહુ મુજઉપર ધરે, પ્રીત છે અપરમપાર. પાણી કેમ પીવાએ તમ વિના. આરોગે એકે મન; નીદ્રા કેમ આવે નાવલી, તુજ પર એવું મન. નારી મોહોડે જે કરે, કાલાવાલા કરોડ; તેને લેજો ઓળખી, નારી કેરી જોડ. કંથને સ્નેહ દેખાડાવે ઘણું, કરે જારનું કામ; જાર સાથે જારી કરે, જાણતો નથી તે શ્યામ ઘણા એક દીવસ વહી ગયા, નારી વિચારે આપ; જારને મળતું નથી, ઘરમાં કંથનું પાપ. ઉપાય કરૂ અકલથકી, કંથને કહાડુ બહાર; પછે કંઇ ચીંતા નથી, સુખે તેડુ મુજ જાર. એ કલ્પના પોતે કરી, રાતે આવ્યો શ્યામ; ખાંનપાન ખુબી કરી, નારી બોલી પ્રણામ. સ્ત્રી ચરિત્ર કીધું ઘણું, નેતરે ભરીયાં નિર; ધરૂશકા ભરી કહે કંથને, સાંભળો કઠના ધિર. કાલે માંહો માંહે વાતો કરી, આ પાડોશણની સાથ; મોહોટો કુંવર મુરખ છે, કાંઈ સમજતો નથી વાત. એના બાપે મન ઘણું. તે બેઠો બેઠો ખાય; બીજો કુંવર છે નાનડો, તેને કેમ કહેવાય. એના બાપ એવડા હતા, જતા સફર ભરી વહાણ; તેથી ધન મેળવ્યું ઘણું, આતો પેટે પડીઓ પાહાણ. એથી તો વાંઝીઆ ભલા, એવા ન જોઈએ તન, મુરખ પડયો મુજ પેટમાં, ખાય ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જડું આપતું ધન મેં છાનામા સાંભળ્યું, રહેવાય નહી ભરથાર; તે તમને કહ્યું સહી, એવો માત તાતને વીચાર. ત્યારે સોમદત્ત કહે નારી સુણો, સાચી કહીયે વાત; હવે હું પરદેશે પરવરૂ, ધન લાવું અસંખ્યાત. મેહેણું ટાળું માબાપનું, સફરે જાવું સવાર; સફરે જઇ આવ્યા પછે, સુખ ભોગવશું નાર. ત્યારે નારી કહે નાવલા, મેં ખોટું કીધું કામ; મારા પરપંચ મુજને નડ્યા, તમે જવા કરો છો આમ. મેં એ વાત શાને કરી, તમ આગળ ભરથાર; ન કહ્યું હોત તો જાત નહી, શાને નીકળત ઘરથી બહાર. હવે તમ વિના કેમ ચાલશે, ઘડી એક વરસ સો થાય; તમ વિજોગે ફાટી પડી, એકલા કેમ રહેવાય. એમ કહીને કળકળી, રૂદન કરે બહુ નાર; થનાર હશે તે થાશે સહી, જવા નહિ દઉ ભરથાર. કંથ કહેરે કામની, શાને દુઃખ પામે મન; હું થોડા દિવસમાં આવીશ, રળીને ઝાઝું ધન. એકવાર જવાદો મુને, ફરી કહું નહિ બીજી વાર; મારા સમ જો કામની, નેત્રે ભરે જળધાર. નારી કહે સુણો કંથજી, તમ વિના ઓશીયાળી થાઉં; તમ વિજોગે સઉ તજું, પાન ફળ નહી ખાઉં. હાજર રહેવું સંસારે, પલંગ તજુ ભરથાર; ખટરસ ભોજન નહી કરૂં, શણગાર સજુ નહી લગાર. વેહેલા આવજો નાવલા, જોઉં છું તમારી વાટ; જ્યારે તમને દેખશું, ત્યારે ટળશે ઉચ્ચાટ.

ચોપાઇ—મનમાં નારી ચિંતવે આપ, ક્યારે ઘરમાંથી જાએ આપ; પણ મોહોડે કાલાવાલા કરે, તેતો સ્વામી સાચું ધરે. એમ કરીને સુતાં નરનાર, એટલે થયું ત્યાં સવાર; સોમદત્ત ત્યાંથી ઉઠ્યો સહી, અસ્નાન દાતણ કીધું તહી. ભોજન કરવા બેઠાં માતને તાત, સાથે બેઠા પાંચે ભ્રાત; ત્યારે સોમદત્ત કહે પિતા સુણો, એક વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહું તેની હા ભણો. વહાણુમાં માલ ભરૂં અપાર, પરદેશ જઈ કરૂં વેપાર; માટે અમને આજ્ઞા દીજીએ, શુભમહુરત જોઇ પંથ લીજીએ. ત્યારે બોલ્યાં માત ને તાત, પુત્ર તું સાંભળ અમારી વાત; શામાટે પરદેશે જાઓ, એવડું દુઃખ શાને ચાહો. આપણે દ્રવ્ય છે અપરમપાર, આંખ આગળથી નહીં કહાડું બહાર; બીજા તો છે નાહાના કુમાર, તમારે માથે છે સઉ ભાર. એને સમજણુ થાય જાહરે, તમો વિદેશ જાજો તાહરે. તારે પુત્ર કહે જઇશું અમો, શાને ના કહો છો તમો, થોડા દિવસે અમો આવશું, જશ અતિ લાખેણો લાવશું. માથે માબાપ બેઠાં છે સાર, ત્યાં સુધી જવાશે બહાર; પછે ચિંતા અદકી થાય, ત્યારે અમથી કયાંથી જવાય. માટે અમને આજ્ઞા દીજીએ, હવે અમે અમારો પથ લીજીએ; તારે મા બાપે વિચાર્યું મન, હવે કહ્યું માનવાનો નહિ તન. માતતાત કહે વહેલા આવજો, કુશળ વાત વહેલી કહાવજો; પછી પંડિતે મહુરત જોયું સાર, આજથી ચોથે દહાડે નિરધાર. ત્યાં વહાણુની સજાઈ કરી, જણુસ માલ તેમાં બહુ ભરી; ઘેર ગુમાસ્તા થયા તૈયાર, ચાકર નફર અપરમપાર, હવે સવારે નિસરવું સહી, પિતા પ્રત્યે વાણી કહી; ત્યારે સોમદત્તે વાણી કહી, રાતે કુટુંબને મળવું સહી. ભાઈ ભોજાઈ પણ બેઠાં પાસ, સોમદત્ત કહે આણી હુલ્લાસ; જેને જે જોઇતું હોય સાર, તમો તે લખાવો નિરધાર. શું જોઇયે તે કહોની તમો, નિશ્ચે કરીને લાવું અમો; તારે બોલી તેની માત, સાંભળ પુત્ર માહારી વાત. એક નૌતમ સારૂં લાવજો ચીર, જેમાં હોય નવ રંગનું હીર; તારે બેહેન કહે સાંભળો ભાઈ, કાંઇ હોય લાવજો નવાઈ. ભાઇ કહે તમને ગમતું જેહ, નવલ વસ્તુ કાંઇ લાવજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેહ; જેણે જેવું ગમતુ મન. તેણે તેવું કહ્યું વચન. સર્વનાં લખી રાખ્યાં નામ, જેને જેવું હતું કામ, તે કાગળ રાખ્યો પોતા કને, પછે ગુમારતા પ્રત્યે વાણી ભણે, જ્યારે આપણે આવવાનું થાય તે વખતે સંભરજો ત્યાંય; એટલે રાતપડી જાહરે, પોતે મહેલ આવ્યો તાહરે. પછી બોલ્યો નારીની સાથ, સાંભળ સ્ત્રી મારી વાત; તાહરે જોઇતું હોય જેહ, મારી પાસે મંગાવો તેહ, તારે નારી બોલી વાણ, એ જુદી વાત શાને કરો જાણ; સાંભળો સ્વામિ ચતુરસુજાણ, અમને લેખામાં નહિ આણ. સર્વને આણી આપશો સહિ. હું મંગાવું તે લાવો નહિ; ત્યારે સોમદત્ત કહે સાંભળો વાણ, તુજને મેં સોંપ્યો છે પ્રાણ. સર્વનું પછી લાવશું સહી. તમારૂ પ્રથમ લાવશું અહીં. નારી કહે સાંભળો ભરથાર. એ મારા મનનો વિચાર, મારા મનમાં છે બહુ ભાવ, મારે એક જણસનો છે અટકાવ; ગુમાસ્તા પાસ મંગાવશો નહિ. તમે જાતે લાવશો સહી, કોઇ ના જાણે તેનું નામ, માહરે છાનું છે તે કામ. તારે કંથ કહે સુણો તમો, છાનું માનુ લાવીશું અમો. તારે સ્ત્રી કહેરે ભરથાર, મારે અસ્ત્રી-ચરિત્ર જાઇએ આ ઠાર; જો લાવો તો લાવજો એહ, તારે હું જાણીશ પુરો સ્નેહ, પણ હું એટલું જાણું છું શ્યામ, મારૂ થવાનું નથી કામ; બીજાનું લેપ આવશો સહી. મારી વસ્તુ લાવવાના નહિ. ઘેલી નારી તેં ઘેલુ કહ્યું, તારી વસ્તુ લાવ્યા વિના કેમ રહું. કાગળમાં લખી લીધું તેહ, નારીએ મંગાવ્યું. જેહ.

દોહરા—વાત કરતાં રાત એમ વહી ગઇ, થયું છે સવાર, શોમદતે ઉઠી કરી, અસ્નાન કીધું તે ઠાર ભોજન કીધાં ભાવતાં. જવા થયા તૈયાર; માબાપની આજ્ઞા લઈ કરિ, સઉને કર્યો જુહાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુભ શુકન વંદી કરી, ચડયા પોતે તહાં વહાણુ. સહુ વળાવી પાછા વળ્યા, ઘરભણી નીરવાણુ. સ્ત્રી કહે ભલા ગઇ, પરદેશ ગયો ભરથાર. કલોલ કરીશું નગરમાં. હું ને મારો જાર. હવે વાહાણુ ચાલ્યાં જોરથી, ભર દરીઆ મોઝાર. સાત માસ એમ વહી ગયા. એક નગ્ર આવ્યું તે ઠાર. વહાણુ જઇ ત્યાં નીગર્યાં, હરખ પામ્યા મન માંય. માલ ઉતાર્યો તે શેહેરમાં વેચવાની બહુ હામ. તે ગામનો એક વાણીઓ. ભુલાશા પારેખ નામ. તે ભારે માણસ અતી ઘણો. સહુ આજ્ઞા પાળે તે ઠામ. તે ગામમાં ડાહ્યો ઘણો. સૌ પુછી કરે છે વાત; સોમદતે મિત્રાઇ કરી. તે વાણીઆ કેરી સાથ. ખાવું પીવું એકઠું, સુવું તેને ઘેર. પછી વાત રાતે કરે. કેવી થઇ ત્યાં પેર. ત્યાં માસ ચાર એમ વહી ગયા, ત્યારે વેચાયો માલ, નવો ભરાયો તે વહાણુમાં. પછી વિચાર્યું તતકાળ; દાણ મેસુલ ચુકવ્યું. કીધા સૌના હીસાબ. જવાને તતપર થયા. ત્યારે વિચાર્યું મન આપ, પેલો કાગળ પેટી માંહથી, તે વેળા કહાડયો બહાર; તે ગુમાસ્તે આપીઓ, તમો જાતે જાઓ બજાર, વાંચી વસ્તુ સઘળી લીઓ, આપો મુલ મોં માગ્યા દામ, સઘળી વસ્તુ લાવો અહીં, આટલું કરી આવો કામ, કહીતી પેલી ચીજ જે સ્ત્રીએ, તે કોઇને નવ કહી વાત; તે કાગળ આપ્યો નહિ વસ્તુ લાવશું આપણા હાથ. ગુમાસ્તો ગયો બજારમાં, લાવ્યો સઘળી વસ્ત; સહુ તે આવ્યા વહાણુમાં, સોંપી સોમદતને હસ્ત પછે હરખ પામ્યો મન વિષે, પોતે ચાલ્યો બજાર; સ્ત્રીચરીત્ર પુછે જઇ, પણ કાંઇ ન મળ્યુ લગાર. જે સાંભળે તે વિસ્મે પડે, સહુ મનમાં જાણે એમ; આ મુરખ કાઇ દીસે ખરો, મોટાને કહીએ કેમ. ગામ મધ્યે ફરી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળ્યો; પણ કોઇએ ન કહી હાય; અરે દૈવ હવે શું કરૂં, સ્ત્રીચરીત્ર મળશે કયાંય. એમ ચાર દીવસ ફર્યો સહી, મુકી મનની આશ; પછે મન વીચારી આવીયા, ભુલા પારેખની પાસ. શેઠે માન દીધું ઘણું, જાણી મોટાનો તન; હાવ ભાવ કીધો ઘણો, સંતોખ્યાં બેઉનાં મન.

ચોપાઇ—શેઠ કહે ભલે આવીયા, આજ અમારે મન ભાવીયા; કાંઇ એક કાજ અમ સરખું કહો, સુખે ઘર તમારૂં રહો. સોમદત બોલ્યા વાણ, કાલે ઉપડવાનાં વહાણ; મારે બોલ્યું ચાલ્યું કરજો માફ; તમ ઘેર સુખ પામ્યા બહુ આપ. શેઠ કહે માયા તમારી ઘણી, કેમ આજ્ઞા આપુ જાવાતણી, થોડા દહાડા તો રહો સહી, જવાની ઉતાવળ કેમ થઇ. ત્યારે કુંવર બોલ્યો વાણ, માલ ભર્યાં છે બહુ વહાણ; બીજા બંદર ફરવું સહી, જોઇતી ચીજ મળે નહી અહીં. ત્યારે શેઠ કહે શું તેનું નામ, જે જોઇએ તે મળશે આ ગામ; બીજા મુલકમાં જે ન નીકળે, તે વસ્તુ અહિયાંથી મળે; તમારે જે જોઇએ તે કહો, તે અમારી પાસે માગી લ્યો; તે પેદા કરી આપું સહી, એવી વાણી શેઠે કહી; ત્યારે બોલ્યો વીરચંદનો તન. સાંભળો શેઠ મારૂ વચન; સ્ત્રીચરીત્ર જોઇએ છે સાર, તે ગામમાં મળતું નથી લગાર, અમો ફરીને થાક્યા સહી, કોઇથી હા કહેવાઈ નહી, તે શેઠ સાંભળી વિસમે થયો, પછે બોલ કુંવરને કહ્યો. પ્રથમ મન કર્યો વિચાર, રખે મશકરી હોય લગાર; વળતી શેઠ એમ બોલ્યા વાણ; સાંભળ સોમદત ચતુરસુજાણ. તે વસ્તુનો શો અટકાવ. સ્ત્રીચરીત્ર ઉપર કોનો ભાવ; ત્યારે સોમદત બોલ્યો વાણ, સ્ત્રી મારી ચતુરસુજાણ. સતી સાધવી પુરણપ્રીત, તે રામાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવી રીત; મેં કહ્યું તારે જે જોઇએ તે મંગાય. જોશો તારો હોયે ભાવ. વીદેશે નીકળ્યા જાહરે. કામનીએ કહ્યું તાહરે; કહ્યું સ્વામીને વેહેલા આવજો. મારે કાજે સ્ત્રીચરિત્ર લાવજો, આ ગામમાં ફરી ફરી થાકયો સહી, પણ તે અહિથી મળીયું નહિ; હવે અમે જાશું બીજે ગામ, શોધી કહાડુ સ્ત્રીચરીત્ર નામ. જો જડશે તો જવાશે ઘેર નહિ તો ખાઇને મરશું ઝેર; ત્યારે શેઠ સમજ્યા મન મોઝાર, પુરૂષ મુર્ખ છે ગુમાર, હું મોટો જાણતો સર્વથી, પણ એવો મુરખ કોઇ નથી; પછે શેઠ ત્યાં બોલ્યા વાણ, સાંભળો સોમદત્તજી ચતુરસુજાણ. એ વસ્તુ છે અમારી પાસ, અમો તમારી પુરૂ આશ; જે પૃથ્વીમાં શોધી નહી જડે, તે અમારે ઘેરથી નીકળે. હમો બીજાને કહીએ નાય, પણ તમને ના કેમ કહેવાય; પણ એ વસ્તુ મારે અહી, ઉતાવળે હાથ આવે નહી માટે કહું તે કરોની પેર. વહાણ ગુમાસ્તા ગોકલો ઘેર; તમો હમારે રહો ધામ; થોડા દિવસમાં કરશું કામ; ત્યારે વિચારી તેણે વાણ; આવ્યા પાછા જ્યાં છે વહાણ; ગુમાસ્તા પ્રત્યે બોલ્યા એમ, કહો હવે કરીશું કેમ; તમો વહાણ હંકારી જાઓ; હવે તમે શીદ ખોટી થાઓ; હમે શુભ જાત્રા માની છે સહી; હમે અહીંઆંથી જઇશું નહી. સૌ હીસાબ સોંપજો બાપને; શું ઝાઝું કહું આપને; આજ કાલમાં પોતે આવશે, તેથી તેમને ચીંતા નહિ થશે; એમ કહી વાહાણ વળાવ્યાં સાર; પોતે આવ્યા શેઠને દ્વાર શેઠ કહે સુખે રહો આ ઠામ, સ્ત્રીચરીત્ર લેઇને જાજો ગામ. એમ કહીને ઠેકાણે થયા, સોમદત્ત શેઠને ઘેર ગયા; વહાણ ત્યાંથી પોત્યાં ઘેર; મનમાંહે કહી સર્વે પેર.

દોહરો— આઠ માસ એમ વહી ગયા; ભુલા પારેખને ધામ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારે સોમદત્ત વાણી વદે; શેઠને કર્યો પ્રણામ. શેઠ તમે આપ્યું નહી, પેદા કરી સ્રીચરીત્ર; ઘેર નારી વાટ જુવે ઘણી; ત્યાં થશે વીપ્રીત. ત્યારે શેઠ કહે રહો સાંસતા; કરૂં તમારૂં કામ; એક ગુણકા આગળી; જેનું ગુણવરાહ છે નામ. બોલાવી તેને તે સમે, જેમાં બહુ ચતુરાઈ કામ; તે પ્રપંચ ભેદ જાણે ઘણું; આવી કર્યો પ્રણામ. શો હુકમ છે શેઠજી; તમ વચનની બાંધી રહું; અરજ કરૂં તમ વાતથી; કહો તો મુસ્તક દઉ. ત્યારે શેઠ કહે ગુણકા સુણો; તમો છો ચતુરસુજાણ; કામ અમારૂં કરો સહી; તે કહું તમને વાણ. શેઠ આવ્યા છે અમ તણા; જાણો અમારા સરદાર; સ્રીચરીત્ર એને આપવું; માટે તેડી જાઓ એને દ્વાર. ત્યારે સલામ કરી ગુણકા કહે, એ અમારૂં કામ; સમજી મન ગુણકા સહી, એનું તે મુરખ નામ. પછે સાથે લીધો શેઠને, આવી પોતાને ધામ; કોણ દેશમાં રહો તમો; શું છે તમારૂં નામ, ત્યારે સોમદત્ત કહે સાંભળો, અરે ગુણકા ગુણવાન, અમે વાહાણવટીના પુત્ર છીએ, સોમદત્ત મ્હારૂં નામ. સ્રી મારી ઘેર છે, તેણે મંગાવ્યું એહ; ચીજ મારી સોંઘને આવજો, તમને કહ્યું તેહ. સમજી તેનું સાણપણ, ડહાપણે કહી વાટ; ચીંતા શેઠ કરશો નહી, ટાળું તારો ઉચાટ, સ્રીચરીત્ર મુજ કને છે સહી, તે તમને આપીશ સાર; ધિરજ થકી મળશે સહી, ઉતાવળા નહી થાઓ લગાર. તે શેઠ ગુણકાને ઘેર રહ્યા વ-ણુએ વીચારી વાત; શેઠ ચર્યા જુવે ઘર તણી, એમ વહી ગયા માસ સાત ત્યારે સોમદત્ત કહે ગુણકા સુણો. આપો અસ્ત્રી ચરીત્ર; માસ સાત તો વહી ગયા, એ તે ક્યાંની રીત. ત્યારે ગુણકા કહે કહું તે કરો. થાઓ નારીને રૂપ; તો અસ્ત્રી ચરિત્ર દાખવું. થાજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારેખમ ભુપ. સોળ સણુગાર અંગે ધરો, પહેરો નવરંગ ચીર; તેનું રૂપ કો ઓળખે નહીં, જાણે શુદ્ધ નારિનું શરીર. વરસ સોળની સુંદરી ભરજોબન બાળે વેશ; દ્રષ્ટે દેખતાં ધિરજ રહે નહીં, ત્યાં થાય કામ પ્રવેશ, તે ગુણકાએ કર ઝાલીઓ, લઈ પોતીકે સાથ; તેને ગુણકાએ પ્રિછવી, સમજાવી સહુ વાત. જે કહે તે હા કહેવી સહી, ચરચા જોવી રાત દન; તમને સ્ત્રીચરીત્ર મળશે સહી, માનજો સત્ય વચન.

ચોપાઈ—એમ સમજાવી ગુણકાએ વાત, તેડી ગઈ પોતીકી સાથ, શીવદત શેઠ છે વેહેપારીઓ, નગર બધામાં જુગ જાણીઓ. ઘણી લક્ષ્મી ઘણાં ઘર સુત્ર, પ્રતાપચંદ તેનો એક પુત્ર; તે લાડકવાયો એકનો એક, વપુ એ સુંદર વડો વિવેક. તે વાહાણ ભરી વિદેશ ગયા, તેને બાર વરસ જાતાં થયાં; તે તણી ઘરમાં છે નાર. સુંદર રૂપને ગુણ ભંડાર, માનુની તે સરવેમાં ડાહી, લક્ષણવંતી ને લાડકવાઈ; સસરો પુછી કરે સઉ વાત, કારભાર સહુ વહુને હાથ. રતનમાળ છે તેનું નામ, ગુણ જાણે છે બધુ ગામ; તે શ્રીમંત છે મોટો સાય, ગામ બધાનો ચુકવે ન્યાય. ગુણકાએ વીચારી પેર. તેડી ગઈ તે શાહને ઘેર; ગુણકાએ તેનો ઝાલ્યો હાથ, લાવી જ્યાં છે સઉ સાથ. ગુણકાએ જઈ કર્યો પ્રણામ, જ્યાં બેઠો શીવદત તે ઠામ; મહારાજ એક છે મારૂ કામ, આવી જાણી શાહુકારનું નામ. આ શાહુકારની કોઈ છે નાર, સસરો તેડી લાવ્યો આ ઠાર, મને કહ્યું આને રાખો તમોં, એના વરને તેડી લાવું અમો. મારો પુત્ર ગયો પરગામ, તેને તેડી લાવું આ ઠામ, તે પુત્રની વહુ આ થાય, અમો ગયા ૧૧ આણુ કરવાય, સાથે એને તેડીને જાણી. માટે તમ ઘેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુકી જાઉ, અમો પુત્રને તેડી લાવું જાહરે, એ વહુને તેડી જશું તાહરે. તેનો સસરો મુકી ગયો, માહરા મનમાં અંદેશો થયો, એતો રાંધ્યું અન્ન કહેવાય: મારાથી તે કેમ રખાય, હમો છીએ ગુણકાની જાત; સેહેજમાં આળ આવે નાથ, ન હોય તો લોક અમને કહે, ગુણકાના ઘરમાં કેમ રહે. તમો સાહુકાર સર્વથી, તમારી આખરમાં બાકી નથી. માટે સ્ત્રી રાખો તમારે ધામ, એટલું અમારૂં કરવું કામ. એનો ધણી સસરો આવશે જાહરે, તમ પાસેથી લેશું તાહરે, શાહુકારથી ના ન કહેવાય, સુખેથી મુકી જાઓ આંય. એ વાતનાં લખ્યા કીધ. પંચ મળી પ્રમાણુજ લીધ, અમારા પુત્રની વહુ છે જેહ. તેની પાસે રહેશે એહ એવું કહીને રાખી પાસ, ગુણુકા આવી પોતીકે અવાસ. સસરાએ બોલાવી વહુ, વાત માંડીને કહી છે સહુ, ત્યારે વહુએ ઝાલ્યો તેનો હાથ, તેડી લાવી પોતાની સાથ. આવો બેસો સુખે રહો, કામ હોય તો અમ સરખુ કહો; હવે રત્નમાલા છે જેનું નામ, ચતુર છે તે ગુણનું ધામ; નખ શીખ તેને જોઇ સહિ, પછે મન વિચાર્યું તહી. લક્ષણુ જોતાં અપરમપાર, એ પુરૂષ છે નથી એ નાર. પરિક્ષા પુરી કીધી સહી. નિશ્ચે પુરૂષ એ નારી નહી.

દોહરા—રતનમાળ વળતુ વદે, સાંભળ નારી વાણ, સાચું બોલશો તો જીવશો, જુઠે ખોશો પ્રાણુ. નારિ નથી તું નર છે, મેં જોયાં એંધાણુ, કપટ કરી કેમ આવવું પડયું, સાચી કહોને વાણુ. કટાર કાઢયો એક ચળકતો, ક્રોધ કરીને રીસ, સાચુ બોલ તું કોણુ છે, નહીતર છેદું શીશ. તે બીન્યો બાપડો વાણીયો, થરથર ધુજે દેહ; આંખ ઉંચી ચડી ગઈ, પછી બીતો કહે તેહ. જો ગમે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર તું દયા આવે તો ઉગાર, હું કપટથી આવ્યો નથી, તે સાચું કહું વિસ્તાર. હું વાહાણવટીનો પુત્ર છું, આવ્યો ભરીને વાહાણ; તું સરખી નાર માહરે; તેણે કહીતી વાણ. મારે કાજે શું લાવશો. પરદેશ જાઓ છો ભરથાર; મેં કહ્યું જે ગમે તે કહો. લાવતાં ન લગાડું વાર. કહ્યું સ્ત્રી ચરીત્ર લઇ આવજો, વચન આપ્યું હાથ; ત્યાંથી આવ્યા આ દેશમાં, તે સાચી માન તું વાત. મેં માલ બધો વેચ્યો સહી, પછી નવો ભર્યો મેં માલ; અસ્ત્રીચરીત્ર ખોળ્યું ઘણું, પણ કોઇએ ન કરી ભાળ. પછી ભુલા પારેખ આ ગામમાં, તેનો વડો વહેવાર; તેણે કહ્યું તમે રહો સહી. સ્ત્રીચરીત્ર આપુ નિરધાર. એમ સાંભળી હું હરખીઓ, વળાવી દીધાં મેં વાહાણ; આઠ માસ એમ વહી ગયા, ત્યારે ભુલા પારેખને કહી વાણ. શેઠજી દાહાડા ઘણા થયા, કયારે કરશો મુજ કામ; ત્યારે ગુણકા બોલાવી તે સમે, જેનું ગુણવરાહ છે નામ, તેને શેઠે વાત સર્વે કહી, ત્યારે ગુણકાએ વિચારી પેર; કહ્યું સ્ત્રીચરીત્ર આપુ અમો, તમે આવો મારે ઘેર. ગુણકા સાથે અમે ગયા. ત્યાં પણ રહ્યા માસજ સાત; કહ્યું અસ્ત્રીચરીત્ર આપો હવે, ત્યારે ગુણકાએ કહી વાત. મને કહે નારી થાઓ તમો, આવો મારી સાથ; સમજાયો સહુ સાથને, સોંપી તુજ સસરાને હાથ. એ હકીકત માહરી, જુઠી વાતે ઇશ્વરની આણ, હવે તુજ શરણ આવ્યો સહી, ઉગારો કે લ્યો પ્રાણ.

ચોપાઇ—વાત સાંભળી તે હરખી નાર, રત્નમાલ કરે વિચાર; મુર્ખ બીચારો એ છે રાંક; નથી કહાંઇ વાણીઆનો વાંક. શા માટે હવે એને હણુ, મનમાં તે વિચારે ઘણું; એની પુરી પાડું હું આશ, પ્રીત કરી રાખુ મુજ પાસ. તનમનધન એને આપીએ, જોબનનો લાવો લીજીએ. વળી સ્ત્રી ચરિત્ર દેખાડુ સહી, ને ખજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાર કરૂં એને રહી. નારી પછી ત્યાં બોલી વાણુ, સોમદત્તજી તમો ચતુરસુજાણુ; સ્રી ચરિત્ર આપું ઉલ્લાસ, તે તો છે અપારી પાસ. શાને ખોળો છો બધું ગામ, થાશે અમારાથી એ કામ; ખાઓ પીઓ ને રંગે રમો, ભોજન મેં માગેથી જમો. એમ કરી સંતોષ્યું મન, ધશીને લીધું આલિંગન; રાતે ભોગ ભોગવે અપાર. દીવસે થઇને રહે છે નાર. એમ ઘણા દિવસ ગયા છે સહી, એ વાત તો કોઇ જાણે નહિં; વરસ એક ગયું જ્યાહરે, શું કૌતક થયું ત્યાહરે. સફરે ગયો હતો તેનો ભરથાર, તે સફર કરી આવ્યો તે ઠાર; લાવ્યો અલખે અદકું ધન, પ્રતાપચંદ શીવદત્તનો તન. વધામણી આવી જેટલે, શીવદત્ત શેઠ હરખ્યો તેટલે; હરખીને આવી તેની માત, બાથ ભરી લીધી હાથ. તેર વરસે ગયો આવ્યો તન, માબાપનું ઘણું હરખ્યું મન; વધાવી લીધો તે કુમાર, તેડીને લાવ્યા ઘર મોઝાર. સજન કુટુંબ સર્વે સહી, મળવાને આવ્યા છે અહિં: માહાજન ને નગરના લોક, મળ્યા ભેટ્યા સહુ ટાળી શોક. કરણે કુંડલ ઝળકે જ્યોત, કટી શશીના જેવી ઉદ્યોત; વહાણુ સાત ગયો તો લઈ, ચાલીસ વહાણુ કમાયો તહીં. તે વહાણુ હજુ કાંઠે નાગર્યા, તેમાં માલ અમરીત ભર્યા; પિતા પુત્ર બેઠા પાસ, કરવા બેઠા વાત પ્રકાશ. કહે પુત્ર તારૂં વૃત્તાંત, આજ તેર વરસની ભાગો ભ્રાંત; તે સાંભળવાનું મન છે અમો, શો ગરથ કમાયા તમો. કોણ કોણ સાથે આડત કરી, ચાર્લીસ વહાણુ કેમ લાવ્યા ભરી; શો શો માલ તેમાં ભર્યો. તેર વરસની વાતો કરો. પુત્ર કહે સાંભળીએ તાત, હમણાં તો નહીં કરીએ વાત; આજ તો અમને આજ્ઞા દીજીએ, વીતી વાત કાલ કીજીએ. આડતીયાનો જે હીસાબ; તે સઉ વહાણે છે કીતાબ. તે માલ સર્વે નોંધ્યો છે સહી, કાલે તમને દેખડાવીશ અહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે રજા આપો તો મોહોલે જાઉં, ઘડી ચાર સુઇને સુખીઓ થાઉં; એવે પડી છે ત્યાં રાત, આજ્ઞા આપી છે પુત્રને તાત. સઉ સઉને ઠેકાણે થયા, પ્રતાપચંદ તો મોહોલે ગયા.

દોહરો—ત્યારે નારીએ વિચાર્યું, જે આવ્યો મુજ ભરથાર; પેલો પુરૂષ ઘરમાં હતો, તે સાથે કર્યો વિચાર. તમો ગુપ્ત ઓરડામાં રહો, જેમ ન આવે જાણ; માંહે સ્ત્રી ચરિત્ર દાખવું, તમો જોયાં કરો આંય. એટલે કંથ ત્યાં આવીયો, નારી લાગી પાય; આજ તેર વરસે સ્વામી મલ્યા, મારે હઇડે હરખ ન માય. ધન્ય દિવસ આજ માહરો, જે ઘેર આવ્યા ભરથાર; તમેં મ્હારે કાજ શું લાવીયા, તે આપો કર મોઝાર. તારે કંથ કહે કામની, તું વહાલી મુજને પ્રાણ; એક તહારે વાસ્તે લાવીઓ, બાકી તો છે વહાણ. તે સહુ પડી વહાણમાં, કાલે લાવશું ઘર માંહિ; ચીર લાવ્યો એક ચમકતો, હીરે રત્ન જડાવ, બહુ મુલ્ય મોંઘું ઘણું; ઝાઝું મોતીડે જડાવ, સવાલાખ રૂપીયા આપીયા. તે તમારે કાજ, તે લેઇ મુખ આગળ ધર્યું; લ્યો પ્રેમદા તમ આજ, તે જોઇ હરખી પ્રેમદા. લીધું પોતીકે હાથ. ખાનપાન કીધાં ઘણાં, ને કીધી વિગતથી વાત; ભોગ કીધા મન ભાવતાં, સુતાં સુખે સેજ. જાણે સુરજ પ્રગટ થયો, એવું તપે કુંવરનું તેજ, નિદ્રાવશ થયો જ્યાહરે. સેડમાં સુતી નાર; હાથ ગળેથી કહાડીયો, ઉઠી નારી તે વાર. ભરનિદ્રાવશ કંથ છે, વિચાર્યું નારી તે ઠામ; મુરખ જાન એ માનુની, પછે ત્યાં શું કીધું કામ.

છપ્પો—મુરખમાં મુરખ તેહ નાર, અહંકાર અતિશે આણે; મુરખમાં મુરખ તે નાર, મમત પોતીકા તાણે. મુરખમાં મુરખ તે નાર, દયા ન આવે તેને; મુરખમાં મુરખ તે નાર, વાત નવ મુકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લીધી. સુરે પુરે રાજન, રંગ રૂપ તેનો કશો; તે વિનતાને મન કશો, વહાલો તેને મન વસ્યો.

ચોપાઇ—તે નારે અતિ નિરદયપણું, પછી શું કામ કર્યું ઘણું; ભર નિદ્રામાં દીઠો ભરથાર, કાઢયો કામનીએ કટાર. ઢીંચણ મુક્યાં છાતી ઉપરે, કટાર લેઇ મુક્યો ગળે; મોઢે પરપોટા આવ્યા સહિ, જીવ ગયો તેનો તત્ક્ષણ તહિં. પેલો શોમદત્ત જુવેછે દષ્ટ, ઘણું તેહ મન પામ્યો કષ્ટ; થરથર ધ્રુજવા લાગી દેહ, ફટફટ નારી શું કીધું એહ. ચાદરમાં બાંધી ગાંસડી, માથે મુકી બાહેર નીસરી; જઇ નાંખ્યો તેહને દરિયા માંહ. પછી આવી ઘરમાં ત્યાંહ, પછી બોલી શોમદત પ્રત્યે વાણ; એહ સ્ત્રી ચરિત્ર જોયું નિરવાણ; ત્યારે શોમદત કહે સાંભળ નાર, મિથ્યા માર્યો તહારો ભરથાર. એ- માં સ્ત્રીચરિત્ર શું કહેવાય, તને મારતાં કેમ ન આવી દયાય; હજી બાપને મળ્યો નહી; સુખ દુઃખની વાતો કીધી નહી. ત્યારે નારી કહે સાંભળજો જાર, તહારા ઘરમાં છે એવી નાર; સ્ત્રી ચરિત્ર મં- ગારે સહી, તેનું પ્રાક્રમ કરે તહી, ત્યારે શોમદત કહે કહું શું કથી, મ્હારે ઘેર અહાવી નારી નથી, સતી સાધ્વી છે રે નાર. એવું કામ ન કરે લગાર. રત્ન માલ કહે આવશું તમ ઘેર, સઘળી પતા- વશું ત્યાં પેર. ત્હને સ્ત્રીચરિત્ર આપવાને સાર, મેં માર્યો મારો ભરથાર; હવે તમે કરો એક કામ, પાછા જાઓ ગુણકાને ધામ; વાત સર્વ માંડીને કહો, થોડા દિવસ તેને ઘેર રહો; તે ગુણકાને લઇને સાર, પાછા પુરૂષ થઇ આવજો આ ઠાર; એવો બોલ નારીએ કહ્યો, સોમદત ગુણકાને ઘેર ગયો. વાત સરવે માંડીને કહી, એહ વાત એટલેથી રહી; એટલે ત્યાં ઉગ્યો સવાર, સઉ સુતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉઠયાં તે ઠાર. શીવદત્ત શેઠ ઉઠયા ત્યાં સહી, બેઠા વિચાર કરેછે તહીં; રતનમાલ પણ ઉઠી નાર, તેના ઘરમાં કામછે સાર. દિવસ પહોર ચડયો છે સહી, શીવદત્ત શેઠ બોલ્યો તહીં; આજ ભાઇ કેમ ઉઠયા નથી, દિવસ ચઢી ગયો સર્વથી. એક ચાકર બોલ્યો તે વાર, જાઓ કુંવરને ઉઠાડો સાર; કહિએ દિવસ ચઢયો છે ખરો, બહાર આવીને દાતણ કરો; આ રતનમાળ જે સુંદર નાર; તેણે રસોઇ કરી તૈયાર, આપણુ બે ભોજન કીજીએ. આજ તેરે વરસે લ્હાવો લીજીએ, ચાકરે આવી કીધો સાદ; પણ કોઇએ ન દીધો જવાબ, ઘણુાતો એક સાદ પાડયા સહી, પણ ઓરડો ઉઘાડયો નહીં.

દોહરા—ઓરડો ઉઘાડયો ત્યાં સહી, ન મળે શાહનો તન; પછે આવ્યો શેઠ કને, કર જોડી કહે વચન. ઓરડામાં કોઇ નથી, અમે જોયા ખુણા ચાર; સેજ સુની પડી ત્યાં કને, તમ પુત્ર મળે ન લગાર. ત્યારે શેઠે વિચારયું મન વિષે, ઉઠયો હશે સવાર; પ્રાતઃ કાળે ઉઠી તે ગયો, હશે કામ કાંઇ બહાર. વહુ પાસે સસરો આ-વીયો, બોલ્યો એમ વચન; કંથ તમારો કયાં ગયો, પ્રાતઃકાળે ઉઠી પાવન. ત્યારે વહુ કહે સસરા સુણો, શું પડયું આપણું કાજ; શું કરૂં મહારા તાતજી, મહને કેહેતાં આવે છે લાજ. લક્ષણવંતાએ લક્ષણ ગણું, ખોઇ લાખ ટકાની લાજ; તે તમ આગળ શું કહું, તમ પુત્ર નથી આવ્યા આજ. એમ કહી જળ નયણે ભરયાં, સાં-ભળો સસરાજી વચન; હવે લાજ ઇજત રહેશે નહી, એવું કીધું તમારે તન. હવે ઇજત જશે સઉ લોકમાં, લુંટાશે ધનમાલ; આબ-રૂના થશે કાંકરા, એવું કીધું તમારે બાળ. કાલ રાતે આવ્યા મોહોલમાં, ત્યાં દીઠી પેલી નાર; તમે મુને સોંપીતી શેઠજી, જેહ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નો પરદેશ ગયો ભરથાર. ભરજોબન દીઠી ભામની, તેણે લલચાયું ત્યાં મન; મહને કહ્યું આ કોણ છે, એહને દાધું આલીંગન. મેં કહ્યું એ નારી પારકી, એનો પરદેશ ગયો ભરથાર; તે શાહુકાર જાણી સોંપી ગયો એ આપણો નહીં વહેવાર. ત્યારે રીસ મુજ ઉપર કીધી ઘણી, દીધી અદકી ગાળ; ભોગવું હું એહ ભામની મને એ ઉપર બહુ ખ્યાલ. મહારૂ કહ્યું માન્યું નહીં, ને કીધો તે શું જાર; પછી સહવારે ઉઠી જોયું સહી. તો નથી એ સેજમાં ભરથાર. બારણાં ઉઘાડયાં ઓરડા તણાં, નહી ત્યાં પેલી નારઃ શું જાણીયે તે શુ થયું, ક્યાં ગયાં રાંડને સાંડ. સસરાજી સાચું કહું, સાચે સાચી વાત; સાસુએ સાચું માનીયું, પછે ઘસવા માંડયા હાથ. તે નારી લેઇ જતો રહયો, હને શી થાશે પેર; દીકરાએ દુઃખ દીધું ઘણું, મોહોટો કીધો કેર. હાય હાય હવે શું કરૂ, એમ શીવદત્ત કરે રૂદન; એ વહુનું કહ્યું ન માનીયું, એહવો મુરખ તન. ડાટ વાળ્યોરે દીકરા, અણઘટતું કીધું કામ; સઉ લોકને જવાબ શું દઉં, વેહેપારી આવ્યા આ ઠામ. હવે ક્યાં જાઉં ને ક્યાં રહું, એમ કહી કુટે છાતીને શીશ; રોવા લાગ્યો ડોસલો, પાડીને બહુ ચીસ. જુલમ કર્યો રે રાતમાં, હવે શી થશે પેર; કાલે તો કંથ આવશે, વહુ માગવાને ઘેર. હવે ઝેર ખાઇને હું મરૂ, કે જળમાં જઈ ઝંપલાઉં કંઠે ફાંસો ઘાલી મરૂ, કે હાથે વિખ ખાઉં.

છપ્પો—ગયો વિદેશે જન, કુશળ કોઇ એકદીન આવે; ગઇ આવે છે નાર, ગયેલું ધન પણ આવે. એ અવસર કોણ કાજનો, શામળભટ સાચું કહે, ગુણ લાખેણો ખોયો લાજનો.

ચોપાઇ—હવે લાજ તો માહરી જશે, અરે વહુ હવે શી વલે થશે; આજ દિન સુધી હું તો નર્યો, દિકરાથી હું નવ ડર્યો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં વહુ બહુ કહે સસરાને સાર; તમો દુઃખ ન ધરશો લગાર. તે આવે ત્યારે કહેજો તમો, એને જવાબ દેશું અમો. તમો શાને વિખ ખાઇને મરો, ઉઠો હમણાં તો ભોજન કરો; જે થનારૂ હશે તે થશે, પરમેશ્વરને ગમતું હશે. તમારૂં નવ દેવા દઉં નામ, અમો કરૂ છુ એવું કામ; ત્યારે સસરો કહે વહુ સાબાશ, મારે તારી મોહોટી છે આશ. તું કુળમાં પ્રગટી રતન, મુરખ પેટ આવ્યો છે તન; અરે વહુ તને લાગુ પાય, એવું કરજે જે શોભા નવ જાય. એમ કહીને છાનાં રહ્યા, પછે ઉપાય તેહના થયા; દિવસ થોડા થયા જ્યાહરે, ગુણકાએ શું કરયું તાહરે. પેલા સોમચંદને કહી એ વાત. ચાલો હવે અમારી સાથ; પાછા પુરૂષ થાઓ તે ઠામ, જેવું સોમદત્ત તેહનું નામ. ગુણકાએ સાથે લીધો સહી, આવી શીવદત્તનું ઘર છે જહીં; આવ્યો પેલી નારનો કંથ, જે ગયોતો વેગળે પંથ. માટે એની કન્યા દીજીએ, તમને ઓશીંગણ શું કીજીએ; સાંભળી શેઠે તેની વાણ, દેહમાંથી ગયો છે પ્રાણ. દિગ્મુઢ થઈ ગયો તેવાર, બોલાતુ નથી લગાર; ત્યારે ગુણકા બોલી વચન, કેમ શેઠ ઉતર્યું વદન. ફેલ કરી નયણે જળ ભરે, વાણીઓ ઉદાસી શેને કરો; એમ પારકી વસ્તુ કેમ ઓળવાય, ફેલ કરેથી નહીં રખાય. આપો નારી પછે મટે શોક, નહીં તો મેળવીશું ગામના લોક; શાહુકાર જાણીને આપી નાર, તે માટે તમારો રાખીએ ભાર, જુઠા પડશો ને આબરૂ જશે. હાણુ આશા જોતજોતામાં થશે.

દોહરા—ત્યારે શીવદત્ત શેઠ એમ બોલીયા, શીદ ચઢાવો આળ; કાં અબળા બોલો તમે, મારા જીવને જંજાળ. સાચું કહું સહુ દેખતાં, જુઠે ઈશ્વરની આણ; તે નારીને લઇ ગયો, અમારો પુત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેતાન. તરત વિદેશથી આવીયો, ઘરમાં રહયો એક રાત; તે નારી દેખી મન ચળ્યું, તે લઇ ગયો પ્રભાત, તેર વરસે આવાયો, મારો લાડકવાયો તન; જશ કીરતી લાવ્યો ઘણી, વળી લાવ્યો ઘણું એક ધન. ઘરમાં વહુ છે સાધ્વી, વળી રૂપનું ધામ; તેણે શીખ દીધી ઘણી, નવ માન્યું સંતાન. કુબુદ્ધિ થઇ કુંવરને, ઉપની ખોટી પ્રીત; સુખ દુઃખની વાતો કરી નથી, વાત થઇ વીપરીત હવે ગુન્હેગાર થયો તાહરો, કહો તે સાંભળી રહું; જેમ મન માને તમ તણું. જે કહો તે તમને દઉં, હવે શોરબકોર કરશો નહીં, ન જણાવશો ગામના લોક; કર જોડી હું કરગરૂં, શાંત પમાડું શોક.

ચોપાઇ—એવાં શેઠે કહ્યાં વચન, સુણી ગુણકાને ચઢી અગન; શેઠ જુઠું બોલો છો તમો, રાજાને જાણ કરૂં છું અમો. માહરે ધનમાલ કાંઇ જોઇતું નથી, નારી એહની આપો સર્વથી શેઠ કહે સાંભળજો વાણ, જુઠું બોલુંતો ઇશ્વરની આણ; બીજીવાતે માનત મન, સ્ત્રીલેઈ ગયો છે તન. તું કહે તો આપું સહુ વાણ, તેના સાક્ષી શ્રી ભગવાન ત્યાં સોમદત્તે માંડયું રૂદન, મારી સ્ત્રી છે અતિ પાવન; ધન માલને હું શું કરૂં, સ્ત્રી વિના તો નિશ્ચે મરૂં. એમ શોર બકોર કીધો જ્યાહરે, ઘરમાં વહુ આવી ત્યાહરે; અરે સસરાજી આ શી વાત, કેમ માંડી બેઠા છો બઢવાડ. સસરાએ ત્યાં જોડયા હાથ, વહુને ત્યાં કહી સૌ વાત; વહુ કહે ઘરમાં આવો તમો, એનું મન મનાવું અમો. ઘરમાં તેડી કહ્યું વૃત્તાંત, ભાગી તેના મનની ભ્રાંત; એ ફજેતી કરશે આ વાર, લોક મેળવશે અપરંપાર. એહની સાથ જઇશું અમો, માટે હું કહું તેમ કરોને તમો. એ કામ આપણું થાતું હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ ન જાણે બીજું કોઇ. સસરો સાંભળી તે વચન, શાબાશ છે વહુ તને ધન. શાબાશ છે તારિ જાતને, શાબાશ છે તારાં માત તાતને; માહરૂં દુઃખ તમથી ન ખમાય, આબરૂ રાખવા તો તુ જાય; એવું કહીને આવ્યા ત્યાંય, સોમદત્ત ગુણકા બેઠાં છે જયાંય. કહો ભાઇ હવે કરવું કેમ, તમે બતાવો કરીયે તેમ; કહો તો ઘરનું સોંપું સહ, કહો તો દીકરાની સોંપુ વહુ. છે બત્રીસ લક્ષણ ગુણભંડાર, અમારે પણ વહુનો આધાર. રતનમાળ છે તેનું નામ, કહો આપું કરી પરણામ. ત્યારે સોમદત્ત કહે એમ કેમ થાય, પારકી વસ્તુ કેમ લેવાય; વળી એને ત્યાં બહુ છે ધન, એ ક્યાંથી ગમે મુજ મન. ત્યારે ગુણકા બોલી સોમદત્ત સાથ, માનો શેઠ સાચી છે વાત; હોનાર વસ્તુ એમજ થઇ, બાકી શેઠનો વાંકજ નહી. શેઠ કહે જો માનો તમો, વહુ ઉપર પાંચ વહાણ આપું અમો; સોમદત્ત કહે હવે કરીએ કેમ, તમે કહો છો તો કરીએ તેમ. અમારૂં મનતો માને નહી, પણ તમારી વાત તો રાખવી સહી; તમે શેઠ શાહુકાર છો સાર, બીજું કહિએ તેમાં નહિ વહેવાર. પછે પાંચ વહાણ ને વહુ દીધ, એ વાત તો લખાવી લીધ; શીવદત્ત કહે અમારૂં બહુ પાપ, અમને લાગ્યા બહુ સંતાપ. દિકરો ગયો વહુ પણ ગઇ, મારી પાસે રહ્યું નહિ કાંઈ; એ વહુ વડે માહરૂં ઘર શોભતું, સુંદર શોભાથી અતિ ઓપતું. તેમાં તો આ ઉઠી વાટ, દિકરાએ વાળ્યો બહુ દાટ; વહુ ગઇ મારી સર્વથી, મારી આબરૂ જવા દીધી નથી. એ વહુએ મારી રાખી લાજ, નિકર મારૂં કરત કોણ કાજ; શાબાશ રે વહુ સુખીયાં થજો, કામકાજ મુજને કહાવજો.

દોહરા—ત્યારે વહુ કહે સસરા સુણો, શાને દુખીઆ થાઓ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમ અમ સંબંધ એટલો, સુખે મોહોલમાં જાઓ. એમ કહી પગે પડી, સાસુને લાગી પાય; બોલ્યું ચાલ્યું ગણુશો નહિ, એમ કહીને થયાં વિદાય. ચડો ચતુરા વહાણુમાં, સાથે લીધો સોમદત; હવે કસ્તુરાવતી કહે રાયજી, એવી નારીની મત. ત્યાંથી ચાલ્યાં બે જણાં, ભરદરિયા મોઝાર; ત્યાર પછી શું નીપજ્યું, તેનો કહું વિસ્તાર. ચાલ્યાં વહાણુ તે જોરમાં, માંહે બેઠાં છે નરનાર; ત્યારે સોમદત્ત કહે સાંભળો, મારા મનનો વિચાર. મારે ઘેર જવાય નહીં, એની લાગે છે બીક; કહે સ્રીચરિત્ર લાવ્યા નહીં, શું કામ કર્યું એ ધીક. વહાલાને આગળથી મોકલ્યું, મારૂં ન લાવ્યા લગાર; જ્યારે ઉત્તર શું આપીએ, માટે ઘેર કેમ જવાય. તારી સ્રી પણ ભોગવે, પર પુરૂષ શું જાર; તમને ખબર તેની નથી, દેખડાવીશું ભરથાર. નગર તમારૂં કેટલે, તે સાચી કહોને વાણ: નગર સમીપે આવે સહી, છે અહિં જોજન ત્રણ રતનમાળ કહે કંથજી, જ્યારે આવે સસરાનું ગામ. ત્યારે અમને ચેતાવજો, વહાણુ નાગરતું તે ઠામ; તે નગરમાં ખબર કહાવજો, કદી પીયરમાં હોય નાર, તે હવે સમીપે આવ્યું સહી; છે જોજન ચાલીશ. સ્ત્રી ચરિત્ર દાખવું, મન માને ભરથાર. એમ કહી વહાણુ હંકારીયાં, આવ્યાં જોજન વીશ. સોમદત્ત કહે નારી સુણો, આ સસરાનું છે ગામ, વહાણુ નાંગર્યાં તે બંદરે. પછી મન કીધો વિચાર; પુરૂષ વેશ પોતે ધર્યો, રતનમાળ જે નાર. મછવો મુકાવ્યો ત્યાં થકી, બેઠા નર ને નાર; ગુમાસ્તાઓ સાથે લઈ, આવ્યા સસરાને દ્વાર. શામાની સાથ એક વાણીઓ. ત્યાં બેઠા બેઉ જણુ હાર; પુછ્યું તેહ ... ક ને આ છે કોનો અવાસ. દીપચંદ નામે વાણીઓ, શાહુકારમાં વડી જાત;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેપાર કરે છે વહાણુનો, જુગમાં બહુ વિખ્યાત. એને પુત્રી એક પરીવારમાં, કનકાવતી જેનું નામ; તેનો પીયુ ગયો પરદેશડે, માટે રહે તે આણે ઠામ. વાત તો એવી સાંભળી, ચેતી ચતુર જાણુ; તહિ થકી ચાલ્યા સો, આવ્યાં જ્યાંછે વહાણુ. રતનમાળ કહે કંથને: રાતે જઇએ નગર મોજાર; ચરચા જોઇએ તુજ નારીની, સ્રીચરિત્ર પમાડુ પાર. ખાનપાન કીધા તહીં હેવે પડી ત્યાં રાત; મછવો મુકયો તે સમે. ઉતર્યા બેજણુ સાથ, ચરચા જોવા કારણે, ચાલ્યાં નારીને કંથ; જોતાં જોતાં સંચર્યાં, જ્યાં છે મેહેલનો પંથ. મેહેલ જોયો તે નારનો, પછે ગયાં તે પાછલે બાર; ત્યાં દોરડું બારીએ બાંધીયું, તે દીઠું નરને નાર.

ચોપાઈ—નારી કહે ઉપર ચઢો, સ્પષ્ટ આપે જઇને કરો ત્યારે સોમદત્ત કહે કેમ જવાય. મારી નાખે મુજને ઘરમાંહ, નાર કહે તારૂ નહી કામ; હું જઇને જોઉ તેઠામ; એમ કહીને ઉપર ચડી, જઇ બારિ પછવાડે અડી. સર્વ કાઢયું આંખડી તળે, જુવે તો જાર વળગ્યો છે ગળે. ભરનિદ્રામાં સુતાંછે બેય, વસ્ત્ર નથી નગનછે દેહ. તે જોઇને હેઠળ ઉતરી, સ્વામીને કહ્યું તે ફરી; ત્યાં ભર નિંદ્રામાં સુતી નાર, પાસે સુતો છે તેનો જાર. જાઓ તમે ઉપર ભરથાર, ત્યાંય નથી કોઈ મારનાર; જઈ જારનું કાપો શીશ, અંતરમાં આણો બહુ રીસ શોમદત્ત ચડયો તેણી વાર, સુતાંછે નારીને જાર; ભર નિંદ્રામાં બે જણુ સહી, કંઠે વળગી સુનાં છે તહી. સોમદત્તે જોયું તે ઠાર. ધીક ધીકરે તુજને નાર; રતનમાળનું સાચું સહી, મેં મુરખે માન્યું નહીં. હવે મુસ્તક કાપવા જાઉ જાહરે, કદી જાગી ઉઠે તાહરે; તો મુને મારી નાખે સહી, એમ કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાછો ઉતર્યો તહીં, તારે નારી કહે તમ આવીયા, મુસ્તક કેમ ન કાપી લાવીયા; ત્યારે સ્રીને કહે ધરજે મુજ ગાત્ર, મારાથી નવ થાએ ઘાત, ત્યારે કહેતું પુરો ગુમાર, એમ કહીને લીધી તલવાર; પછી ઉપર આવી ચડી, ત્યાંસુતાં જારને સુંદરી. ધીમેધીમે ગઇ તે દિશ, જઇને જારનું કાપ્યું શીશ; ચોટલી તેના હાથમાં સઇ, મુસ્તક લાવી હેઠળ તહિ. તે શીશ લઇને આદર્યાં બેય. દરિઆ કાંઠે આવ્યાં તેહ; મછવાવાળાને બોલાવ્યો જાણુ, પાછો લઇને ત્યાં વહાણુ, નારી કહે સાંભળો ભરથાર, આ સ્રી ચરીત્ર નીરધાર; ઇસકોતરામાં ઘાલ્યું ઉલ્લાશ, તાળુ દઇ કુંચી રાખી પાસ, તમો ઘેર જાશો જાહરે, નારી પીએરથી આવશે તાહરે; સ્રીચરિત્ર લાવ્યા ભરથાર, આ મુસ્તક ધરજો કર મોઝાર. હવે એ વાત એટલેથી રહી, પેલી નારીની શી ગત થઈ. તે નારીએ કીધો મન વિચાર, ઘેર મોકલી દેઉ મારો જાર, એમ વિચારી જગાડવા ગઇ. તો મુસ્તક વિનાની કાયા સહી. રૂધિર દિઠું અપરમપાર, મનમાં દુખ ધર્યું અપાર; પછે મન વિચાર્યું સહી, મારા જારને કોઇએ માર્યો અહીં. પછી મનમાં કર્યો વિચાર, ચોકીવાળે માર્યો જાર, પછે ચાદરમાં બાંધી ગાંસડી, માથે લેઈ હેઠે ઉતરી. નાંખી આવી તે દરિઆમાં જઇ, પાછી આવી તે ઘરમાં રહી; તે વાત કોઇ જાણે નહી લગાર, એટલે ત્યાં થયું સવાર, શોક ધરેછે નારી સહી, એ વાત તો એટલેથી રહી, નાંગર્યાં વહાણુ જઇને ખાડીએ, વધામણી મોકલી બાપને. વાયુ જોરથી ચાલ્યાં વહાણુ, આવ્યાં કોરે કોરે જાણુ; ધાઇ આવ્યાં તે માતને તાત, સાંભળી પુત્ર આવ્યાની વાત. નગર લોક આવ્યાં સહી, મા બાપ પુત્રને મળ્યાં તહીં; ત્યાં રતનમાલ નારીછે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેહ, સાસુ સસરાને પગે લાગી તેહ. વહુ જોઇને હરખ્યાં માતને તાત. ઘર આવ્યું તે સર્વે સાથ; બેઠાં માત પીતાને તન, સહુ સાથે કીધાં ભોજન. વહુ દેખીને હરખે સહી, તે તો છે પીએરની માંહી; તે પીએરેથી આવી સહી. સાસુ સસરાને મળી છે તહીં. પુત્ર મુજ આવ્યો જાહરે. તેને મોકલ્યું તાહરે, મળી શોક રતનમાલ જાહરે, અન્યોઅન્ય મળ્યાં તાહરે વાત વીગતની સરવે કહી, ઠામ ઠરીને બેઠાં તહી.

દોહરા—રાત પડી છે જાહરે, સુતાં નરને નાર; હાસ્ય વિનોદની વારતા, એ કામનીને ભરથાર. ત્યારે કનકાવતી કહે કંથજી, લાવ્યા સ્ત્રી ચરીત્ર; તો પ્રીત આપણી રહે, નહી તો થાશે વીપ્રીત, ભાઇ ભોજાઈને આણી આપ્યા, આણી આપ્યુ માતને તાત; તમો મારી વસ્તુ લાવ્યા નહિ, મેં વિચાર્યું રૂદીઆ સાથ. તમો નારી બીજી પરણીયા, થયો મારો અટકાવ, માગી વસ્તુ નહી મળે. ઉતરયો મુજપરથી ભાવ. તાહરે કંથ કહે કામની, તું વહાલી મુજને પ્રાણ; તારી વસ્તુ લાવું નહી. તો થાય મુજને હાણ, આ કુંચી લ્યો કામની, તમે હાથે ઉઘાડી લ્યો; એ સ્ત્રીચરીત્ર ખોટું કે ખરૂં, તેનો જવાબ મુજને દો. તે કુંચી લીધી કામની, ને ઉઘાડયું તે વાર, પુસ્તક રૂમાલમાં વિટીયું, ત્યાં દીઠો પોતીકો જાર. ત્યારે નિહાળ્યું નારીએ, એ સાચી નીશાની સહી. હવે ખોટું કેમ કહું, એમાં સંદેહ નહિ.

છપ્પો—હોલવાઇ ગઇ તે નાર, અદ્રષ્ટની ચિંતા કીધી; થરથર કંપે કાય, મનમાં ઘણું એક બીની, મુખે નવ બોલાય, મનમાં વિચાર આવે; મારા જારનું શીશ, એહતો કયાંથી લાવે, ટળી સુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધને સાન, તન નારનું રોયુ, હલકી પડી ગઇ છેક, પાણી મોતીનું ખોયું; કમળ કરમાઇ ગયું તે નારનું સામળ કહે સૌ સાંભળો, જયારે દહો પોતીકા જારને, ઉતરયો મનનો આંબળો.

ચોપાઇ—તે નારી તો ઝાંખી થઇ, ત્યારે કંથે વાણી કહી; કેમ નારી જુવો છો અરૂપરૂ, સ્ત્રી ચરીત્ર ખોટું કે ખરૂં, ત્યારે નારીએ જોડયા હાથ, સ્તુતિ કરવા માંડી સ્વામીની સાથ, ક્ષમા વાંક કરો મ્હારો. મેં ઘણો અપરાધ કરયો તાહરો પગે લાગે તે નરને નાર, રીસ ન કરશો મારા ભરથાર. નારી નીચ થઇ છે કથી, બુદ્ધી નારીમાં કાંઇએ નથી. મારા સ્વામી ચતુર સુજાણ, અવગુણ સાંખે તો ગુણવાન, એમ કહી નયણે નીરજ ભરયાં, ત્યારે ત્યાં બોલ્યો ભરથાર, શાને આવડું દુઃખ ધરો, તમે અપરાધ શાનો કરયો, એવું ઠામેઠામ મેં જોયું કથી, એમાં વાંક તમારો નથી. સુખે નારી રહેજો તમો, એમ રીસ નથી કરતા અમો; ત્યારે નારી પણ પામી ઉલાસ. સુખે રહી સ્વામીની પાસ, પછે મનમાં વિચાર્યું તે ઠામ, તે પેલી નારીનું કામ; મહારો સ્વામી મુરખ ઘણું; શું સમજે ચરિત્ર ચતુરાતણું, પેલી નારી લાવ્યો ભરથાર. તે નારે કીધો હુસિઆર, દેખાડી દીધું મહારૂં ચરિત્ર; તેથી વાત થઇ વિપરીત, પછી સોકયો બે એકઠી મળી, એક એક સાથે હળીમળી; ખાય પીયે ને દિન નિર્ગમમે, કરે વિનોદ બંને જણ રમે, એહ વાત અહિં પુરી થઇ,. કસ્તુરાવતીયે બરાસને કહી; એવાં છે નારીનાં ચરિત્ર, તેની શું પુરૂષ જાણે રીત.

દોહરા—કસ્તુરાવતી કહે રાયજી, નારી ચતુર સુજાણ પુરૂષ બિચારો શું કરે, અક્કલ વિનાનો અજાણ. તે સોમદત્ત સમજયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહીં. નવ સમજ્યો ભલો શેઠ; પેલી ગુણકા મલી જ્યાહરે, ઠીક પહોંચાડયાં ઠેઠ. ગુણકાએ મેળવી નારને, જેહ રતનમાલ છે નામ; તે નારિયે ચરિત્ર કર્યું, પાર પાડયું સૌ કામ. જો ગુણકા નાર મળે નહિ તો શું કરે સોમદત્ત રીત; સો પુરૂષ એકઠા મળે, તોયં ન જડે સ્ત્રીચરિત્ર.

ચોપાઇ—એવી વાત કરી જ્યાહરે, રાજાને ગુસ્સો ચડયો ત્યાહરે; રક્તજ થઇ ગયાં લોચન, ઉતરી ગયું રાજાનું મન. જુઠી વાત મુજ આગળ ભણો, પુરૂષને લેખામાં નહી ગણો; હવે તહારે મહારે શેનો સંબંધ, તુટયો તારો માહરો સંબંધ. હવે તું નારી ને હું નર નહીં, એહવી બરાસે વાણી કહી; નારીએ વિચાર્યું મન મોઝાર, રીસાઇ ગયો જાણે માહરો ભરથાર. ઘણે દહાડે હું પામી કંથ, વળી જતા રહે છે પંથ; કાલાવાલા કર્યાં ઘણા, કસ્તુરાવતીએ બરાસતણા. સ્વામી એ તો સ્હેજમાં વાત થઈ, એનો ક્રોધ તમારે કરવો નહીં; સ્ત્રી અલ્પ બુદ્ધિ અજ્ઞાન, વાત કહીને થઈ અજાણ. મુરખછે નારીની જાત, ન જાણે વિવેક વિચારની વાત; હવે મહારા સમ જો ધરો દુખ, શામાટે ઉતરી ગયુ મુખ હવે આલિંગન લીજીએ, એહ વાતનો શોક મુકી દિજીએ; નીસાસા મુકે વારંવાર, પણ બરાસ નવ બોલે લગાર. પછી કસ્તુરાવતી પસ્તાઇ ઘણી, સ્તુતિ કરે ને સ્વામીતણી; નવ ખાધું નવ પીધું તહીં, રાત પડી ને સુતાં જઈ. મુખે નથી બોલતો લગાર, સાંભળ્યો વજીરતણો કુમાર; નારી કાલાવાલા કરે, બરાસ રાજા મનમાં નવ ધરે. તે વળગવા જાય જ્યાહરે, છંછેડી કાઢે ત્યાહરે; એમ કરતાં મધરાતજ ગઇ, નારી તો નિદ્રાવશ થઇ. ત્યારે બરાસે વિચાર્યું મન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે તે ઉથી સ્ત્રીજન; દોરડું બારિયે બાંધ્યું સાર, ત્યાંથી નીકળી નાઠો બહાર, દરવાજા પાસે આવ્યો સહિ, ત્હારે દરવાજો ભીડેલો તહીં; છાનો માનો બેટો તે ઠાર, તે દરવાજે નીકળ્યો બહાર. વળી લીધો છે ફકીરનો વેષ, રટણ કરેછે દેશોદેશ; મનમાં એમ કર્યો વિચાર, મળી જાય વજીરનો કુમાર. એમ વિચારી ફરતો ફરે, વજીર સુતને મનમાં ધરે; મળે મુજને મિત્ર સાક્ષાત, તો સુખ દુખની કરીએ વાત. એમ વિચારી ચાલ્યા જાય, જુવે નહીં ડુંગરને ગુફાય; એહ વાત એટલેથી રહી, કસ્તુરાવતીની શી ગત થઇ.

દોહરો—નારી નિંદ્રાવશ થઇ જ્યાહરે રહી પાછલી રાત; સ્વપ્ન થયું તે નારને, તે કહું વિસ્તારી વાત. જાણે સ્વામી રીસાઇ ગયા, બાંધી અંગ હથીયાર; ત્યારે કાલાવાલા કરે ઘણા, તોય માને નહીં ભરથાર. સ્વામી કહે હું કંથ નહિ, તું નહિં મહારી નાર; તરછોડી નાંખી નારને, નાઠો ત્યાંથી ભરથાર. નારી છેડે વળગી પડી, ન જાશો મહારા ભરથાર; રોઇને ઘણું કળકળી, એટલે ઝબકી ઉઠી નાર. સ્વામી દીઠો નહિં સ્હેજમાં, પડી પેટમાં ફાળ; મુર્છાગત થઇ નારી પડી, હવે આણું મહારો કાળ. શીષ કુટે ને હઇયું હણે, તોડે માથાના કેશ; હાય હવે હું શું કરૂં, કંથ મેલી ચાલ્યો પરદેશ.

ઢાળ ઉદાશી—કસ્તુરાવતી ઘણું ટળવળે, મેહેલની મોઝાર; તદન નિરાશ મુજને કરી, એમ ન ઘટે મુજ ભરથાર. આવી વાત મેં શાને કરી, જેથી સ્વામીને લાગ્યું માઠુ રે; એ રીસ ચઢાવી નાશી ગયા, એ દુખે પંડ પાકું રે. એકવાર સમુદ્રમાં પડી, ત્યાંથી પ્રભુએ લીધી ઉગારી; વળી ભોગ અધુરા હતા, જે મેં વાત એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહાડીરે. એ કુમળા માહરા કંથજી, જુઓ રાંકડી સામું રે; અલ્પ અપરાધ માટે તજી ગયા છે, મહા કષ્ટ તેથી પામું રે. નવ ઘટે પ્રાણજીવન માહરા, આમ તજી જાવું રે; જો મુજને કહી ગયા હોત તો, હું પણ પાછળ આવુ રે. મેં જાણ્યુ જે હાંસી કરૂં છું, હાંસી માં થઇ હાની રે; અરે પાપી માહરા પ્રાણીયા, કેમ બેસી રહ્યા ઘટમાં અદ્યાપિરે. એ કપુરાવંતી મુજ માવડી, એ કપુરસેન તાત-રે; એ કોસંબી દેશના રાજીયા, બરાસ તે માહરો નાથરે. પેલે ભવ તરછોડેથી, હંસતણો અવતાર; આ ભવ તરછોડી ગયા છો, માહરા પ્રાણજીવન આધારરે. હે પ્રભુ હું કોની ને કોણતણી, માહરૂં હૈડું કોણરે; તમ વિના નિશ્ચે મરૂં, કહાડું કહો તો પ્રાણરે. જો સંતાયા હો તો છતા પડો, હવે નથી રહેતી ધીરરે; પ્રાણજીવન પ્રાણ જશે, એમ કહીને ભરતિ નીરરે. પેલે ભવે કર્મ સૌ કર્યાં, કાંઇ ધાવતાં છોડાવ્યાં બાળરે; કે કાંઇ વિશ્વાસઘાત કરી, તોડી સરોવર પાળરે. કે બ્રાહ્મણની નિંદા કરી, કે કર્યા કન્યા વિક્રયરે; કે કુડાં ચડાવ્યાં આળ, કે ગાયોને દીધી ગાળ. એમ કરે વિલાપ કામની, ભામિની ચોદેશ ભાખેરે; મેલી વેલી જુવે પેહેલી, બળતાને કાં બાળેરે. પછે ભયભિત થઇ, મન વિચારે વાતરે; હવે મળવું નહિ થાય નાથજી, માટે કરૂં દેહની ઘાતરે. પછે કેશતણો ફાંસો ઘાલ્યો, વળી વિચાર્યું મનરે; એમ જીવ કાઢે સિધી નથી, માટે ખોળું મુજ ભરથારરે.

ચોપાઇ—પછે વિચાર્યું મનમાં સાર, રડે જડે નહિ મળે ભરથાર; માટે ધીરજ રાખું મન, ખોળવાને કરૂં ઉદ્યમ. પાછલી રાત્રી જ્યારે થઇ, લીધો પુરૂષનો વેષજ સહી; સુંદર શોભે તેની કાય,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણે કોઇ પૃથ્વિનો રાય. જેના તેજથી સૂરજ ઝંખવાય, પુરૂષ દેખે તે લજવાય: અશ્વપાણી પંથે સજ કર્યો, તે પર સ્વાર થઇનીસર્યો નીકળ્યો ત્યાંથી રાતોરાત, કોઇએ ન ઓળખી સ્ત્રીની જાત; અશ્વ મારી મેલ્યો તહીં, કાંઇ નવ ગણે લેખા માંહી. ખેડખેડ કરતો જાય, દેશે દેશ જોતો જાય; દેશાટન કરતાં બહુ દિન વહ્યા, પછે તેના શા ઉપાય થયા. એક સુબાહુ નામે રાજન, તેનો વીરભદ્ર નામે તન; તે મરગીયા રમવાને જાય, તે આવ્યો વનની માંહે. તે માર્ગમાં જાય જેટલે, પેલો પણ માર્ગમાં મળ્યો તેટલે; તે વિચાર કરે છે મન, નખશીખ નિહાળું તેનુ તન. તેણે વિચાર કર્યો સર્વથી, એ નારી છે પણ નર નથી; પાસે જઇ તે ચર્ચા જોઉં, મારા મનનો સન્દેહ ખોઉં. એમ કહીને પાસે ગયો, પાસે જઇને બોલજ કહયો; ઘોડો લગભગ લીધો પાસ, મુખ થકી બોલ્યો ઉલાસ. કોણ રાજા તણા કુમાર, પ્રાક્રમ દીસે છે અપરંપાર;એકાએક એકલાછો જાત, સાથી સંગાતી નથી કોઇ પાસ. તેણે પણ જુહાર કીધો સહી, પછી મુખથી વાણી કહી; તમો પણ ક્ષત્રીના તન, કેમ એકલા આવ્યા વન. કસ્તુરાવતી નગરી તે સાર, તહાંતણા અમો રહેનાર; કામસેન છે માહરૂં નામ, આવ્યા મ્રગયા રમવા કામ. ભુલા પડયા તે વનમાં ભમ્યા, દુઃખ બહુ દેહમાં સમ્યા; ત્યારે બોલ્યો વીરભદ્ર રાજન, હતો કપુરસેનનો તન આ સમીપે નગરિ છે સાર, તહાં પધારશે રાજકુમાર; થાક ખાઓ ને સુખીયા થાઓ, દિવસ એક રહિને જાઓ. તારે કામસેને વિચારી પેર, ગયો તેની સંગાથે ઘેર.

દોહરો—ઘેર લાવ્યો ગુણનિધી, વપુએ વિચારી વાત; જોઉં ચર્ચા એહની, જે થાય દિવસ ને રાત. જો સ્ત્રી ઠરશે નિશ્ચે સહી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખીશ ઘરમાં નાર; ભોગવીશ ભામીની આપથી મન વિચાર્યું તે ઠાર. રાત દિવસ ચર્ચા જુવે, ચાકરી કરે અપાર; પણ પલક એક પકડાય નહિ, નાવે સમજણ નાર. ત્યારે વીરભદ્ર એમ બોલીયા, સાંભળ કામસેન મુજ મીત્ર; એક ગુપ્ત વાત તમને કહું, તું છે પરમ પવિત્ર. નાર છે સુંદર અતિ ઘણી, મુજમાનીતી છે સાર; મારે તન મન જુદું નથી, પ્રીતછે અપરંપાર. તેણે મુજને દેહ સોંપી, તનમન મારી પાસ; તે ભામીનીને હું ભોગવું, કરૂં છું રંગવિલાસ. હવે તમે મારા મિત્ર થયા, વળી છીએ એક જાત; માટે તમારી આગળે, ભાગી મનની ભ્રાંત. એક મીજબાની કરીએ સહી, મારી વાડી માંહે; તે નારી પણ આજે આવશે, તમો જરૂર આવજો ત્યાંહ. ત્યાં ખાનપાન કરીએ બેઉ જણા. આપણે ભોગવીયે નાર; મિત્ર માટે તમને કહું, બીજાને કહુ ન લગાર. સરખે સરખા બે જણા, માટે કહિ મેં વાત; એ સ્ત્રી રંભાછે સહી, આપણે રમીશું આખી રાત. વળી કોઈ જાણે નહી, એવું કરીશું કાંમ; માટે બે ઘડી રાત જશે તહાં, જરૂર આવજો તે ઠામ. ત્યારે કસ્તુરાવતીએ વિચારીયું, એ કરે સર્વ મુજ કાજ; કાંઇ બુદ્ધિ લગાડું આ સમે, રાખું માહરી લાજ. પછે બુદ્ધિ વિચારી બોલીયો, સુણ વિરભદ્ર રાજન; વાત તમારી સાંભળી, ઘણું હરખ્યું મુજમન. કારણ મારા મનતણું, તે સાંભળો વૃત્તાંત; તમે મારા મિત્ર છો, માટે ભાગુ તમારી ભ્રાંત.

ચોપાઇ—એક વાર તે સમે શું થયું, તે તમ આગળ માંડીને કહું; એક હુંને મારો મિત્રજ સાર, નીકળ્યાના મ્રગયાએ બહાર. હરણ બહુ દેતાંતાં ફાળ, અમે બેહુએ આણ્યો પશુનો કાળ. એટલામાં શું કઉતુક થયું, અરે મિત્ર તમને શું કહું. એક મૃગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૃગલી બે જણાં, રહેવાસી તે વનજતણાં; તે નર નારીને સ્નેહજ ઘણો, દીવસે વીહાર કરે તેતણો. અમને તેનું નહોતું ભાન, મેં અજાણ્યે મારયું બાણ તે મૃગના તો નીકળ્યા પ્રાણ. તે મૃગને તે વાગ્યું જઇ, રંગમાં ભંગ પડયો છે તહી, ત્યારે હું પાસે ગયો નીરવાણ, મૃગલી પાસે બેઠો તે ઠામ. મૃગલી બેઠી કરે રૂદન,પછી ક્રોધથી બોલી વચન. ધીક ધીક કહ્યું તે વાર, કહ્યું રાજા તને ધીકાર. તેં રંગમાં ભંગ કીધો સહી, હવે તું જીવવાનો નહી. અર્ધો વીહાર કરયો તે ઠાર, એવામાં માર્યો ભરથાર. પુરૂષ સંગ કરવા દીધો અજાણ, અધવચ લીધો મૃગનો પ્રાણ. તે માટે શ્રાપ દેઊં છું અમો, ચેતવું હોય તો ચેતજો તમો. સ્ત્રીસંગ કરશો જ્યાહરે, અધવચમાં મરશોત્યાહરે; પુરો સંગ થવાનો નથી, અધવચ પ્રાણ જશે સર્વથી; જ્યારે કહી મૃગલીએ વાત. થરથર કંપ્યાં મારાં ગાત્ર. મેં રાખી મારા મનમાં ધીર, નેત્રેથી વહ્યાં બહુ નીર, કાલાવાલા કીધા મેં ઘણા, વીનય કર્યા તે મૃગલી તણા મારી નારી ચતુરસુજાણ, મુજને જાણે તન મન પ્રાણ; હજી તો ઇચ્છા મનમાં રહી, ભોગ પુરા ભોગવ્યા નહી. ત્યાં નારીને મન આરત ઘણી, ભોગ વીલાસ ભોગવવાતણી, તેની પુરી પડી નહી આશ. હવે ભોગવું તો થાએ નાશ. મેં અજાણે કીધી વાત, જાણ્યા વીના કીધી ઘાત. માટે ક્ષમા કરો સર્વથી, એવો શ્રાપ દેવો ઘટતો નથી. ત્યારે તેને આવી દયા, એવા દીલના બોલજ કહ્યા. કહ્યું જે સ્ત્રી ભોગવજો આપ, તે શ્રાપ મેં કીધો માફ. તમે પરસ્ત્રી સંગ કરશો જ્યાહરે, નીશ્ચે ત્યાં મરશો ત્યાહરો; એવું કહીને મૃગલી ગઇ, મારા જીવને શાંતી થઇ. એવો શ્રાપ મુજ માથે સહી માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરસ્ત્રી સંગ થાયે નહી, તમે તો કહો છો સુખને કાજ. પણ મારૂં મોત છે તેમાં આજ, માટે સુખે રમજો તમો, તેની સાથે નહી રમીએ અમો; અમથી તો ત્યાં નહી અવાય, એવું કહી સમજાવ્યા રાય. તે પણ માન્યું સાચું સહી, એ વાત કાંઇ જુઠી નહી. હવે પ્રપંચ કરૂં હું સાર. એ નીશ્ચે કરવો નીર્ધાર. એમ વીચારી વીરભદ્ર ગયો. પછી કામસેનને અંદેશો થયો; રખે વિચાર કાંઇ ચહાતો હોય. ચર્ચા મારી નીશ્ચે જોય. માટે અહીઆં રહેવું નહી. એવું વિચારયું કામસેને તહી; રાતોરાત ત્યાંથી પરવર્યો, વળી અઘોર વનમાં નીથર્યો દુર મજલ તે ચાલ્યો જાય. કોઇને ગણે નહિ લેખામાંહ્ય; એમ દીવસ ઘણા ગયા વહી, એક નગર આવ્યું છે તહી.

દોહરા—નગર એક રળીઆમણું, જાણે ઉગ્યો ભાણ; તે નગરમાં કુંવર ગયો. જે કપુરસેનનો તન; ઉતર્યો જઇને વાડીએ, અશ્વ બાંધ્યો તે વૃક્ષ; શોભે નઉતમ તેહતણી, જોયા કરે સઉ ચક્ષ સુતા સોડ તાણી સહી, નિદ્રાવશ થઈ દેહ; એટલે માલણ વાડી તણી, વાડીમાં આવી છે તેહ, સુતો દીઠો તે મનુષ્યને. માલણ વિસ્મય થાય; તે પાસે આવી જેટલે, એટલે ઝબકી બેઠો થાય; ત્યારે માલણ કરજોડી કરી, વિનયથી બોલી વાણ. તમે કોણ દેશના અધીપતી, કોણતણા છો તન; કયાંથી આવ્યાને કયાં જશો આ નગરમાં શું છે કામ? બાળે વેશે બહાર નીસર્યા, શું છે તમારૂં નામ. ત્યારે રાજકુંવર કહે માલણી, સુણ મારા મનની વાત. કપુરસેન નગરીનો અધીપતી, કપુરસેન મુજ તાત. કામસેન નામ અમતણું, મૃગયાએ નીકળ્યા બહાર; અમે આ વનમાં ભુલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડયા. તે આવી પોત્યા આ ઠાર. હું તને પુછું માલણી. આ નગરનું શું છે નામ? રાજા એનો કોણ છે? સુખ દુઃખ કેવાં છે ગામ શું રાજાને પરિવાર છે સુખ દુઃખ વૃધને હાણ. તે સઉ અમને કહો સહી સંભળાવો સાચી વાણ. ત્યારે માલણ કહે રાજા સુણો, તે કહું સઘળુ વૃત્તાંત; તમો મંદીર આવો માહરે, તો ભાગું મનની ભ્રાંત, રાજકુંવર એવું સાંભળી. મનમાં થયો મગન; ત્યાંથી પોતે ચાલીયો. આવ્યો માલણને ભુવન. માલણ હેત ધરે ઘણું, જાણે પેટનો તન. ત્યારે રાજકુંવર કહે માલણી. કહું મારા મનની વાત, આ નગર દીસે રળીઆમણું. એનો કોણ છે રાજાય; સુખ દુખ કેવું છે શહેરમાં, સાચી કહો વાર્તાય. ત્યારે માલણ કહે સુણો અધીપતી. આ નગરનું વર્ણન. તે તમને પ્રિતે કહું, તે સાંભળો રાજાન, હવે માલણ કહે સુણો રાયજી, તે નગરની શોભાય. સુખ દુઃખને હાણ વરધ, કહું સર્વે વાર્તાય.

ચોપાઈ—ત્યારે માલણ કહે સાંભળરે રાય. આ ચંદ્રાવતી નગરી કહેવાય એક છે ચંદ્રમુખી કન્યા સહી. એના સરખી બીજી નહી, ઘેરઘેર સદાવ્રત હરીકથાય; પુત્રની પેરે પાળે પ્રજાય. પ્રધાન પણ સુબુદ્ધિ સહી. એમ વાત રાજાની કહી; રાજકુંવર કહે માલણ માય. મુજને એક કહો વારતાય. ત્યારે માલણ કહે સાંભળરે રાય, તે કુંવરી રૂપની છે રંભાય. ભણીગણીને હાહી ઘણી, શી શોભા કહું કુંવરીતણી, રાજા તેને પરણાવા કહે. ત્યારે કુંવરી ના ઓચરે. મારા મનમાં પણજ કરૂં. મન માને તે સાથે વરૂં; સમસ્યા મારી પુરશે જેહ. અમો વર વરીશુ તેહ; તે શું જાણે એ સમશાય. એવી હઠ ધરી મનમાંય. કોઇથી એનો અર્થ થતો નથી.; માટે કન્યા કુંવારી સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ર્યથી. અર્થ કરનારો મળશે જ્યાહરે. તે કન્યા વરશે ત્યાહરે એવી સાંભગી માલણની વાત. ત્યારે બોલ્યો તેની સાથ. કુંવરીએ સમશા કીધી હશે જેહ. નિશ્ચે અર્થ કરીશું તેહ. પણ એક મુજને બાધા જાણ. પણ હું પરણું નહિ નિર્વાણ; સમશા એના મનની કહું. પણ એ કન્યા હું તો ના લઊ. એ મન ધરતી હશે અહંકાર. આ પૃથ્વીમાં નથી કોઇ કહેનાર. માટે એનો મટાડુ મેડ, સમશા કહીને જીતું હોડ. પરણ્યાની તો કહું સમશાય, ત્યારે માલણ બોલી ત્યાંય; તમ વચનથી તો હું જાઊ, કુંવરી પાસે વધામણી ખાઊ. એવું કહીને ચાલી નાર, કુંવરી કેરા મહેલ મોઝાર. કુંવરીને જઇ કર્યા પ્રણામ. મુજને આપો કાંઇક ઇનામ, કપુરસભાવતી નગરી કહેવાય, તેનો કપુરસેન રાજાય. તેનો કામસેન નામે છે તન, તે આવ્યા મારે ભોવન. તેણે મને પુછ્યો વૃત્તાંત, ભાગી મારા મનની ભ્રાંત; એ કુંવર કહે સમશા કહું સહી, પણ કન્ય મારે પરણવી નહિ.

દોહરો—માલણ કહે સુણ કુંવરી, સાચી કહીએ પેર; સમશા તારી પુરશે, તે ઉતર્યો અમ ઘેર. તે ચંદ્રમુખીએ સાંભળ્યું, માલણના મુખની વાણ; કુંવરી તે વ્યાકુળ થઇ, તલપવા માંડયો પ્રાણ. સાંભળ માલણ માનુની, મુને થઇ હાંસીને હાણ; હઇએ ધીરજ રહેતી નથી, જઇ વળગ્યો ત્યાં પ્રાણ. વળી ચિંતા એક ઉપની ધીરજ રહે નહિ કાંય; સમશા એ કહેશે ખરી. પરણવાની કેમ કહે નાય. મેં પણ તે માટે કર્યું, જે કોઇ ચતુરસુજાણ: તે સમશા પુરશે માહરી, તેને ગ્રહીશું પ્રાણ: મીથ્યા થઇ ગયું માહરૂ. હવે શું કરશે કીરતાર. નીમીત માત્ર સમશા કરી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોવી ચાતુરી ભરથાર; વિચારયું વાચે ગયું, માલણે શી કરી પેર વળી રૂપ વરણુવ્યું તે તણું, વળી પરાક્રમે ઘણું જોર, તેથી જીવ રહેતો નથી, હવે મનમાં બહુ પસ્તાય. હવે શું કરૂં ને શું થશે; હવે ક્યાં જાઉં હુંય, એવો બીજો નર મને, મળે રૂપ ગુણનો ભંડાર, રૂપ હશે ત્યાં ગુણ હશે, ગુણ તીહાં રૂપ નહિ લગાર; પછી મંદીરમાં ગઇ માનની, કીધો મન વિચાર; પત્ર લખ્યો એક પ્રિતથી, ચતુરાઇથી નીરધાર.

ચોપાઈ—એમ પત્ર લખ્યો તેવાર, ઘરમાંથી આવી તે બહાર; માલણને કહેજો તમો આ પત્ર આપુ છું અમો પ્રતી ઉતર એનો લાવજો, વધામણી વળી કહાવજો, વળી મારા કેહેજો પ્રણામ, કહિએ કુંવરિ છે તમારે નામ એમ કહીને છાની રહી, માલણ પોતાને મંદીર ગઇ; કુંવરિને કહ્યો સમાચાર, કુંવરીએ કરયો જુહાર. કહિ કુંવરને સઘળી વાત, પત્ર હતો તે આપ્યો હાથ; તે વાંચો એકાંતે જઇ ચિંતા અદકી મનમાં થઇ વિનતાએ કર્યું છે પરણવા કાજ, હવે મહારી કેમ રહેશે લાજ; સમસાનિ હા કહેવરાવવી સહી, તેથી પસ્તાયો હું સહી હવે શો કરૂં ઉપાય, પ્રતીઉતર શો લખું તાંય; પછે મન વિચારી ચતુરસુજાણ. પત્ર એક લખ્યો નીરધાર.

છપ્પો—સાંભળ ચંદ્રમુખિ નાર, સારબુદ્ધિ છે તારી; મારે પણ મોટું કેણ, વાત માનજે તું મારી. મેં પરણવાના લીધા સમ, કેમ હું પરણું પ્રથમ; કહુ સમશાનો અર્થ, એછે મારો નીયમ; માટે સમશા વાત પ્રથમ કરો, પરણવાની વાત પછે સહી; શામળ કહે સહુ સાંભળો, આ પ્રતી ઉત્તર લખ્યો તહિ.

ચોપાઇ—સાંભળ નારી તું મારી વાત. મેં સાચો અક્ષર કહ્યો મુજ સાથ; પરણ્યાની પેર કીધી વાત, તે સારૂ મુકી આવ્યો માતને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાત. પ્રથમ અર્થ સમશાનો કરૂ, પછીથી હું પંથે પરવરૂ; માટે તારા બાપને કરતું જાણ, અર્થ આવી કરૂ પ્રમાણ. તારૂં ભાગ્ય મોટુ છે નાર; વળી આવી મળશે ભરથાર; અમારા ઉપરથી મન પરહરો, ધ્યાન અતીશે મન ન ધરો. જોઉ શમશા તેં શી ધરી, તે જાણ કરોને વેગે કરી; બીજી વાત કરજો સહી, પ્રથમ સમશા પુછો અહીં, એવી રીતે લખ્યો પત્ર, માલણ હાથમાં આપ્યો તરત માલણ ત્યાંથી વેગે ગઇ, કુંવરી પાસે ઉભી રહી, અંદેશો કીધો મન સહી, હવે એ નર આવ્યો જાયે કહી.

દોહરો—ચંદ્રમુખી ચતુર છે ઘણું, વિચારયું મનસાથ; પ્રથમ સમશા પુછીએ, પછી પરણવાની વાત. ધીમે ધીમે ઠરાવતાં, ધીમે સબ કુછ હોય; માળી સીંચે સો ઘણા, પણ રત બીન ફળ ન હોય. પ્રથમ તેડાવું મહોલમાં, કરૂ તાતને જાણ; જોઉ ચતુર કે મુરખ છે, પછી પરણું નીરવાણ. એમ વિચાર પોતે કર્યો, તેડી પાસે દાસ; તેને વિગત સરવે કહી, મોકલી રાજાની પાસ. તમો કહો તો રાયજી, ખરૂ કરૂ મુજ મન; માળી મંદીર આવીયો, કોઇ રાજાકેરો તન. તે કહે અર્થ અમો કરૂ, માટે આજ્ઞા આપો તાત; એને મહેલમાં તેડી કરી, હું પુછું મારી વાત, રાજા સાંભળી ખુશી થયો, કહી દાશીને પેર; કુંવરીને કહો તેડી કરો. એ વાત રાજાને ઘેર, મન માને તુજ દીકરી, તો પરણજો એની સાથ; એ વાતમાં રાજી થયાં, એવું કહાવિયું તાત. દાશીએ આવી કહી ચંદ્રમુખીને વાણ, તેડો કુંવરને તમો, કહાવ્યું છે રાજાન. માટે પ્રસન્ન થઇ તે પ્રેમદા, માલણને તેડાવી તરત; રાજકુંવરને મોકલો જે આવ્યો છે મહિપત્ય. માલણ ત્યાંથી પરવરી, કહી રાજાને પેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદ્રમુખી કુંવરી રાયની, તે તેડે તમને ઘેર. અર્થ પુછે સમશા તણો, મનાવો તેનું મન; કન્યા પરણો કોડામણી, જેવી રૂપ રતન.

ચોપાઇ—નેત્ર ઉઘાડી જુવે ઋષિરાય, કોણ છે રે માનવી આંય; કેમ તું અહીયાં આવિયો, તપ ભંગ કરવા લાગીઓ, ત્યારે બોલ્યો દીન વચન, એ કસુંબાનગરી રાજન; તેનો સુત બરાસ કહેવાય. તે આવ્યો પગે લાગવાય. તમ દર્શનનો ઘેલો છું રાય; પરણ્યો કસ્તુરાવતી કન્યાય; તમ પ્રતાપે લાવ્યો અહી, ક્ષમા કરો વાંક મારો સહી, એમ કહીને લાગ્યો પાય, અપ્રાધી તારો ઋષી રાય; ઋષિએ દીધો આર્શીર્વાદ, ધન્ય ધન્ય પુત્ર તારૂ ભાગ્ય. એમ કહીને મુકયો હાથ, લીધી કસુંબાકેરી વાટ; આવ્યા ગાંદરે મુકામ જ કર્યો, સઉને મનડે હરખજ ભર્યો. ચીત્રસેન જુવે છે વાટ, પુત્ર ન આવ્યો હજુ શા માટ, ભાટ આવી એમજ ભણે, બરાસ આવ્યો છે તમતણો, ન્યાલ કર્યો રાજાએ જેટલે, રાજા સભાથી ઉઠયો એટલે, હરષ ભરી સઉ મળવા જાય; ઉલાસ આણીને મન માંય.

દોહરા—રાજા આસનથી ઉઠીઓ, પ્રભાવતી સામી જાય; કુંવર આવ્યો જાણી કરી, મનમાં હરખ ન માય, ચીત્રસેન જાય તેડવા, પાછળ પ્રભાવતી માય. તે પુંઠે બેટયા જાઇ, રઇયત રંક ને રાય રાજા આવતો જાણીને, પુત્ર પગે પળાય, બેઉનાં હઈડાં હરખીઆં, પુત્ર લાગ્યો પાય; રાજા મિત્ર સઉ મળ્યા, ખોળે લીધા કુમાર. ફરી ફરી મુખ નિહાળીયું, ચીત્રસેન ભુપાળ તે પછી આ વ્યા નગરમાં, સાથે સઉ સેનાય; રઇયત હરખ અતી ઘણો, મન આં સઉ હરખાય. સભા ભરી સીંહાસને, બેઠા તાત ને તન; વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગત વાત માંડી કહી, જે વિત્યુતુ વન. તમ પ્રતાપે આવિયો; મા તને લાગ્યો પાય; કસ્તુરાવતી સ્ત્રી લાવિયો, તમ પ્રતાપે માય. ખાઓ પીઓ ખુબી કરો, ટળ્યા વહાલાના વિજોગ; બારે વરસે મળ્યા સહી, ભોગવે અતીશે ભોગ. શામળભટે વરણુવ્યું, બરાસ કસ્તુરી જોઠ; સઊ કર જોડી ત્યાં ભજે, જય જય શ્રી રણુછોડ. ગાય શીખે ને સાંભળે, મનતણો ભાગે ભેદ; વિજોગ ભાગે વા'લા તણો, એમ શાસ્ત્ર બોલે વેદ.

સમાપ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીવપુરાણ.

આ ગ્રંથમાં બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વરનું ઉત્પન્ન થવું દક્ષકથા તારકાસુર આખ્યાન, કામદેવનું દગ્ધ થવું, પાર્વતીનું તપ, શિવ વિવાહ, કાર્તિક સ્વામીની ઉત્પત્તિ, ત્રીપુરાસુર આખ્યાન, લિંગોત્પત્તિ ચંદ્ર ઉત્પત્તિ, દ્વાદશ જ્યોતિર્લિંગ. કથા—મહિમા, ગંગાની ઉત્પત્તિ તથા કાશી મહાત્મ્ય, ગૌતમ મહાત્મ્ય, પતિવૃતાના ધર્મ, શીવશહસ્ત્ર નામ, શીવરાત્રી કથા, પંચીકરણ, રૂદ્રાક્ષ તથા વિભૂતિ મહાત્મ્ય, એ વિગેરે ઘણી બાબતો તથા આખ્યાનો તેમાં આવેલાં છે, રામાયણ તથા ભારતના જેવું રસિક રાગ રાગણીથી બનાવેલું મ્હોટા કદનાં લગભગ ૩૦૪ પાનાં સોનેરી બાઈન્ડીગવાળું પુસ્તક છતાં.

કિંમત રૂ. ૪—૦—૦

પુસ્તક મળવાનું ઠેકાણું.

મીઆં બદરૂદીન હુસેનુદીન નીઝામી.

ત્રણ દરવાજા—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૪૦ પાનાનું [illegible]દાર પુસ્તક.

જાદુકળા સંગ્રહ.

આ ચમત્કારી પુ[illegible]કમાં મંત્ર સાધવાની રી[illegible]તી, સા-
[illegible] આત્મરક્ષા, વીંછી આહારીવી, ત[illegible] યક્ષણી
[illegible]ણી, શાકિણી ભુતાદીક કાઢવાના મં[illegible]ત્ર, સા
પના ઝેર વિગેરેના મંત્ર, વશીકરણ મં[illegible] નવ[illegible]તા, દેવાકર્ષણ
પીશાચીની, [illegible]ક્ષ, ભૈરવ, ઝાંપડી, [illegible] મંત્ર પરત્રશ કરવા,
[illegible]નસ્પતિ, વશીકરણ વિદ્યા, વિર સાધવાનો મંત્ર વગેરે સંખ્યાબંધ
મંત્રો સમાવેલા છે. તેમજ પાંજરામાં પક્ષીઓ દેખાડવાં; ટોપીમાં
પુષ્પ ઉગાડવાં વગેરે ઘણી જાતના જાદુના ખેલો ઉપરાંત શીવ-
લીંગ[illegible]જવાના લાભ જમીનમાં દાટેલું ધન જોવા તથા પાણી [illegible]
વાની રીત, મુઠમાંથી વસ્તુ કહેવાની રીત, સાપનો મોહરો બના-
વવાની રીત; વીંછી ઉતારનાર જાદુઇ જડીબુટી બનાવવાની રીત
વગેરે ઘણી બાબતો આપવામાં આવી છે (કિં. રૂ. ૧)

પુસ્તક મળવાનું ઠેકાણું.

મીઆં બદરૂદીન હુસેનુદીન નીઝામી બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.